غوجاراتي: ما لا يسع المسلم جهله

# તે વાતો, જેનાથી એક મુસલમાન અજાણ રહી શકતો નથી


લેખક

દુક્તૂર ખાલિદ બિન હમ્દ અલ્ ખરીફ

ح جمعية خدمة المحتوى الإسلامي باللغات، 1445 هـ
الخريف ، خالد بن حمد
ما لا يسع المسلم جهله - غوجاراتي. / خالد بن حمد الخريف ؛
جمعية خدمة المحتوى الإسلامي باللغات - ط.١ -. الرياض ، ١٤٤٥

178 ص ؛ 14 × 21 سم

ردمك: 978-603-8442-09-8

1445 // 18171

شركاء التنفيذ:

دار الإسلام    جمعية الربوة    رواد الترجمة    المحتوى الإسلامي

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع
الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص.

Tel: +966 50 244 7000
info@islamiccontent.org
Riyadh 13245- 2836
www.islamhouse.com

بسم الله الرحمن الرحيم

## પ્રસ્તાવના

દરેક પ્રકારની પ્રશંસા ફક્ત અલ્લાહ માટે જ છે, અમે તેની જ પ્રશંશા કરીએ છીએ, તેની પાસે જ મદદ માંગીએ છીએ, અને તેની પાસે જ માફી માંગીએ છીએ, અને પોતાના નફસ અને કાર્યોની બુરાઈથી અલ્લાહ પાસે પનાહ માંગીએ છીએ, જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ નથી કરી શકતું, અને જેને અલ્લાહ ગુમરાહ કરે તેને કોઈ હિદાયત નથી આપી શકતું, અને હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને એ પણ સાક્ષી આપું છું કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે.

ત્યાર બાદ: દરેક મુસલમાન માટે તેના દીનની તે વાતો જાણવી જરૂરી છે જેનાથી તે અજાણ છે, ભલેને તે અકીદહને લગતી હોઈ કે ઈબાદતને લગતી અથવા વ્યવહારને લગતી હોઈ, અને તેના માટે અલ્લાહના દીનથી આ રીતે મોઢું ફેરવવું કે તે ન તો દીનની વાતો શીખે અને ન તો તેના પર અમલ કરે, જાઈઝ નથી. પરંતુ તેના માટે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરવું જરૂરી છે, જેનાથી તેનો દીન કાયમ રહી શકે, જેથી તે અલ્લાહની ઈબાદત જ્ઞાન સાથે કરી શકે, ન તો તે નસ્રાનીઓની જેમ અનુસરણ કરે, જેઓ ઇલમ (જ્ઞાન) વગર અમલ કરે છે, ન તો યહૂદીઓની જેમ અનુસરણ કરે, જેઓ ઇલમ (જ્ઞાન) તો ધરાવે છે પણ અમલ નથી કરતા, અલ્લાહથી દુઆ છે કે તે આપણને યહૂદીઓ અને નસ્રાનીઓના માર્ગથી દૂર રાખે, (આમીન)

તે સત્યતા જોઈ કે લોકોની વધુ સંખ્યા દીનના નિયમોથી અજાણ છે, સિવાય કે અમુક લોકો જેમના પર અલ્લાહની કૃપા થઇ છે, મેં નક્કી કર્યું કે અકીદહ અને ઈબાદતની તે બાબતો વિષે કઈક લખું, જેની જરૂરત દરેક મુસલામન પુરુષ અને સ્ત્રીને હોઈ છે.

આ કિતાબ ત્રણ ભાગમાં વહેંચાયેલી છે:

પહેલો ભાગ: અકીદહનું વર્ણન.

બીજો ભાગ: ઈબાદતનું વર્ણન.

ત્રીજો ભાગ: મુઆમલા (બાબતો) વિષેનું વર્ણન.

ઇઝ્ઝતવાળા અલ્લાહ સમક્ષ દુઆ કરું છું કે આ કિતાબને દરેક વિદ્યાર્થી માટે ફાયદાકારક બનાવે, અને આ કિતાબને ફક્ત તેના માટે જે એક નિખાલસતા સાથે અમલ તરીકે કબૂલ કરે, ખરેખર તે ઘણો જ ઉદાર અને કૃપા કરવાવાળો છે. અને ઘણા દરૂદ અને સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ ﷺ, તેમના સંતાન અને તેમના દરેક સાથીઓ પર.

લેખક: દુક્તૂર ખાલિદ બિન હમ્દ અલ્ ખરીફ

# અકીદહનું વર્ણન.

## પહેલો વિભાગ: ઇસ્લામનો અર્થ અને તેના અરકાન (સ્તંભ)

ઇસ્લામ તે છે: અલ્લાહની તોહીદનો સ્વીકાર કરવો અને અલ્લાહ સમક્ષ માથું જુકાવી દેવું, આજ્ઞાકારી બની તેનો આદેશ માની લેવો અને શિર્ક અને શિર્ક કરવાવાળાઓના માર્ગથી દૂર રહેવું.

તેના પાંચ અરકાન (સ્તંભ) છે:

પહેલો રુકન: ગવાહી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે.

બીજો રુકન: નમાઝ કાયમ કરવી.

ત્રીજો રુકન: ઝકાત આપવી.

ચોથું રુકન: રમઝાન મહિનાના રોઝા રાખવા.

પાંચમો રુકન: જો શક્તિ હોઈ તો અલ્લાહના પવિત્ર ઘરની હજ કરવી.

# તૌહીદની મહત્ત્વતા:

જાણી લો કે અલ્લાહ એ પોતના સર્જનીઓને ફક્ત એટલા માટે પેદા કર્યા છે કે તેઓ ફક્ત તેની જ ઈબાદત કરે અને તેની સાથે કોઈને ભાગીદાર ન ઠેરવે, અલ્લાહ તઆલાએ કહ્યું:{અમે જિનો અને માનવીઓ ને ફક્ત અમારી ઇબાદત માટે પેદા કર્યા છે} [અઝ્ ઝારિયાત: ૫૬], અને તેની ઈબાદત ફક્ત ઇલ્મ (જ્ઞાન) વડે જ થઇ શકે છે, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {તો (હે પયગંબર) તમે જાણી લો કે અલ્લાહ સિવાય કોઇ બંદગીને લાયક નથી અને પોતાના માટે અને ઇમાનવાળા પુરૂષો અને ઇમાનવાળી સ્ત્રીઓના માટે પણ ગુનાહોની માફી માંગતા રહો, અલ્લાહ તઆલા તમારા લોકોની હરવા-ફરવા અને રહેઠાણને ખુબ સારી રીતે જાણે છે} [મુહમ્મદ: ૧૯], જેવુ કે અલ્લાહ તઆલા એ આ આયતમાં વાત અને કાર્ય પહેલા ઇલ્મ (જ્ઞાન) નું વર્ણન કર્યું, અને જેમાં સૌથી મહત્વની વાત શીખવાની છે, તે ઉચ્ચ અલ્લાહની તૌહીદ છે; કારણકે તે દીનનો પાયો છે, અને તૌહીદ વગર દીન કાયમ નથી થઇ શકતો, અને આ જ એક મુસલમાનનું પહેલું અને છેલ્લું વાજિબ કાર્ય છે, અને તૌહીદ ઇસ્લામનો પહેલો રુકન (સ્તંભ) છે, દરેક મુસલામન પર ઇસ્લામના પાંચેય અરકાન નું ઇલ્મ પ્રાપ્ત કરવું અને તેમના પર અમલ કરવો જરૂરી છે, જેવું કે અબ્દુલ્લાહ બિન ઉમર રઝી. ની હદીષમાં વર્ણન કરવામાં આવ્યું તે કહે છે: મેં નબી ﷺ ને કહેતા સાંભળ્યા: «ઇસ્લામના પાંચ (સ્તંભો) છે: સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ સાચો મઅબૂદ (ઈબાદતને લાયક) નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, નમાઝ કાયમ કરવી, ઝકાત આપવી, રમઝાન મહિનાના રોઝા રાખવા, અને બૈતુલ્લાહની હજ કરવી». મુત્તફકુન અલૈહ (બુખારી અને મુસ્લિમ).

જેથી એક મુસલમાન માટે તૌહીદને સમજવી વાજિબ અર્થાત્ જરૂરી છે, જે ફકત એક અલ્લાહની ઈબાદત કરવી છે, અને તેની

ઈબાદતમાં કોઈને ભાગીદાર ન બનાવવા, ન તો કોઈ નજીકના ફરિશ્તાને ન તો કોઈ પયગંબર ને.

## «“લા ઇલાહ ઈલ્લલ્લાહ” (અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી)» નો અર્થ:

બંદો સંપૂણ યકીન સાથે તે વાતનો એકરાર કરે કે ઉંચ્ચ અલ્લાહ સિવાય કોઈ સાચો ઇલાહ નથી, તે ફક્ત એક અલ્લાહની ઈબાદત કરે અને ઈબાદતના દરેક પ્રકારને ફક્ત તેના માટે જ નિખાલસ કરે, જેમકે દુઆ, ડર, ઉમ્મીદ, ભરોસો કરવો વગેરે જેવી ઈબાદતો.

આ સાક્ષી બે ભાગ વગર પૂરી થઇ નથી શકતી:

પહેલો ભાગ: અલ્લાહ સિવાયના દરેક જુઠા પૂજ્યો, ઈલાહો અને મઅબૂદો અને તેમની ઈબાદતનો ઇન્કાર કરવો.

બીજો ભાગ: ફક્ત એક અલ્લાહ માટે દરેક પ્રકારની ઈબાદત અને એકતાને સાબિત કરવી, અલ્લાહ તઆલાએ કહ્યું: {અને દરેક કોમમાં એક પયગંબર મોકલ્યા, (જે તેઓને કહેતા હતા કે) અલ્લાહની ઈબાદત કરો અને તાગૂતથી બચો} [અન્ નહ્લ: ૩૬].

## (લા ઇલાહ ઈલ્લલ્લાહ)ની શરતો:

પહેલી શર્ત: ઇલ્મ (જ્ઞાન) જે અજ્ઞાનતાની વિરુદ્ધ હોઈ.

બીજી શર્ત: એવું યકીન જે શંકાની વિરુદ્ધ હોઈ.

ત્રીજી શર્ત: ઇખ્લાસ જે નિફાક (દંભ) ની વિરુદ્ધ હોઈ.

ચોથી શર્ત: સત્ય, જે જુઠની વિરુદ્ધ હોઈ.

પાંચમી શર્તઃ મોહબ્બત જે નફરત વિરુદ્ધ હોઈ.

છઠી શર્તઃ આજ્ઞાકારી જે અવજ્ઞા વિરુદ્ધ હોઈ.

સાતમી શર્તઃ સ્વીકાર જે અસ્વીકાર વિરુદ્ધ હોઈ.

આઠમી શર્તઃ અલ્લાહ સિવાયના દરેક જુઠા પૂજ્યોનો ઇન્કાર.

અને આ દરેક શર્તો પર અમલ કરવો વાજિબ છે.

અને આ ગવાહી ફક્ત નિખાલસતા સાથે અલ્લાહની ઈબાદત કરવાથી સાબિત થશે અને તેમાં અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ન બનાવે, અને તેની માંગ એ છે કે અલ્લાહ સિવાય કોઈને પોકારવામાં ન આવે, અને તેના પર જ ભરોસો રાખે, તેના સિવાય કોઈનાથી ઉમ્મીદ ન રાખે, અને અલ્લાહ સિવાય બીજા કોઈના માટે ન તો નમાઝ પઢે ન તો જાનવર ઝબેહ કરે. કેટલાક લોકો જે કબરોની આસપાસ તવાફ (પરિક્રમા) કરે છે, કબરની અંદર રહેલા લોકોથી ફરિયાદ કરે છે, અને અલ્લાહને છોડી તેઓ પાસે દુઆ માંગે છે, આ અલ્લાહની ઈબાદતમાં શિર્ક છે, જેથી આ પ્રકારના કામોથી ચેતીને રહેવું અને બચવું જરૂરી છે, કારણકે આ પ્રકારના કામ મુશરિકો (શિર્ક કરવાવાળા) જેઓ અલ્લાહને છોડી, વૃક્ષ, પથ્થર અને મૂર્તિઓની ઈબાદત કરે છે તેઓ કરે છે, આ તે જ શિર્ક છે, જેનાથી સચેત કરવા અને બચાવવા માટે કિતાબો ઉતારવામાં આવી અને પયગંબરો મોકલવામાં આવ્યા.

## આપ ﷺ માટે ગવાહીનો આપવાનો અર્થ:

આપ ﷺ ના આદેશોનું પાલન કરવું, અને જેના વિશે તેમણે ખબર આપી છે, તેને સત્ય માનવું, અને જે કાર્યોથી તેમણે રોક્યા છે, તેનાથી રુકી જવું, અને તેમણે બતાવેલા તરીકા મુજબ અલ્લાહની ઈબાદત કરવી, એક મુસલમાન તે વાતનો એકરાર કરે છે કે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ કુરૈશી, હાશમી દરેક માનવજાતિ અને જિન્નાતો માટે અલ્લાહના પયગંબર છે, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું:{તમે કહી દો કે હે લોકો ! હું તમારી સૌની તરફ તે અલ્લાહનો પયગંબર છું}[અલ્ અઅરાફ: ૧૫૮].

અને તે વાતનો એકરાર કરવો કે અલ્લાહ તઆલા એ તેમને પોતાના દીનનો પ્રચાર કરવા અને લોકોની હિદાયત (સત્ય તરફ માર્ગદર્શન) આપવા માટે મોકલ્યા છે, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {અમે તમને દરેક લોકો માટે ખુશખબર આપનાર અને સચેત કરનાર બનાવી મોકલ્યા} [સબા: ૨૮]. જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {અને અમે તમને સૃષ્ટિના લોકો માટે દયાળુ બનાવીને જ મોકલ્યા છે} [અલ્ અંબિયા: ૧૦૭].

અને આ સાક્ષીનો ઉદ્દેશ્ય તે છે કે તમારો તે બાતેલ અકીદો (માન્યતા) ન હોઈ કે નબી ﷺ નો રુબૂબિય્યત (પાલનહાર) અથવા ઈબાદતમાં કોઈ ભાગ છે, અથવા આ બ્રહ્માંડની વ્યવસ્થામાં કોઈ અધિકાર છે, પરંતુ આપ ﷺ બંદા છે મઅબૂદ (પૂજ્યને લાયક) નથી, અને એક પયગંબર છે, જેમને જુઠલાવી શકાય નહીં, અને તેઓ જ્યાં સુધી અલ્લાહ ન ઈચ્છે, ત્યાં સુધી તે પોતાને પણ ફાયદો અને નુકસાન પહોંચાડી શકતા નથી, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું:{(હે પયગંબર) તમે તેમને કહી દો કે ન તો હું તમને એવું કહું છું કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન તો હું ગેબ(અદૃશ્ય)ની વાતો જાણું

છું અને ન તો હું તમને એવું કહું છું કે હું ફરિશ્તો છું, હું તો ફકત જે મારી પાસે વહી આવે છે તેનું અનુસરણ કરૂં છું}[અલ્ અન્આમ: ૫૦].

## બીજો વિભાગ: ઈમાનનો અર્થ અને તેના અરકાન (સ્તંભો)

ઈમાન: તે દિલથી યકીન કરવું , જુબાન વડે કહેવું, અને અંગો વડે અમલ કરવું છે, જે અનુસરણ કરવાથી વધે છે અને અવજ્ઞા કરવાથી ઘટે છે. ઈબાદતને સાચી કરવા અને તેને કબૂલ થવા માટે ઈમાન એ મહત્વની શર્ત છે, જેવું કે શિર્ક અને કુફ્ર દરેક ઇબાદતોને બરબાદ કરી દે છે, જેમકે વઝૂ વગર નમાઝ કબૂલ નથી થતી, એવી જ રીતે ઈમાન વગર કોઈ ઈબાદત કબૂલ કરવામાં આવતી નથી, અલ્લાહ તઆલા એ કહ્યું:{અને જે કંઈ સારા કાર્યો કરશે, ભલેને તે પુરુષ હોય અથવા કે સ્ત્રી, શરત એ કે તે મોમિન હોય, તો આવા લોકો જ જન્નતમાં દાખલ થશે અને સહેજ પણ તેમનો હક મારવામાં નહિ આવે} [અન્ નિસા: ૧૨૪]. અને શિર્ક તે અમલોને બરબાદ કરી દે છે, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {નિ:શંક તમારી તરફ વહી કરવામાં આવી ચૂકી છે અને તમારાથી પહેલાના લોકો તરફ પણ વહી કરવામાં આવી છે કે (હે પયગંબર !) જો તમે (પણ) શિર્ક કરશો તો તમારા કર્યો (પણ) બરબાદ થઇ જશે અને ખરેખર તમે નુકસાન ઉઠાવનારાઓમાંથી બની જશો} [અઝ્ ઝુમર: ૬૫].

ઈમાનના છ અરકાન (સ્તંભો) છે, અલ્લાહ પર, ફરિશ્તાઓ પર, કિતાબો પર, પયગંબરો પર, આખિરતના દિવસ પર તેમજ સારી અને ખરાબ તકદીર પર ઈમાન.

## અ- અલ્લાહ પર ઈમાન:

### અલ્લાહ પર ઈમાન ધરાવવુ તે ત્રણ વાતો પર આધારિત છે:

૧- અલ્લાહની રુબૂબિય્યત (પાલનહાર) હોવા પર ઈમાન લાવવું: અર્થાત્ અલ્લાહ તઆલાને તેના દરેક કામોમાં એક માનવું, જેવું કે પેદા કરવું, રોજી આપવી, જીવિત કરવું, મૃત્યુ આપવું, અલ્લાહ સિવાય કોઈ પેદા કરવાવાળો નથી, અલ્લાહ સિવાય કોઈ રોજી આપનાર નથી, અલ્લાહ સિવાય કોઈ જીવિત કરનાર નથી અને અલ્લાહ સિવાય કોઈ મૃત્યુ આપનાર નથી, અને પવિત્ર અલ્લાહ સિવાય સૃષ્ટિની વ્યવસ્થા કરનાર કોઈ નથી, અને સૃષ્ટિમાં કોઈ એવો વ્યક્તિ નથી, જે પવિત્ર અલ્લાહના પાલનહાર હોવાનો ઇન્કાર કરતો હોય, હા અહંકારી વ્યક્તિ પોતાના અહંકારમાં કહી શકે છે, પરંતુ ખરેખર તે માનતો ન હોય, જેવું કે ફિરઔને તેની કોમને કહ્યું:{કહેવા લાગ્યો, હું તમારા સૌનો ઉચ્ચ પાલનહાર છું} [અન્ નાઝિઆત: ૨૪]. પરંતુ તેનું યકીન ન હતું જેવું કે અલ્લાહ તઆલા એ મૂસા વિશે કહ્યું: {મૂસાએ જવાબ આપ્યો કે તું ખૂબ સારી રીતે જાણે છે કે આ દરેક નિશાનીઓ તે હસ્તીએ ઉતારી છે, જે આકાશો અને ધરતીનો માલિક છે, અને હે ફિરઔન ! હું તો સમજી રહ્યો છું કે તું ખરેખર બરબાદ થઈને રહીશ} [અલ્ ઇસ્રા: ૧૦૨], અલ્લાહ તઆલા એ કહ્યું:{તે લોકોએ અહંકાર અને જુલમનાં કારણે ઇન્કાર કરી દીધો, જો કે તેમના હૃદય માની ગયા હતાં, (કે મૂસા સાચા છે)} [અન્ નમલ: ૧૪], કારણકે જરૂરી છે કે આ સર્જનીઓનો કોઈ સાચો સર્જક હોય, તેઓ પોતાને જ પેદા કરી દે, આવું કેવી રીતે શક્ય છે; કારણકે કોઈ વસ્તુ પોતાને જ પેદા નથી કરતી અને આ પણ શક્ય નથી કે તે અચાનક અસ્તિત્વમાં આવી જાય; કારણકે કોઈ સર્જક વગર સર્જનનું અસ્તિત્વ

શક્ય જ નથી, અને એટલા માટે પણ કે આ સૃષ્ટિનો જબરદસ્ત સિસ્ટમ એ વાતનો ઇન્કાર કરે છે કે તે જાતે જ અસ્તિત્વમા આવી ગઈ હોય, એટલા માટે કોઈ સર્જકનું હોવું નિશ્ચિત છે, અને તે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર અલ્લાહ છે, અલ્લાહ તઆલા એ કહ્યું: {શું આ લોકો કોઈ પણ (સર્જનહાર) વગર પેદા થઇ ગયા છે અથવા એ પોતે જ સર્જનહાર છે (૩૫) શું આકાશો અને ધરતીને તે લોકોએ પેદા કર્યા છે? સાચી વાત એ છે કે તેઓ (અલ્લાહની કુદરત પર) યકીન જ નથી રાખતા (૩૬)} [અત્ તૂર: ૩૫-૩૬].

**અને અરબના મુશરિક લોકો અલ્લાહની સાથે અન્યની બંદગી કરતા હોવા છતાંય અલ્લાહને પાલનહાર માનતા હતા, પરંતુ તેના કારણે તેઓ ઇસ્લામમાં દાખલ ન થયા, જો કે આપ ﷺ એ તેમની સાથે યુદ્ધ કર્યું અને તેમના માલ અને જાનને હલાલ સમજ્યા, કારણકે તેઓ અલ્લાહ સાથે બંદગીમાં અન્યને ભાગીદાર સમજી તેમની ઈબાદત કરતા હતા, અને તેની સાથે અન્યની ઈબાદત કરતા હતા, જેવું કે મૂર્તિ, પથ્થર, ફરિશ્તાઓ વગેરેની ઈબાદત કરતા હતા.**

૨- અલ્લાહના ઇલાહ હોવા પર ઈમાન: ઉલૂહિય્યત પર ઈમાનનો અર્થ: ઈબાદતને લાયક ફક્ત એક અલ્લાહ જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, (ઇલાહ) અર્થાત્ (મઅબૂદ) જેની બંદગી (ઈબાદત) મોહબ્બત, પ્રતિષ્ઠતા અને વિનમ્રતા સાથે કરવામાં આવે. અલ્લાહ તઆલા એ કહ્યું: {તમારો ઈલાહ એક જ છે, તેના સિવાય કોઈ સાચો ઇલાહ નથી, તે ઘણો જ દયા કરવાવાળો અને રહેમ કરવાવાળો છે} [અલ્ બકરહ: ૧૬૩]. અને જેને અલ્લાહ સાથે ઇલાહ સમજી બંદગી (ઈબાદત) કરવામાં આવે તે બાતેલ અને ખોટા છે, અલ્લાહ તઆલા એ કહ્યું:{આ બધું એટલા માટે કે અલ્લાહ જ સાચો છે અને તેના સિવાય જેમને પણ આ લોકો પોકારે છે તે ખોટા છે. અને નિ:શંક અલ્લાહ જ પ્રતિષ્ઠિત અને ખૂબ જ મોટો છે} [અલ્ હજ્જ: ૬૨]. અને એટલા માટે જ નૂહ અ.સ.થી લઈ મુહમ્મદ ﷺ સુધી દરેક પયગંબરે પોતાની કોમને તૌહીદ અને ફક્ત એક અલ્લાહની બંદગી કરવા પર જોર આપ્યું, અને મુશરિક લોકો જેઓ અલ્લાહને છોડીને અન્યની

બંદગી કરતા હતા, તેમની સામે ફરિયાદ કરતા હતા અને તેમની પાસે મદદ માંગતા હતા, તેમને અલ્લાહ તઆલા એ બે તાર્કિક પુરાવા સમજાવી બાતેલ કહ્યું: એક: જે લોકોને તેઓએ મઅબૂદ બનાવી રાખ્યા છે, તેમાં ઉલુહિય્યત (ઈલાહ) હોવાની ગુણવત્તા નથી, કારણકે તે પોતે જ સર્જન થયા છે, કોઈ વસ્તુને પેદા કરવી તેમના માટે શક્ય નથી, તે લોકો પોતાની બંદગી કરવાવાળાને કોઈ નુકસાન પહોંચાડી શકતા નથી, અને ન તો કોઈ તકલીફને તેમનાથી હટાવી શકે છે, ન તો તેઓ કોઈને જીવન આપી શકે છે અને ન તો મૃત્યુ અને ન તો ફરીવાર જીવિત કરવાના માલિક છે, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું:{અને (લોકોએ) અલ્લાહ સિવાય કઇ ઇલાહ બનાવી દીધા છે, જે કોઈ વસ્તુ થોડી પેદા કરી શકવાના છે, પરંતુ તેમને પોતે પેદા કરવામાં આવ્યા છે, આ ઇલાહ તો પોતાના ફાયદા અને નુકસાનનો પણ અધિકાર નથી ધરાવતા, અને ન તો તેમને કોઈનાં મૃત્યુ અને જીવન આપવા પર અધિકાર છે અને ન તો મૃતકને ફરી જીવિત કરવાનો કઈ અધિકાર છે} [અલ્ ફુરકાન: 3].

બીજી: મુશરિક લોકો સ્વીકાર કરતા હતા કે પાલનહાર અને સર્જક ફક્ત એક અલ્લાહ જ છે, જો તેઓ રુબૂબિય્યતનો સ્વીકાર કરતા હોય તો જરૂરી છે કે તેઓ અલ્લાહને ઇલાહમાં પણ ફક્ત એક જ માને, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {(હે પયગંબર) તમે તેમને પૂછો તો ખરા કે ધરતી અને તેની બધી વસ્તુઓ કોની છે ? જણાવો જો તમે જાણતા હોય? (૮૪) તરત જ તેઓ જવાબ આપશે કે "અલ્લાહનું" છે. તમે તેમને કહી દો કે પછી તમે શિખામણ પ્રાપ્ત કેમ નથી કરતા. (૮૫) પૂછો તો ખરા કે સાત આકાશો અને ઘણા જ ઉચ્ચ, પ્રતિષ્ઠિત અર્શનો માલિક કોણ છે? (૮૬) તે લોકો જવાબ આપશે કે "અલ્લાહ" જ છે, કહી દો કે પછી તમે ડરતા કેમ નથી? (૮૭) સવાલ કરો કે દરેક વસ્તુનો અધિકાર કોના હાથમાં છે? જે શરણ આપે છે અને જેની વિરુદ્ધ કોઈ શરણ આપનાર નથી. જો તમે જાણતા હોય તો જણાવો? (૮૮) આ જ જવાબ આપશે કે "અલ્લાહ" જ છે, કહી દો કે પછી તમારા પર ક્યાંથી જાદુ કરી દેવામાં આવે છે? (૮૯)} [અલ્ મુઅમિનૂન: ૮૪-૮૯].

એટલા માટે જો તેઓ તૌહીદે રુબૂબિય્યતનો સ્વીકાર કરતા હોય તો જરૂરી છે કે તેઓ ફકત એક અલ્લાહની જ ઈબાદત કરે, અને તેની ઈબાદતમાં કોઈને ભાગીદાર ન ઠેરવે.

3- અસ્માવ સિફાત પર ઈમાન (અલ્લાહના નામો અને તેના ગુણો પર ઈમાન લાવવું):

અર્થાત્: જે નાનો અને ગુણો અલ્લાહએ પોતાની કિતાબમાં સાબિત કર્યા છે, તેના પર ઈમાન, અથવા જે અલ્લાહના રસૂલ ﷺ એ હદીષમાં જણાવ્યા હોય, તેના પર ઈમાન લાવવું; અને તે નાનો અને ગુણોને તેની શાન અને પવિત્રતા પ્રમાણે સાબિત કરવા, કોઈ ફેરફાર અને બદલ્યા વગર. ઉપમા, ઉદાહરણ અને સરખામણી આપ્યા વગર, અલ્લાહ તઆલાએ કહ્યું: {અને અલ્લાહના સારા સારા નામો છે, તો તમે તે નામો વડે જ અલ્લાહને પોકારો અને એવા લોકોને છોડી દો જેઓ તેના નામમાં ખામી શોધે છે, જે કઈ પણ તેઓ કરી રહ્યા છે, નજીક માંજ તેમને તેનો બદલો મળી જશે} [અલ્ અઅરાફ: ૧૮૦]. અને અલ્લાહ તઆલાએ કહ્યું: {કોઈ વસ્તુ તેના જેવી નથી, અને તે સાંભળવાવાળો અને જોવાવાળો છે} [અશ્ શૂરા: ૧૧].

## શિર્કના પ્રકારો:

૧- શિર્કે અકબર (મોટું શિર્ક).

૨- શિર્કે અસ્ગર (નાનું શિર્ક).

3 શિર્કે ખફી (છૂપાયેલું શિર્ક).

### ૧- શિર્કે અકબર (મોટું શિર્ક):

તેનો નિયમ: અલ્લાહ તઆલાની ગુણવત્તામાં અલ્લાહને છોડીને અન્યને તેના બરાબર સમજવું, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {જ્યારે તમને અલ્લાહ-સમગ્રસૃષ્ટિના પાલનહારના ભાગીદાર સમજી બેઠા હતાં} [અશ્ શુઅરાઅ: ૯૮]. અને અલ્લાહની ગુણવત્તામાં અલ્લાહને છોડીને અન્યન સાથે તેની સરખામણી કરવી, અને કેટલીક

ઇબાદતોને અલ્લાહને છોડીને અન્ય માટે કરવી; જેવું કે ઇબાદતો માંથી દુઆ કરવી, મદદ માંગવી, નઝર પુરી કરવી અને ઝબેહ કરવું વગેરે. અથવા આ પણ કે જે વસ્તુ અલ્લાહએ હરામ કરી હોય તેને હલાલ સમજવી, અથવા જે હલાલ કરી હોય તેને હરામ સમજવી, અથવા જે વસ્તુ અલ્લાહએ જરૂરી કરી હોય તેને વ્યર્થ સમજવી, જેવું કે કોઈ એવી વસ્તુને હલાલ સમજવું, જેને દીન દ્વારા સ્પષ્ટ રીતે હરામ કરી દેવામાં આવી હોય, ઉદાહરણ તરીકે વ્યભિચાર, શરાબ, માતાપિતાની અવજ્ઞા તેમજ વ્યાજ વગેરે. અથવા તે પાક વસ્તુઓને હરામ સમજવી જે અલ્લાહ તઆલાએ હલાલ કરી હોય, અથવા કોઈ જરૂરી વસ્તુને જરૂરી ન સમજવી, ઉદાહરણ તરીકે એવું સમજવું કે નમાઝ જરૂરી નથી, અથવા રોઝા રાખવા જરૂરી નથી અને ઝકાત આપવી પણ વાજિબ નથી. અને શિર્કે અકબર પર મૃત્યુ પામનારના દરેક કામ વ્યર્થ બની જશે અને તે હંમેશા માટે જહન્નમમાં જશે. જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {અને જો આ લોકો (ઉપર જણાવેલ લોકો માંથી) પણ શિર્ક (અલ્લાહ સાથે ભાગીદાર) કરતા, તો જે કંઈ કાર્યો કરતા તે સૌ વ્યર્થ થઇ જાત} [અલ્ અન્આમ: ૮૮]. અને જે શિર્કે અકબર પર મૃત્યુ પામશે તો અલ્લાહ તેને ક્યારેય માફ નહીં કરે અને તેના માટે જન્નત હંમેશા માટે હરામ થઈ જશે. જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું:{નિ:શંક અલ્લાહ તઆલા પોતાની સાથે ભાગીદાર ઠેરવનારને માફ નથી કરતો અને તે સિવાયના જે ગુનાહ હશે જેને ઇચ્છશે તેને માફ કરી દેશે} [અન્ નિસા: ૪૮], અને અલ્લાહ તઆલાએ કહ્યું:{જે કોઈ અલ્લાહની સાથે અન્યને ભાગીદાર ઠહેરાવશે, તેના પર જન્નત હરામ થઈ જશે, તેનું ઠેકાણું જહન્નમ હશે} [અલ્ માઈદહ: ૪૨].

### ૨ શિર્કે અસગર (નાનું શિર્ક):

જેને કુરઆન અને હદીષમાં શિર્ક કહ્યું હોય પરંતુ તે શિર્કે અકબરના દરજ્જા સુધી ન પહોંચતું હોય, તો તેને શિર્કે અસગર (અર્થાત્ નાનું શિર્ક) કહેવામાં આવે છે, જેવુ કે અલ્લાહને છોડીને અન્યના નામની કસમ ખાવી; ઉદાહરણ તરીકે કઅબા, પયગંબર અમાનત અને કોઈના જીવનની કસમ ખાવી વગેરે, જેવું કે આપ ﷺ એ કહ્યું: «જે કોઈએ અલ્લાહના નામને છોડીને અન્યના નામની કસમ

ખાધી તો તેણે કૂફ્ર કર્યું અથવા શિર્ક કર્યું»[1] આ હદીષને અહમદ, અબુદાવૂદ અને તિર્મિઝી રહ. એ સહીહ સનદ સાથે રિવાયત કરી છે, અને દિલની માન્યતા પ્રમાણે ક્યારેક શિર્કે અસગર શિર્કે અકબર પણ બની શકે છે, જેવું કે કોઈ વ્યક્તિ પયગંબર અથવા કોઈ શૈખની કસમ ખાનાર એ માન્યતા સાથે કસમ ખાઈ કે તેઓ અલ્લાહના બરાબર છે, અથવા તેમને અલ્લાહને છોડીને પોકારવામાં આવે અથવા એવું સમજવામાં આવે કે આ સૃષ્ટિમાં ફેરફાર કરવાનો અધિકાર ધરાવે છે, તો તે શિર્કે અકબર ગણાશે, પરંતુ આ પ્રમાણે કોઈ માન્યતા ન હોય અને ફક્ત આદત પ્રમાણે કસમ ખાતો હોય તો તે શિર્કે અસગર ગણવામાં આવશે, અને આ પ્રમાણે ઘણી વખત થતું હોય છે, એટલા માટે તૌહીદની અકીદાહના કારણે આનાથી સચેત રહેવું ખૂબ જ જરૂરી છે.

### ૩- શિર્કે ખફી:

અર્થાત દિલોનો દેખાડો છે; જેવું કે કોઈ દેખાડો કરવા માટે નમાઝ પઢે, કુરઆન પઢે, અથવા તસ્બીહ પ્રશંસા માટે કરે, અથવા પોતાની પ્રશંસા માટે સદકો કરે, જે અમલ તેણે દેખાડો કરવા માટે કર્યા, તે અમલ વ્યર્થ કરી દેવામાં આવશે, અન્ય નેક કામ નહીં જે તેણે સાચા દિલથી ફક્ત અલ્લાહ માટે કર્યા હોય, અલ્લાહના રસૂલ ﷺએ કહ્યું: «શિર્ક આ કોમમાં અંધારી રાતમાં કાળા પથ્થર પર કાળી કીડીની આહટ કરતા પણ વધુ છુપાયેલ છે, અને તેનો કફ્ફારો (પ્રાયશ્ચિત) આ છે: હું તારી પનાહમાં આવું છું કે મેં જાણતા હોવા

---

[1] મસુન્દ અહમદ: (૬૦૭૨) અને (૧૦/૨૪૯), તિર્મિઝી: (૧૫૩૫) અને તિર્મિઝી રહ. એ આ હદીષને હસન દરજ્જાની કહી છે. (૪/૧૧૦).

છતાય તારી સાથે શિર્ક કર્યું, અને જે હું જાણતો નથી તેની હું માફી માંગું છું».[2]

## કુફ્રના પ્રકારો:

### પહેલો પ્રકાર: કુફ્રે અકબર:

જેના કારણે બંદો હંમેશા માટે જહન્નમમાં રહેશે, અને તેના પણ પાંચ પ્રકાર છે:

### ૧- કુફ્રે તકઝીબ (જુઠલાવવું):

પયગંબરોને જુઠા હોવાની માન્યતા રાખવી, અને આ પ્રકારનું કૂફ્ર કાફિરોમાં ઘણું ઓછું જોવા મળે છે, કારણકે અલ્લાહ તઆલાએ પોતાના પયગંબરોને સ્પષ્ટ પુરાવા આપ્યા હતા, આ કૂફ્ર કરનારની સ્થિતિ તદ્દન એવી જ હતી જેવું કે અલ્લાહએ આ આયતમાં વર્ણન કરી છે: {અહંકાર અને ઝુલ્મનાં કારણે ઇન્કાર કરી દીધો, જો કે તેમના હૃદય માની ગયા હતાં, (કે મૂસા સાચા છે)} [અન્ નમલ: ૧૪].

### ૨- ઘમંડ અને અવજ્ઞા કરતા કુફ્ર કરવું:

જેવું કે ઇબલિસનું કુફ્ર, તેણે અલ્લાહના આદેશનો ઇનકાર તો ન હતો કર્યો, પરંતુ તેણે ઘમંડ અને અવજ્ઞા જરૂર કરી હતી, અલ્લાહ તઆલાએ કહ્યું: {અને (તે સમય પણ યાદ કરો) જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમ ને સિજદો કરો, તો ઇબ્લિસ સિવાય સૌ

---

[2] બુખારી, અલ્ અદબુલ્ મુફરદ, (૭૧૬) (૧/૩૭૭), મસુન્દ અહમદ: (૧૯૬૦૬), (૩૨/૩૮૩) અને ઝિયાઉલ્ મકદિસી ફી અહાદીષીલ્ મુખતારતુ: (૧/૧૫૦), આ હદીષને ઇમામ અલ્બાની રહ. એ સહીહુલ્ જામિઅમાં સહિહ દરજ્જાની કહી છે, (૩૭૩૧) ૧/૬૯૪).

ફરિશ્તાઓએ આદમને સિજદો કર્યો, ઇબ્લીસે ઇન્કાર કર્યો અને ઘમંડ કરવા લાગ્યો અને કાફિરો માંથી થઈ ગયો} [અલ્ બકરહ: ૩૪].

## ૩- કુફ્રે એઅરાઝ:

તેની વ્યાખ્યા: કે સત્યતાને સાંભળવા અને તેને સ્વીકાર કરવાથી મોઢું ફેરવવું, એટલા માટે ન તો તે તેની તરફ ધ્યાન આપે છે, ન તો જુએ છે, અલ્લાહ તઆલાએ કહ્યું:{તેના કરતા વધારે જાલિમ કોણ હોઈ શકે છે ? જેને અલ્લાહની આયતો દ્વારા શિખામણ આપવામાં આવી હોય, તો પણ તે આનાથી મોઢું ફેરવી લીધું. નિ:શંક અમે પણ પાપીઓ સાથે બદલો લેવાવાળા છે} [અસ્ સજદહ: ૨૨], પરંતુ જો આ અવજ્ઞા સંપૂર્ણ ન હોય પરંતુ થોડાક અંશમાં હોય તો પછી તેને કૂફ્ર ગણવામાં નહીં આવે તેને ફિસક (ગુનો) ગણવામાં આવશે, જેવું કે કોઈ વ્યક્તિ દીનમાં વાજિબ વસ્તુઓ શીખવા ન માંગે, જેવું કે રોઝા અને હજના મસઅલા મસાઇલ.

## ૪- કુફ્રે શક (શંકાશ્પદ):

જ્યારે કોઈ વ્યક્તિ સત્ય બાબતોમાં શંકામાં હોય, જેવું કે અલ્લાહ તઆલાએ કહ્યું:{અને તે પોતાના બગીચામાં ગયો અને તે પોતાના ઉપર ઝુલ્મ કરી રહ્યો હતો, કહેવા લાગ્યો કે હું કલ્પના પણ નથી કરી શકતો કે આ બગીચો ગમે ત્યારે નષ્ટ થઇ શકે છે. (૩૫) અને હું કયામતના દિવસની પણ કલ્પના નથી કરતો અને જો હું મારા પાલનહાર તરફ ફેરાવવામાં પણ આવ્યો તો પણ મને યકીન છે કે હું આના કરતા પણ વધારે જગ્યા પામીશ} [અલ્ કહ્ફ: ૩૫-૩૬].

## ૫ કુફ્રે નિફાક:

અને એ કે વ્યક્તિ જબાન વડે તો ઈમાનનો દાવો કરે પરંતુ દિલથી તેને જુઠલાવતો હોય, અલ્લાહ તઆલાએ કહ્યું: {લોકો માંથી કેટલાક લોકો એવા પણ છે, જેઓ કહે છે કે અમે અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઇમાન રાખીએ છીએ, પરંતુ તેઓ સાચા મોમિન નથી} [અલ્ બકરહ: ૮], આ છે કુફ્ર અકબરના પ્રકાર, જેના કારણે એક વ્યક્તિ ઇસ્લામ માંથી બહાર થઈ જશે.

## બીજો પ્રકાર: કુફ્રે અસગર:

આ કુફ્રના કારણે કોઈ હંમેશા માટે જહન્નમમાં નહીં રહે, આ કુફ્રમાં તે દરેક વસ્તુઓનો સમાવેશ થાય છે, જેના વિશે શરીઅતમાં કુફ્ર શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે વર્ણન થયો હોય, અર્થાત્ કુફ્ર શબ્દ પર અલિફ અને લામ ન આવ્યા હોય, અને આ વિશે ઘણા ઉદાહરણો વર્ણન થયા છે, જેમાંથી:

અબૂ હુરૈરહ રઝી. ની હદીષ, આપ ﷺ એ કહ્યું: «લોકોમાં બે વસ્તુઓ કુફ્ર છે, એક તો નસબ (ખાનદાન) વિશે મહેણાં-ટોણા મારવા, અને મૃતક પર નવહા (વિલાપ) કરવું».[3]

## બ- ફરિશ્તાઓ પર ઈમાન:

અને આનો સંબંધ ગૈબની વાતો માંથી છે, અલ્લાહ તઆલાએ તેમને નૂરથી પેદા કર્યા, તેઓ સૌ અલ્લાહની ઈબાદત કરવાવાળા છે, અને તેમનામાં રુબૂબિય્યત અને ઉલૂહિય્યતના એક પણ ગુણોનો સમાવેશ થતો નથી, અને તેઓ અલ્લાહના આદેશની અવજ્ઞા નથી કરતા, પરંતુ તેઓ તેના આદેશો પર અમલ કરે છે, તેમની સંખ્યાનું જ્ઞાન અલ્લાહ સિવાય કોઈને નથી.

ફરિશ્તાઓ પર ઈમાન ચાર વસ્તુ પર આધારિત છે:

૧- તેમના અસ્તિત્વ પર ઈમાન.

---

[3] મુસ્લિમ, હદીષ નંબર: (૧૨૧), નવહા કરવું અને નસબ (ખાનદાન) વિશે મહેણાં ટોણા મારવા પર કુફ્રના આદેશ પર વર્ણન. (૧/૮૩) અને મુસનદ અહમદ: (૧૦૪૩૪), (૧૬/૨૭૦).

૨- જે ફરિશ્તાઓના નામ ખબર હોય, જેવું કે જિબ્રઇલ, ઇસરાફીલ, મિકાઈલ વગેરે પર ઈમાન લાવવું, અને જેમના નામની જાણ ન હોય તેના ઉપર પણ ઈમાન લાવવું.

૩- કુરઆન અને હદીષમાં તેની જે ગુણવત્તા વર્ણન થઈ હોય તેના પર ઈમાન લાવવું, જેવું કે જિબ્રઇલ અ.સ. વિશે વર્ણન કરવામાં આવ્યું કે આપ ﷺ એ તેઓને તેમની અસલ સ્થિતિમાં જોયા તેમની છસો પાંખો હતી, જેનાથી આકાશ ઢંકાય ગયું હતું.

૪- ફરિશ્તાઓને જે કાર્યોનું ઇલ્મ હોય તેના પર ઈમાન લાવવું: જેવું કે થાક્યા વગર સતત સવાર-સાંજ અલ્લાહની તસબીહ અને તેની ઈબાદતમાં વ્યસ્ત રહેવું, અને અમાનતદાર જિબ્રઇલ અ.સ.નું વહીની જવાબદારી લેવી, ઇસરાફિલ અ.સ.નું સૂરમાં ફૂંક મારવા માટેની જવાબદારી લેવી, મોતનો ફરિશ્તા: મોતના સમયે રૂહ ખેંચી લેવી, માલિક: જહન્નમ માટે જવાબદાર, અને રિજવાન: જન્નતની દેખરેખ રાખનાર છે, એવી જ રીતે જે ફરિશ્તાઓના કાર્યો વિષે જાણ હોઈ તેના પર ઈમાન ધરાવવું.

## ૪- કિતાબો પર ઈમાન:

કિતાબો અર્થાત્ તે આકાશીય કિતાબો જે અલ્લાહ એ પોતાના પયગંબરો પર ઉતારી, માનવીઓ માટે હિદાયત અને તેમના પર રહેમ કરવા માટે જેથી તેઓ બંને જહાનમાં સારા પરિણામ પ્રાપ્ત કરે, કિતાબો પર ઈમાન ચાર વસ્તુ પર આધારિત છે:

૧- તે વાત પર ઈમાન કે આ કિતાબોનું અલ્લાહ તરફથી ઉતરવું, સાચું છે.

૨- જે કિતાબોના નામ ખબર હોય તેના પર ઈમાન: જેવું કે કુરઆન મજીદ મુહમ્મદ ﷺ પર ઉતારવામાં આવ્યું, તૌરાત મૂસા અ.સ. પર ઉતારવામાં આવી, ઇન્જિલ ઈસા અ.સ. પર ઉતારવામાં આવી, ઝબૂર દાવુદ અ.સ. પર ઉતારવામાં આવી, અને જે કિતાબોના નામની

જાણ ન હોય તેમના ઉપર પણ સંક્ષિપ્ત ઈમાન લાવવું જરૂરી છે, તેમાં વર્ણવેલ વાતોની પુષ્ટિ કરવી; જેવું કે કુરઆન અને પહેલાની ફેરફાર થયા વગરની જે કિતાબો છે તેમની ખબરો, તે કિતાબોમાં વર્ણવેલ દરેક આદેશો પર ખુશી ખુશી સ્વીકાર કરી તેના પર અમલ કરવો, ભલેને આપણને તે આદેશની હિકમત સમજાતી હોય કે ન સમજાતી હોય, યાદ રાખવું જોઈએ કે પહેલાની દરેક કિતાબ કુરઆન મજીદ આવ્યા પછી મન્સુખ (રદ) થઈ ગઈ છે, એટલા માટે પહેલાની કિતાબો માંથી કોઈ આદેશ પર અમલ કરવો જાઈઝ નથી, હા, જે અમલને કુરઆનને મનસુખ(રદ) ન કર્યો હોય પરંતુ તે જ અમલ કુરઆનમાં પણ હોય.

## ૬- પયગંબરો પર ઈમાન:

રુસુલ રસૂલ શબ્દનું બહુવચન છે, જેમના પર વહી દ્વારા શરીઅત ઉતારવામાં આવી, અને તેમને તેના પ્રચારનો આદેશ આપવામાં આવ્યો હોઈ, સૌ પ્રથમ પયગંબર નૂહ અ.સ. અને અંતિમ પયગંબર મુહમ્મદ ﷺ, અને તે સૌ માનવી છે, અને તેમનામાં રુબૂબિય્યત અને ઉલૂહિય્યતના કોઈ ગુણોનો સમાવેશ થતો નથી.

પયગંબરો પર ઈમાન નીચે વર્ણવેલ વાતો પર આધારિત છે:

૧- તે વાત પર ઈમાન કે તેમની પયગંબરી અલ્લાહ તરફથી સાચી છે, એટલા માટે જો કોઈ એક પયગંબરનો ઇન્કાર કરશે તો સૌનો ઇન્કાર કર્યો ગણાશે.

૨- તે પયગંબરો પર ઈમાન ધરાવવું જેમના નામની આપણને જાણ હોય, જેવું કે મુહમ્મદ ﷺ, ઇબ્રાહીમ, મૂસા, ઈસા, નૂહ અ.સ. અને આ સૌ પયગંબરોને ઉલુલ્ અઝ્મ (ઉંચ્ચ હિમત અને હોસલા વાળ) પયગંબર કહેવામાં આવે છે, અને જે પયગંબરોના નામની જાણ ન હોય તેમના ઉપર પણ સંક્ષિપ્ત રૂપે ઈમાન ધરાવવું જરૂરી છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {નિ:શંક અમે તમારા કરતા પહેલા પણ ઘણા

પયગંબરો મોકલી ચૂક્યા છીએ, જેમાંથી કેટલાકના (કિસ્સા) અમે તમને બતાવી ચૂક્યા છીએ અને તેમાંથી કેટલાકના તો અમે તમને નથી બતાવ્યા} [ગાફિર: ૭૮].

૩- તેમની જે વાતો સત્ય હોઈ તે વાતોની પુષ્ટિ કરવી.

૪- અંતિમ પયગંબર મુહમ્મદ ﷺની શરીઅત પર અમલ કરવો.

## ૬- આખિરતના દિવસ પર ઈમાન:

અર્થાત્, કયામતનો દિવસ, જ્યારે લોકોને તેમના કર્મો પ્રમાણે હિસાબ અને બદલા માટે ફરીવાર ઉઠાવવામાં આવશે, તે દિવસનું નામ આખિરત એટલા માટે છે, કારણકે ત્યારબાદ કોઈ બીજો દિવસ નહીં હોય, અને જન્નતી તેમજ જહન્નમી લોકો પોત પોતાના ઠેકાણે પહોંચી જશે.

આખિરતના દિવસ પર ઈમાન ત્રણ વસ્તુ પર આધારિત છે:

## અ- ફરીવાર જીવિત થઈ ઉઠાવવા પર ઈમાન:

અર્થાત્ જ્યારે સૂરમાં બીજી ફૂંક મારવામાં આવશે, ત્યારે દરેક મૃતક લોકો જીવિત થઈ ઉભા થશે, અને પાલનહાર સામે ઊભા થશે, તેમના પગમા ન તો ચપલ હશે અને ન તો તેમના શરીર પર કપડાં, અને દરેકની ખતના કરેલી નહીં હોઈ, અલ્લાહ તઆલાએ કહ્યું: {જેવી રીતે અમે પ્રથમ વખત તમારું સર્જન કર્યું હતું, તેવી જ રીતે બીજી વખત કરીશું. આ અમારા શિરે એક વચન છે અને અમે તેને જરૂર પૂરું કરીશું} [અંબિયા: ૧૦૪].

## બ- હિસાબ અને બદલો મળવા પર ઈમાન:

બંદાના અમલોનો હિસાબ થશે અને તે પ્રમાણે તેને બદલો આપવામાં આવશે, અલ્લાહ તઆલાએ કહ્યું: {ખરેખર અમારા તરફ જ તેમને પાછા ફરવાનું છે. (૨૫) અને ખરેખર તેમનો હિસાબ અમારા શિરે છે} [અલ્ ગોશિયહ: ૨૫-૨૬].

## જ- જન્નત અને જહન્નમ પર ઈમાન:

તે વાત પર ઈમાન ધરાવવું કે આ બન્ને પ્રકારના બંદાઓ માટે કાયમી ઠેકાણાં છે:

જન્નત તે કાયમી ઠેકાણું છે, જેને અલ્લાહ તઆલાએ પરહેજગાર મોમિન બંદાઓ અને અલ્લાહ અને તેના પયગંબરની આજ્ઞાનું પાલન કરનાર માટે તૈયાર કરી છે, તેમાં એવી નેઅમતો છે, જેને અત્યાર સુધી કોઈ આંખે જોઈ નથી અને કોઈ કાને સાંભળ્યું પણ નથી અને ન તો કોઈ માનવીના દિલમાં અત્યાર સુધી તેના વિશે કંઈ વાત આવી છે.

અને હવે જહન્નમ; તે અઝાબ માટેનું ઘર છે, જેને અલ્લાહ તઆલાએ કાફિરો માટે જેઓ અલ્લાહ અને તેના પયગંબરની અવજ્ઞા કરતા હતા, તેમના માટે તૈયાર કરી રાખી છે, તેમાં એવા અઝાબના પ્રકાર છે, જેની તકલીફનો ખ્યાલ કરવો પણ શક્ય નથી.

## વ- સારી અને ખરાબ તકદીર પર ઈમાન:

અને તકદીર પર ઈમાનનો અર્થ: અલ્લાહ તઆલાના પોતાના પાછલા ઇલ્મ અને હિકમત પ્રમાણે દરેક કાર્યો થઈ રહ્યા છે.

તકદીર પર ઈમાન ચાર વસ્તુ પર આધારિત છે:

૧- ઇલ્મ: એટલે કે એ વાત પર ઈમાન લાવવું કે જે કંઈ થઈ ચ્ક્યું છે અથવા જે થવાનું છે, અને તે કઈ રીતે થવાનું છે તેના વિષે બધું જ સંક્ષિપ્ત રૂપે અથવા વિસ્તારપૂર્વક અને હંમેશાવાળું તેમજ કાયમી ઇલ્મ અલ્લાહ પાસે છે, એવી જ રીતે જે થઈ નથી તે પણ અલ્લાહ ખૂબ સારી રીતે જાણે છે કે જો તે થાત તો કંઈ રીતે થાત, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {જો આ લોકો ફરી પાછા મોકલી દેવામાં આવે તો પણ તેઓ એવા જ કાર્યો કરશે જેનાથી તેઓને રોકવામાં આવ્યા હતા} [અલ્ અનઆમ: ૨૮[.

૨- અલ્ કિતાબત (લખાણ): અલ્લાહ તઆલાએ દરેક વસ્તુની કયામત સુધીની તકદીર લખી રાખી છે, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {શું તમે નથી જાણતા આકાશો અને જમીનમાં કે જે કઇ પણ છે તેને અલ્લાહ જાણે છે, અને તે (બધું) કિતાબ મા (લખેલું) છે, અને આ બધું અલ્લાહ માટે સહેલું છે} [અલ્ હજ્જ: ૭].

૩- મશીઅત (ઈચ્છા): અર્થાત્ત એ વાત પર ઈમાન ધરાવવું કે આ સૃષ્ટિમાં તે જ થાય છે, જે અલ્લાહ ઈચ્છે છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {અને તમારો પાલનહાર જે ઇચ્છે છે, તેનું સર્જન કરે છે અને જેને ઇચ્છે છે, (પોતાના કામ માટે) પસંદ કરી લે છે} [અલ્ કસસ: ૬૮]. અને માનવીની મરજી અલ્લાહની ઈચ્છાથી બહાર નથી જઈ શકતી, જેવું કે અલ્લાહ તઆલા એ કહ્યું: {અને તમે ઈચ્છી નથી શકતા પરતું તે જ, જે સમ્રગ સૃષ્ટિનો પાલનહાર ઇચ્છતો હોય} [અત્ તકવીર: ૨૯].

૪- સર્જન: એ વાત પર ઈમાન કે સર્જનીઓ અને તેમના સારા અને ખરાબ કાર્યોનો સર્જક છે, અલ્લાહ તઆલાએ કહ્યું: {અલ્લાહ જ

દરેક વસ્તુનો સર્જનહાર છે, અને તેજ દરેક વસ્તુઓ નો કારસાઝ છે} [અઝ્ ઝુમર: ૬૨].

## ત્રીજો વિભાગ: અલ્ અહેસાન

અલ્ અહેસાન: આ એક જ રુકન છે, એ કે તમે અલ્લાહની ઈબાદત એવી રીતે કરો જેવું કે તમે તેને જોઈ રહ્યા છો, અને જો આ ખ્યાલ ન કરી શકતા હોઇ તો કમ સે કમ એટલું તો જરૂર વિચારો કે તે તમને જોઈ રહ્યો છે.

અર્થાત્: માનવી અલ્લાહની ઈબાદત એવી રીતે કરે, જાણે કે તે અલ્લાહ સામે ઉભો હોય, અને આ દરજ્જો અલ્લાહ માટે સંપૂર્ણ ડર અને સંપૂર્ણ ઝુકાવ પછી પ્રાપ્ત થાય છે, અને તેના માટે જરૂરી છે કે ઈબાદત રસૂલ ﷺ ની સુન્નત પ્રમાણે હોય.

અહેસાનના બે દરજ્જા છે, અને મોહસીન (એહસાન કરનાર) માટે અલગ અલગ બે દરજ્જા છે:

પહેલો દરજ્જો: અને સૌથી ઊંચો દરજ્જો મુશાહદહનો (જોવાનો) દરજ્જો છે, અર્થાત્ બંદો એવી રીતે ઈબાદત કરે જેવું કે તે પોતાની સામે દિલથી અલ્લાહને જોઈ રહ્યો હોય, જેનાથી દિલ ઇમાનના નૂરથી એવી રીતે પ્રકાશિત થઈ જાય છે કે ગેબ જાણે કે નજર સામે જોઈ રહ્યો હોય.

બીજો દરજ્જો: ઇખલાસ (નિખાલસતા) અને મુરાકબહનો (ધ્યાનનો) દરજ્જો, અને તે એ કે બંદો ઈબાદત કરતી વખતે હંમેશા એક વાત ધ્યાનમાં રાખે કે અલ્લાહ તેને જોઈ રહ્યો છે, અને તેને તેના દરેક અમલની જાણ છે, જો બંદાની આવી સ્થિતિ હોય તો તે મુખલિસ (નિખાલસ) છે.

## ચોથો વિભાગ: અહલે સુન્નત વલ્ જમાઅતના ઉસૂલ અને નિયમો:

પહેલો નિયમ: અહલે સુન્નત વલ્ જમાઅત કિતાબ અને સુન્નતનું અનુસરણ કરે છે, જાહેરમાં પણ અને બાતેનમા પણ,

અને અલ્લાહ તેમજ તેના રસૂલ ﷺ ની વાત પર કોઈની વાતને પ્રાથમિકતા નથી આપતા.

બીજો નિયમ: આપ ﷺ ના સહાબાઓ વિશે દિલ અને જબાન સાફ રાખે છે, અને તેમનો અકીદો એ છે કે રસૂલ ﷺ પછી ખલીફા અબુબકર, ત્યારબાદ ઉમર ત્યારબાદ ઉષ્માન અને પછી અલી રઝી.છે.

ત્રીજો નિયમ: રસૂલ ﷺ ના અહલે બૈત સાથે મોહબ્બત અને લાગણી, અને આપના અહલે બૈતમાં જે લોકો નેક છે, તેઓ જ ખરેખર આપના અહલે બૈત છે.

ચોથો નિયમ: હાકિમ અને ગર્વનર વિરુદ્ધ બળવો ન કરવો, ભલેને તેઓ જુલમ અને વિદ્રોહ કરે, જો કે તેમના માટે નેકી અને આફિયતની દુઆ કરવી, અને તેમને બદ દુઆ ન આપવી, અને જ્યાં સુધી તે ગુનાહનો આદેશ ન આપે, ત્યાં સુધી તેમનું અનુસરણ કરવું

ફર્ઝ છે, અને તે અલ્લાહના અનુસરણમાં શામેલ છે, જો તે ગુનાહનો આદેશ આપે તો પછી તેમાં તેમનું અનુસરણ કરવું જરૂરી નથી, તો પણ અન્ય કામોમાં તેમનું અનુસરણ કરવું જરૂરી રહેશે.

પાંચમો નિયમ: અવલીયાની કરામાત (નેક લોકો દ્વારા થતા ચમત્કારો) ની પુષ્ટિ, અર્થાત્ આદત વિરુદ્ધ બાબતો, જે અલ્લાહ પોતાના કેટલાક બંદાઓના હાથો વડે જાહેર કરે છે.

છઠ્ઠો નિયમ: અહલે કિબલહ (મુસલમાનો) ને સામાન્ય ગુનાહ અને અવજ્ઞાના કારણે કાફીર નથી કહેતા, જેવું કે ખવારીઝ કરતા હોય છે, પરંતુ એહલે સુન્નત પાસે ગુનાહો હોવા છતાં પણ તેમની પાસે ઇમાની ભાઈચારો બાકી રહે છે, તેઓ કહે છે કે મોમિન પોતાના ઇમાનના કારણે મોમિન અને કબીરહ ગુનાહના કારણે ફાસિક (ગુનેગાર) બની જાય છે.

બીજો વિભાગ:

# ઈબાદતોનું વર્ણન

## પહેલો વિભાગ: પાકી સફાઈનું વર્ણન

તહારત નો શાબ્દિક અર્થ: દરેક પ્રકારની ગંદકીથી પાક સાફ હોવું.

શરઇ અર્થ (કાયદાકીય અર્થ): હદષ (ગંદકી) ખતમ થવી અને દૂર થવી, પાકી સફાઈ નમાઝ માટેની ચાવી છે, એટલા માટે પાકી સફાઇ વિશે ઇલ્મ પ્રાપ્ત કરવું, દીનના ભવ્ય કાર્યો માંથી એક છે, દરેક મુસલમાન માટે જરૂરી છે કે તેને ધ્યાનપૂર્વક શીખે.

### પહેલું: પાણીના પ્રકાર:

૧- તહૂર (તે પાણી જે સંપૂણ રીતે પાક હોય અને બીજાને પણ પાક કરી શકે): તે પાણી જેનાથી સફાઈ પ્રાપ્ત કરવી યોગ્ય છે, તે પોતાની મૂળ સ્થિતિમાં હોય; જેવું કે વરસાદનું પાણી, નહેરનું પાણી અથવા સમુદ્રનું પાણી, અથવા તેમાં કોઈ પાક વસ્તુને ભેળસેળ થઈ હોય પરંતુ તે તેના પર પ્રભુત્વ મેળવતી ન હોય, કે જેનાથી તે પાણીની પાકીની ગુણવત્તા ખત્મ થઈ ગઈ હોઇ.

૨- નજિસ (નાપાક); તેનો વપરાશ જાઈઝ નથી, ન તો તેનાથી ગંદકી દૂર થાય છે, અને ન તો તેનાથી નજાસત (અશુદ્ધતા) દૂર થાય છે, આ તે પાણી છે, જેનો રંગ, ગંધ, અથવા સ્વાદ કોઈ ગંદકીના કારણે બદલાય ગયો હોય.

## બીજુ: નજાસત (અશુદ્ધતા):

નજાસત: અર્થાત એક ખાસ પ્રકારની ગંદકી છે, જેના કારણે નમાઝ થતી નથી; જેવું કે પેશાબ, સંડાસ અને લોહી વગેરે, આ ગંદકી શરીર, કપડું અને જગ્યા પર હોઈ શકે છે, વસ્તુઓમાં મૂળ ઇબાહ્ત (હલાલ) અને તહારત(પાકી) હોય છે, એટલા માટે જો કોઈ વ્યક્તિ કોઈ વસ્તુને ગંદી હોવાનો દાવો કરે, તો તેની પાસેથી દલીલ માંગવી જોઈએ, કફ નીકળવો, માનવીનો પરસેવો, અથવા ગધેડાનો પરસેવો, તે પાક છે પરંતુ તે ગંદકી જરૂર છે, એટલા માટે દરેક નજાસત (અશુદ્ધતા) ગંદકી છે, પરંતુ દરેક ગંદકી નજાસત (અશુદ્ધતા) નથી.

નજાસત (અશુદ્ધતા) ના ત્રણ દરજ્જા છે:

## પહેલું: અન્ નજાસતુલ્ મુગલઝહ (ઘટ્ટ અશુદ્ધતા):

ઉદાહરણ: તે વાસણની નાપાકી જેમાં કુતરાએ મોઢું નાખ્યું હોય, અને તેને પાક કરવાનો તરીકો: તે વાસણને સાત વખત ધોવામાં આવે અને પ્રથમ વખત માટી વડે ધોવામાં આવે.

## બીજું: અન્ નજાસતુલ્ મુખફ્ફફ (પાતળી અશુદ્ધતા):

ઉદાહરણ: દુધપિતા બાળકનો પેશાબ, જ્યારે કપડાં વગેરેમાં લાગી જાય, અને તેને પાક કરવાનો તરીકો: તેના પર સારી રીતે પાણી છાંટવામાં આવે, નિચોડવાની કોઈ જરૂર નથી.

## ત્રીજું: અન્ નજાસતુલ્ મુતવ્વસિતહ (મધ્યમ અશુદ્ધતા):

ઉદાહરણ: માનવીનો પેશાબ અને ગંદકી,જ્યારે જમીન અથવા કપડાં પર લાગી જાય.

તેને પાક કરવાની રીત: પાણી અથવા સફાઈ કરવાના અન્ય તરીકા દ્વારા તેની ગંદકીને દૂર કરવામાં આવે, અને જો ગંદકી ચોટી જતી હોય તો તેને ખતમ કરવામાં આવે.

નીચે કેટલાક પ્રકારની ગંદકીનું વર્ણન કરવામાં આવી રહ્યું છે:

૧- માનવીનો પેશાબ અને સંડાસ.

૨- મઝી અને વદી.[4]

3- તે જાનવર જે હલાલ ન હોઇ તેની ગંદકી.

૪- હૈઝ અને નિફાસનું લોહી.

[4] (અલ્ મઝી): તે રંગ વગરના પાતળા પાણીને કહે છે, જે પત્ની સાથે છેડછાડ, સંભોગને યાદ કરી, અથવા તેનો ઈરાદો કરતા, અથવા મનેચ્છાને ઉભારવાવાળી વસ્તુઓને જોઈ અથવા તેની માફક જ અન્ય વસ્તુના કારણે પેશાબની જગ્યા પરથી નીકળતા પાણીને કહે છે, અને ઘણી વાર ખબર પણ નથી પડતી, (અલ્ વદી): આ જાડું સફેદ પાણી છે, જે પેશાબ કર્યા પછી અથવા ભારે વસ્તુ ઉઠાવવાના કારણે નીકળે છે.

૫- કુતરાની લાળ.

૬- મૃતક, અને જે નીચે વર્ણવેલ છે તેમાંથી નહીં.

અ: મૃતક માનવી.

બ- મૃતક માછલી અને તીડ.

જ- એવું મૃતક જાનવર જેનું લોહી વહેતુ ન હોય, જેવું કે માખી, મધમાધી, કીડી વગેરે.

દ- મૃતક જાનવરના હાડકા, શિંગડા, નખ, વાળ અને પાંખો.

નજાસત (ગંદકી) ને દૂર કરવાની રીત:

૧- પાણીનો ઉપયોગ: નજાસત (અશુદ્ધતા) થી પાકી અને સફાઈની ખરેખર રીત તો પાણી વડે જ છે, એટલા માટે પાણીને છોડીને બીજી કોઈ વસ્તુનો ઉપયોગ કરવામાં નહીં આવે.

૨- શરીઅતમાં કેટલીક નજિસ (અશુદ્ધ) વસ્તુઓને પાક કરવા માટે અન્ય રીત વર્ણન કરી છે: જે નીચે મુજબ છે:

અ- મૃતકના ચામડાને દબાગત (સાફ કરવું) આપી પાક કરવામાં આવશે.

બ- જો કોઈ વાસણમાં કૂતરું મોઢું નાખી દે તો તેને સાત વખત ધોવામાં આવશે અને પહેલી વખત માટી વડે ધોવામાં આવશે.

જ- જ્યારે કપડાં પર હૈઝનું લોહી લાગી જાય, તો તેને ઘસી તેના પર પાણીના છાંટા મારવા પૂરતા છે, તો પણ કોઈ નિશાન રહી જાય તો કોઈ વાંધો નથી.

દ- સ્ત્રીના તે કપડાં જે જમીન પર નીચે અડતા હોય છે, તો તેના પછીની પાક માટી વડે તે પાક, સાફ થઈ જાય છે.

ઠ- દુધ પીતું બાળક જો કપડાં પર પેશાબ કરે તો તેના પર ફક્ત પાણી છાંટી દેવું પૂરતું છે, અને જો બાળકીનો પેશાબ લાગી જાય તો પછી તે કપડાંને પાણી વડે ધોઈ પાક કરવામાં આવશે.

વ- મઝી પર પણ પાણી છાંટવામાં આવે તો તે પાક થઈ જાય છે.

ઝ- બુટ, ચપ્પલનો નીચેનો ભાગ ઝમીન પર ઘસીને પાક કરવામાં આવશે.

ઠ- જો નજાસત (અશુદ્ધતા) ઝમીન પર હોય તો તેને પાક કરવાનો તરીકો એ છે કે તેના પર એક ડોલ પાણી વહાવી દેવામાં આવે, અથવા તળકો તેમજ હવામાં સૂકાવવા માટે છોડી દેવામાં આવે, જ્યારે નજાસતનો અસર ખતમ થઈ જાય તો જમીન પાક થઈ જાય છે.

## ત્રીજો: તે અમલ જે હદષ (નાપાક) વ્યક્તિ માટે હરામ છે:

તે વસ્તુઓ જે હદષે અકબર મોટી ગંદકી હદષે અસગર અને નાની ગંદકી માટે હરામ છે:

૧- ફર્ઝ અને નફીલ નમાઝ:

તેની દલીલ ઈબ્ને ઉમર રઝી. ની હદીષ છે, તેઓ કહે છે કે નબી ﷺ એ કહ્યું:

«لا يقبل الله صلاة بغير طهور»

«પાકી વગર નમાઝ કબૂલ કરવામાં નથી આવતી».[5]

૨- મુસ્હફ (કુરઆન મજીદ) ને સ્પર્શ કરવું, રસૂલ ﷺ એ અમ્ર બિન હઝમને જે પત્ર લખ્યો હતો તેમાં કહ્યું: «મુસહફ્ ને ફક્ત પાક વ્યક્તિ જ પકડી શકે છે».[6]

૩- બૈતુલ્લાહનો તવાફ; કારણકે નબી ﷺ એ કહ્યું:

«الطواف بالبيت صلاة، إلا أن الله أباح فيه الكلام»

«બૈતુલ્લાહનો તવાફ નમાઝ છે, ફક્ત અલ્લાહ તઆલાએ તે સમયે વાત કરવાને હલાલ કહ્યું છે».[7] અને આપ ﷺ એ તવાફ માટે વઝૂ કર્યું હતું, અને એ પણ સાબિત છે કે આપ ﷺ એ હૈઝ વાળી સ્ત્રીને તવાફ કરવા પર રોક લગાવી છે, જ્યાં સુધી તે પાક ન થઈ જાય.

નીચે ફક્ત તે વસ્તુઓનું વર્ણન કરવામાં આવી રહ્યું છે, જે ફક્ત હદષે અકબર (મોટી ગંદકી) માટે હરામ છે:

૧- કુરઆન મજીદની તિલાવત કરવી; કારણકે અલી રઝી. ની હદીષ છે:

(لا يحجبه –يعني النبي ﷺ– عن القرآن شيء، ليس الجنابة)

---

[5] મુસ્લિમ, હદીષ નંબર: (૨૨૪), (૧/૨૦૪૯) બાબ વુજૂબુત્ તહારતિ લિસ્ સલાતિ.

[6] મુઅત્તા ઇમામ માલિક, હદીષ નંબર: ૬૮૦/૨૧૯ (૨/૨૭૮), સુનન્ દારમી, હદીષ નંબર: (૩૧૨) (૩/૧૪૫૫), મુસન્નફ અબ્દુર રઝઝાક, હદીષ નંબર: (૧૩૨૮) (૧/૩૪૧), અને ઇરવાઉલ્ ગલીલમાં ઇમામ અલ્બાની રહ. એ આ હદીષને સહીહ કહી છે. (૧૨૨) (૧/૧૫૮).

[7] મુસન્નિફ નસાઈ: (૧૨૮૦૮) (૩/૧૩૭), મુસન્દ અહમદ: (૧૫૪૨૩) (૨૪/૧૪), અને ઇરવાઉલ્ ગલીલમાં ઇમામ અલ્બાની રહ. એ આ હદીષને સહીહ કહી છે. (૧૨૧) (૧/૧૫૪).

(જનાબત (નપાકી) વગર કોઈ વસ્તુ અલ્લાહના રસૂલ ﷺ ને કુરઆનથી નહતી રોકતી).[8]

૨- વઝૂ કર્યા વગર મસ્જિદમાં રોકાવવું; કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَقْرَبُوا الصَّلَاةَ وَأَنْتُمْ سُكَارَى حَتَّى تَعْلَمُوا مَا تَقُولُونَ وَلَا جُنُبًا إِلَّا عَابِرِي سَبِيلٍ حَتَّى تَغْتَسِلُوا﴾ [النساء: 43] .

{હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે નશામાં હોય તો નમાઝની નજીક પણ ન જાઓ, જ્યાં સુધી પોતાની વાતને સમજવા ન લાગો અને જુનૂબી ગુસલ કર્યા વગર નમઝની નજીક ન જાય} [અન્ નિસા: ૪૩ ]. પરંતુ જો હદીષે અકબત (મોટી ગંદકી) વાળો વ્યક્તિ વુઝૂ કરી લે તો મસ્જિદમાં રોકાઈ શકે છે, અને જો મસ્જિદ માંથી પસાર થઈ જાય તો પણ કંઈ વાંધો નથી,

## ચોથું: પેશાબ પાખાનાના આદાબ:

પેશાબ પાખાના વખતે નીચેની વાતો મુસ્તહબ છે;

૧- લોકોથી દૂર જઈ પેશાબ અને પાખાના કરવું.

૨- શરૂઆતમાં આ દુઆ પઢવી જોઈએ,

«اللهم إني أعوذ بك من الخبث والخبائث»

[8] ઈબ્ને માજહ, હદીષ નંબર: (૫૯૪) (૧/૧૯૫), ઈબ્ને હિબ્બાન, હદીષ નંબર: (૭૯૯) (૩/૭૯) અને ઇમામ અલ્બાની રહ. એ તિર્મિઝીમાં ઝઇફ કહી છે. (૧૪૬) (૧/૧૪૬).

«"અલ્લાહુમ્મ ઇન્ની અઉઝુબિક મિનલ્ ખુબીસી વલ્ ખબાઇસ"(હે અલ્લાહ ! હું નાપાક પુરુષ જિન અને નાપાક સ્ત્રી જિનથી તારી પનાહ માગું છું)».[9]

પેશાબ અને પાખાના કરતી વખતે જરૂરી બાબતો:

૧- પેશાબથી બચવું જોઈએ.

૨- ગુપ્તાંગને છુપાવવું.

અને પેશાબ પાખાના વખતે આ કાર્યો હરામ છે:

૧- કિબલા તરફ મોઢું અથવા પીઠ કરવી.

૨- રસ્તા પર અથવા લોકોને બેસવાની જગ્યા પર પેશાબ પાખાના કરવો.

૩- જે પાણી વહેતુ ન હોય તેમાં પેશાબ કરવી.

પેશાબ પાખાના વખતે મકરુહ બાબતો:

૧- જમણા હાથથી ગુપ્તાંગને અડવું.

૨- જમણા હાથથી પથ્થર અથવા ઇસ્તિન્જા કરવું.

૩- વાતચીત કરવી, અને ખાસ કરીને અલ્લાહનો ઝિકર કરવો.

## પાંચમું: પથ્થર વડે ઇસ્તિનજા કરવાનો હુકમ:

---

[9] બુખારી, હદીષ નંબર: ૧૪૨ (૧/૪૦), મુસ્લિમમ હદીષ નંબર: ૧૨૨ (૨૮૩).

ઇસ્તિનજા: અર્થાત્ પેશાબ અને સંડાસની જગ્યાએથી નીકળતી ગંદકીને પાણી વડે સાફ કરવું.

ઇસ્તિજમારનો અર્થ: પેશાબ અને સંડાસની જગ્યાએથી નીકળતી ગંદકીને પથ્થર અથવા ટિશું પેપર વડે સાફ કરવું.

## જે વસ્તુથી ઇસ્તિજમાર કરવું હોય તેના વિશે કેટલીક શરતો:

૧- તે મુબાહ (જાઈઝ) હોય.

૨- તે પાક હોય.

૩- તેનાથી સફાઈ કરવી શક્ય હોય.

૪- હાડકું અથવા ગોબર (છાણ) ન હોય.

૫- કોઈ પવિત્ર વસ્તુ ન હોય જેવું કે કોઈ વરક, જેમાં અલ્લાહનું નામ લખ્યું હોય.

જો ફક્ત ઇસ્તિજમાર જ કરવું હોય તો બે વસ્તુનો ખ્યાલ રાખવો જરૂરી છે:

૧- નીકળતી ગંદકી સામાન્ય જગ્યા સિવાય બીજે લાગેલી ન હોય.

૨- ઇસ્તિજમારની ગુણવત્તા ધરાવતા ત્રણ અથવા ત્રણથી વધારે પથ્થર વડે ઇસ્તિજમાર કરવું જોઈએ.

## છઠ્ઠું: વુઝુના આદેશો:

ત્રણ ઈબાદતો માટે વુઝૂ કરવું જરૂરી છે:

૧- નમાઝ: ફર્ઝ હોય કે નફિલ.

૨- મુસ્હફ (કુરઆન મજીદ) ને પકડવા માટે.

૩- તવાફ.

## વુઝૂ માટે શરતો:

૧- ઇસ્લામ.

૨- બુદ્ધિશાળી હોવું.

૩- તમીઝ.

૪- નિયત: જેની જગ્યા દિલ છે, શબ્દો વડે નિયત કરવી બીદઅત છે, અને જેણે વુઝૂ કરવાનો ઈરાદો કર્યો, તેણે નિયત કરી લીધી. જો સફાઈ અથવા ઠંડક માટે કોઈ શરીરના ભાગને ધોવામાં આવે તો તે વુઝૂ નહીં ગણાય.

૫- નિયત કરી રાખવી કે જ્યાં સુધી વુઝૂ ખતમ ન થઈ જાય, આ નિયત ખતમ ન કરવી જોઈએ.

૬- જે વસ્તુ વુઝૂ કરવાને વાજિબ ન કરતી હોય, આ શર્તના કારણે જેને સતત પેશાબના ટીપાં ટપકતા હોય અથવા ઇસ્તિહાઝાવાળી સ્ત્રીનો સમાવેશ નથી થતો.

૭- પેશાબ અને સંડાસ કરતા વુઝૂ પહેલા ઇસ્તિનજા અથવા ઇસ્તિજમાર કરવું.

૮- પાણીનું પાક અને હલાલ હોવું.

૯- ચામડી સુધી પાણી ન પહોંચે તે માટે જે વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે તેને હટાવવી.

૧૦- નમાઝનો સમય થઇ જવો જોઈએ.

## વુઝૂની ફરજો (જરૂરી બાબતો):

૧- ચહેરો ધોવો, કોગળા કરવા અને નાકમાં પાણી ચઢાવવું પણ તેમાં શામેલ છે.

૨- બન્ને હાથને કોળી સુધી ધોવા.

૩- સંપૂર્ણ માથાનો મસો અને બન્ને કાનનો મસો કરવો તેમાં શામેલ છે.

૪- ઘૂટી સુધી બન્ને પગ ધોવા.

૫- વુઝૂ કરતી વખતે તરતીબનો ખ્યાલ કરવો.

૬- તસલ્સુલ (કોઈ કામ સતત કરવું: અંગોને ધોતી વખતે બે અંગો વચ્ચે અંતર ન હોવું જોઇએ.

## વુઝૂનો તરીકો:

૧- બિસ્મિલ્લાહ પઢવું.

૨- હથેળીઓને ત્રણ વખત ધોવી.

૩- ત્રણ વખત ચહેરો ધોવો, જેમાં કોગળા કરવા અને નાકમાં પાણી ચઢાવવું શામેલ છે.

૪- ત્રણ વખત કોળી સુધી હાથ ધોવા, પહેલા જમણો હાથ પછી ડાબો.

૫- કાન સાથે માથાનો મસો કરવો.

૬- ત્રણ વખત ઘૂંટી સુધી પગ ધોવા, જમણો પગ પહેલા અને પછી ડાબો પગ.

## જેના કારણે વુઝૂ તૂટી જાય છે:

૧- પેશાબ અથવા સંડાસની જગ્યાએથી કંઈ પણ નીકળવું, ઉદાહરણ તરીકે, પેશાબ, હવા નીકળવી, સંડાસ.

૨- શરીર માંથી વધુ માત્રમાં નીકળતી કોઈ નાપાક વસ્તુ.

૩- ઊંઘ અથવા બીજા કોઈ કારણસર બુદ્ધિ જતી રહેવી.

૪- આગળ પાછળ ગુપ્તાંગને કોઈ પણ આડ વગર સ્પર્શ કરવું.

૫- ઊંટનું માસ ખાવું.

૬- ઇસ્લામથી ફરી જવું- અલ્લાહ અમને અને દરેક મુસલમાનને બચાવે. (આમીન)

## સાતમું: દરેક પ્રકારના મોજા પર મસો કરવાનો આદેશ:

૧- ખુફ: ચામડા વગેરેના મોજા.

૨- જવરબ: ઉલન અથવા રુથી બનેલા મોજા.

## મસો કરવાની શરતો:

૧- સંપૂર્ણ તહારત પછી પહેરવા.

૨- તેનાથી કદમ અને ઘૂટી છુપાય જાય.

૩- બંને મોજા પાક હોવા જોઈએ.

૪- મસો તેના સમયમાં કરવામાં આવે.

૫- મસો વુઝૂમાં કરવામાં આવશે, ગુસલમાં નહીં.

૬- મોજા હલાલ હોવા જોઈએ, ચોરી કરેલા અથવા પુરૂષો માટે રેશમના મોજા ન હોવા જોઈએ, કારણકે હરામ વસ્તુઓ દ્વારા આપેલ છૂટ અપનાવી શકતા નથી.

## મસો કરવાનો સમયગાળો:

મુકીમ (રહેવાસી): અર્થાત્ જે ઘરમાં હોઇ સફરમાં ન હોય તેના માટે એક દિવસ અને એક રાત સુધી. અને મુસાફર માટે ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી.

## મસો કરવાની રીત:

હાથને પાણીથી લીલા કરી, પગની આંગળીઓથી લઈ પિંડલી (ઘૂંટીની ઉપર સુધીના ભાગમાં) મોજા પર એક વાર મસો કરવો.

## મસાને બાતલ (અમાન્ય) કરનારી બાબતો:

૧- મસાનો સમયગાળો પૂરો થઇ જવો.

૨- બન્ને મોજા અથવા એક મોજાને પણ ઉતારી દેવા.

૩- હડષે અકબર (જેના કારણે ગુસલ વાજિબ થઈ જાય) પ્રાપ્ત થવી.

## મોજા પર મસોકરવાનો હુકમ:

મસો કરવું પગ ધોવાથી બહેતર છે, કારણકે આ અલ્લાહ તઆલા તરફથી છૂટ છે, અને જેના કારણે આપ ﷺ નું અનુસરણ અને બિદઅતી લોકોનો વિરોધ થાય છે.

## બેન્ડેજ, ડ્રેસિંગ અને પટી પર મસો કરવો:

જબાઇર: ફ્રેક્ચર થયેલ શરીરના ભાગમાં કરવામાં આવતું પ્લાસ્ટર અથવા પાટો.

અસાઈબ: કપડું વગેરે, જે જખમ, બળી ગયેલ અંગ પર બાંધવામાં આવે છે.

લુસૂક: સારવારના હેતુથી ફોલ્લી વગેરે પર બાંધવામાં આવતો પાટો.

## આ વસ્તુઓ પર મસો કરવાનો હુકમ:

જરૂરત વખતે જાઈઝ છે, શરત એ કે જરૂરતની જગ્યા કરતા વધારે જગ્યા પર મસો કરવામાં ન આવે.

અને જ્યારે જરૂરત ખતમ થઈ જાય અથવા તેને ઉતારવા પર કોઈ તકલીફ ન થતી હોય તો મસો કરવો જાઈઝ નથી.

## આ વસ્તુ પર મસો કરવાનો તરીકો:

તેની આસપાસના ભાગને ધોવામાં આવે, અને પાટા પર મસો કરવામાં આવે, અને જ્યાં પાટો ન હોય તે ભાગમાં વુઝૂ કરવામાં નહીં આવે.

## આઠમું: તયમ્મુમના આદેશો:

તયમ્મુમ: પાકીની નિયત કરી માટી વડે એક ખાસ અંદાજમાં ચહેરા અને હાથ પર મસો કરવો.

## તેનો આદેશ:

પાણી ન હોય અથવા પાણીનો ઉપયોગ કરવાની શક્તિ ન હોય તે સ્થતિમાં તો વુઝૂ અને ગુસલના બદલામાં તયમ્મુમ કરવું વાજિબ છે.

## તયમ્મુમ કરવાની હિકમત:

તયમ્મુમ મુહમ્મદ ﷺ ની ગુણવત્તા માંથી એક છે, આ અલ્લાહ તરફથી અહેસાન અને તેના તરફથી મળેલ છૂટ છે, પાછલી કોમ માટે આ આદેશ ન હતો.

## જે સ્થિતિઓમાં તયમ્મુમ કરવું જાઈઝ છે, તેનું વર્ણન:

૧- સફરમાં હોય અથવા ઘરે હોય તો પ્રયત્ન કરવા છતાંય પાણી ન મળે.

૨- પાણી તો હોય, પરંતુ પીવા માટે અને ખાવાનું બનાવવા માટે જ પૂરતું હોય, જો તેને પીવામાં આવે તો કોઈ માનવી અથવા જાનવર તરસ્યો રહી શકે છે.

3- જો પાણીના ઉપયોગથી બીમારી વધવાનો ભય હોય, અથવા શિફા પ્રાપ્ત થવામાં વાર લાગતી હોય.

૪- બીમારીના કારણે હલનચલન કરી શકાતું ન હોય તો એવી સ્થિતિમાં કોઈ વુઝૂ કરાવનાર પણ ન હોય અને સમય જતો રહેવાનો ભય હોય.

૫- જ્યારે પાણીના ઉપયોગથી ઠંડક ચઢી જવાનો ભય હોય અને ગરમી પ્રાપ્ત કરવાનો કોઈ સ્ત્રોત પણ ન હોય તો તયમ્મુમ કરવું જાઈઝ છે.

## તયમ્મુમ કરવાની રીત:

ખુલ્લી આંગળીઓ કરી હાથ માટી પર મારવા, પછી સંપૂર્ણ ચેહરા અને હથેળીઓ પર મસો કરવો.

## તયમ્મુમને બાતેલ (અમાન્ય) કરી દેનારી બાબતો:

૧- પાણી મળી આવવું, જો તયમ્મુમ પાણીની અછતના કારણે કરવામાં આવ્યું હોય, અથવા પાણીનો ઉપયોગ કરવાની શક્તિ જો શક્તિ ન હોવાના કારણે તયમ્મુમ કરવામાં આવ્યું હોય.

૨- વુઝૂ અને ગુસલને બાતેલ કરવાવાળી દરેક વસ્તુઓથી તયમ્મુમ પણ બાતેલ થઈ જાય છે. જેવું કે જનાબત (નાપાકી), હૈઝ અને નિફ઼ાસ.

## જે વ્યક્તિ પાણી અને તયમ્મુમ બન્નેનો ઉપયોગ ન કરી શકે તેના માટે હુકમ:

જેને પાણી અથવા માટી ન મળે અથવા તેની પરિસ્થિતિ એવી હોય કે તે પાણી અથવા માટી ઉપયોગ નથી કરી શકતો, તો તે એવી જ સ્થિતિમાં નમાઝ પઢશે, કારણકે અલ્લાહ તઆલા શક્તિ કરતા વધારે ભાર નથી આપતો અને તે નમાઝને ફરી પણ નહીં પઢે, કારણકે તેણે ફરજ અદા કરી દીધું, કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿فَاتَّقُوا اللَّهَ مَا اسْتَطَعْتُمْ﴾ [التغابن: 16]،

{જ્યાં સધી તમારાથી શક્ય હોઈ ત્યાં સુધી અલ્લાહ થી ડરતા રહો} [અત્ તગાબુન: ૧૬].

અને આપ ﷺ કહે છે:

«إذا أمرتكم بأمر فأتوا منه ما استطعتم»

«જ્યારે હું તમને કોઈ વસ્તુનો આદેશ આપું તો પોતાની શક્તિ પ્રમાણે તેના પર અમલ કરો».[10]

ફાયદો: જો જનાબતના (નાપાકીના) કારણે તયમ્મુમ કર્યું હોય અને પાણી મળી આવે તો ફરી ગુસલ કરશે.

## નવમુ: હૈઝ અને નિફાસના આદેશો:

### પહેલું: હેઝ:

આ એક પ્રાકૃતિક લોહી છે, જે ખાસ સમયમાં ગર્ભાશય માંથી નીકળે છે, વધારે પડતું એક માસમાં છ કે સાત દિવસ હોય છે, અને ક્યારેક તેનાથી વધારે અથવા ઓછું પણ હોઈ શકે છે, અને સ્ત્રી પોતાના પ્રાકૃતિક ઢાંચા પ્રમાણે તેનો મહિનો ક્યારેક લાંબો અને ક્યારેક ટૂંકો હોય છે.

[10] બુખારી, હદીષ નંબર: (૭૨૮૮) (૧૩/૩૦૮) મુસ્લિમ, હદીષ નંબર: (૬૦૬૬) (૮/૧૦૮).

હૈઝના આદેશો:

૧- હૈઝની સ્થિતિમાં સ્ત્રી ન તો નમાઝ પઢશે અને ન તો રોઝો રાખશે, અને ન તો તેના તરફથી નમાઝ અને રોઝા યોગ્ય ગણવામાં આવશે.

૨- હૈઝથી પાક થયા પછી રોઝાની કઝા કરશે, નમાઝની નહીં.

૩- તેના માટે તવાફ કરવો જાઈઝ નથી. અને તે કુરઆન પઢી શક્તિ નથી, ન તો મસ્જીદમાં બેસી શકે છે, અને તેના પતિ માટે તેની સાથે ત્યાં સુધી સમાગમ કરવું હરામ છે જ્યાં સુધી તેનું હૈઝ ન રોકાઈ જાય, અને તેણી ગુસલ ન કરી લે.

૪- તે સિવાય તેનો પતિ તેની સાથે સમાગમ સિવાય તેણીથી ફાયદો ઉઠાવી શકે છે જેમ કે ચુંબન કરવું વગેરે.

૫- અને હૈઝની સ્થિતિમાં તેનો પતિ તેને તલાક પણ નથી આપી શકતો. અને તુહર (પાકી) નો અર્થ: લોહીનું રોકાઈ જવું, તો જયારે લોહી રોકાઈ જાય તો સ્ત્રી પાક થઇ જાય છે, અને તેણીનો હૈઝનો સમયગાળો પૂરો થઇ જાય છે, અને ત્યારે તેના પર ગુસલ કરવું વાજિબ થઇ જાય છે, ફરી જે કઈ બાબતો હૈઝના કારણે હરામ હતી તે દરેક કાર્યો કરી શકી છે. અને જો તે પાક થઇ ગયા પછી (હૈઝનું લોહી આવવાની જગ્યાએ) કોઈ ભીનાશ જેમકે માટી જેવા રંગનું કે પીળા રંગની પાણી જુએ તો તેને ગણવામાં નહીં આવે.

## બીજું: નિફાસ:

નિફાસ તે લોહીને કહે છે જે પ્રસુતિના સમયે અથવા તેના પછી નીકળે છે, અને આ તે લોહી છે, જે ગર્ભ દરમિયાન જે ગર્ભાશયમાં રોકાઈ ગયેલું હોઈ છે.

અને નિફાસ, એ હૈઝ જેવું જ છે, પરંતુ તેમાં પણ સમાગમ સિવાય દરેક પ્રકારનો ફાયદો ઉઠાવી શકાય છે.

અને તે દરેક કાર્યો હરામ થઇ જાય છે જે હૈઝના કારણે હરામ થઇ જાય છે, જેમકે સમાગમ કરવું, નમાઝ, રોઝા, તલાક આપવી, તવાફ કરવો, કુરઆન પઢવું, મસ્જિદમાં રોકાવવું, અને એવી જ રીતે જયારે હૈઝની જેમ જયારે નિફાસનું લોહી રોકાઈ જાય તો ગુસલ કરવું વાજિબ થઇ જાય છે, અને હૈઝ જેવું જ રોઝાની કઝા કરવી પડશે, નમાઝની નહીં.

અને નિફાસનો સૌથી લાંબો સમયગાળો ચાળીસ દિવસ છે, પરંતુ જો ચાળીસ દિવસ પહેલા લોહી રોકાઈ જાય તો તેણીનો નિફાસનો સમયગાળો પૂરો થઇ જશે, જેથી તેણી ગુસલ કરશે, નમાઝ પઢશે અને તે દરેક કાર્યો કરશે જે તેણીના માટે નિફાસના કારણે હરામ થઇ ગયા હતા.

## બીજો વિભાગ: નમાઝ

### પહેલું: અઝાન અને ઇકામતના આદેશો:

અઝાનનો આદેશ એક હિજરીસનમાં આપવામાં આવ્યો, અઝાનનો આદેશ આપવાનું કારણ: જયારે મુસલામનોને નમાઝના સમયો જાણવા વિશે તકલીફ પડી તેઓ ચિંતા કરવા લાગ્યા કે તેની કોઈ નિશાની હોવી જોઈએ, તે દરમિયાન અબ્દુલ્લાહ બિન ઝૈદ રઝી.

ને સપનામાં અઝાન બતાડવામાં આવી, જેને અલ્લાહની વહી દ્વારા માન્ય ગણવામાં આવી.

અઝાન: નમાઝનો સમય થઇ ગયો છે તેને જાહેર કરે છે, અને ઇકામત: નમાઝ ઉભી થઇ જવાને કહે છે.

અઝાન અને ઇકામત ફરજ નમાઝો માટે પુરુષોની જમાઅત માટે ફરજે કિફાયા છે, આ ઇસ્લામની દેખીતી નિશાનીઓ માંથી છે તેને છોડવું યોગ્ય નથી.

## અઝાનની શર્તો:

૧- અઝાન આપનાર મોમિન પુરુષ હોઈ.

૨- અઝાન તરતીબ પ્રમાણે (સંકલિત) હોવી જોઈએ.

૩- અઝાન સળંગ આપવામાં આવે.

૪- અઝાન નમાઝનો સમય થઇ ગયા પાછી આપવામાં આવે, અને આ શર્તથી બે અઝાનો અલગ છે ફજર અને જુમ્માની પહેલી અઝાન.

## અઝાનની સુન્નતો:

૧- બંને આંગળીઓ કાનમાં મુકવામાં આવે.

૨- નમાઝના શરુના સમયે અઝાન આપવી.

૩- હય્યા અલસ્ સલા અને હય્યા અલસ્ ફલા કહેતી વખતે ડાબે અને જમણે મોઢું ફેરવવું.

૪- અઝાન આપનારનો અવાજ સારો હોઈ.

૫- અઝાનના શબ્દો રુકી રુકીને કહેવા પરંતુ હદથી વધારે ન રોકાવવું.

૬- અઝાનમાં દરેક શબ્દની છેલ્લે રોકાવવું.

૭- અઝાન આપવી વખતે કિબલા તરફ હોવું.

૮- અઝાનના પંદર શબ્દો છે, જેમકે નબી ﷺ ની હાજરીમાં બિલાલ રઝી. હંમેશા અઝાન આપતા હતા.

### અઝાનના શબ્દો:

(અલ્લાહુ અકબર): ચાર વખત.

(અશ્હદુ અલ્ લા ઇલાહ ઈલ્લલ્લાહ): બે વખત.

(અશ્હદુ અન્ન મુહમ્મદન્ રસૂલુલ્લાહ): બે વખત.

(હય્યા અલસ્ સલા): બે વખત.

(હય્યા અલસ્ ફલા): બે વખત.

ફરી કહેવું: ( અલ્લાહુ અકબર) બે વખત.

ફરી (લા ઇલાહ ઈલ્લલ્લાહ) કહી અઝાન ખત્મ કરવી: બે વખત.

અને ફજરમાં હય્યા અલસ્ ફલા કહ્યા પછી: (અસ્સલાતુ ખૈરુમ્ મિનન્ નવમ) બે વખત કહેવું; કારણકે તે લોકોનો સુવાનો સમય હોઈ છે.

અને ઇકામત માટેના બાર શબ્દો છે, જેનો હેતો મસ્જિદમાં બેઠેલા લોકોને સચેત કરવાનો છે તેથી તે શબ્દોને વધુ લાંબા કરી કહેવાની જરૂર નથી.

ઇકામતના શબ્દો નીચે પ્રમાણે છે:

(અલ્લાહુ અકબર): બે વખત.

(અશ્હદુ અલ્ લા ઇલાહ ઈલ્લલ્લાહ): એક વખત.

(અશ્હદુ અન્ન મુહમ્મદન્ રસૂલુલ્લાહ): એક વખત.

(હય્યા અલસ્ સલા): એક વખત.

(હય્યા અલસ્ ફલા): એક વખત.

(કદ કા મતિસ્ સલાહ): એક વખત.

(અલ્લાહુ અકબર): બે વખત.

(લા ઇલાહ ઈલ્લલ્લાહ): એક વખત.

અને અઝાન સાંભળનાર માટે જાઈઝ છે તે અઝાનના શબ્દોનો તેના જેવો જ જવાબ આપે, પરંતુ, (હય્યા અલસ્ સલા) અને (હય્યા અલસ્ ફલા) ની જગ્યાએ (લા હવલા વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ) કહે, ફરી નબી ﷺ પર દરૂદ પઢે. ત્યાર પછી આ પ્રમાણે કહે:

**«اللهم رب هذه الدعوة التامة، والصلاة القائمة، آت محمدًا الوسيلة والفضيلة، وابعثه مقامًا محمودًا الذي وعدته، إنك لا تخلف الميعاد»**

«અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિત્ દઅવતિત્ તામ્માતિ, વસ્સલાતિલ્ કાઈમતિ, આતી મુહમ્મદ નિલ્ વસીલતિ વલ્ ફઝીલતિ, વ્બ્અષહુ

મકામમ્ મહમુદ નિલ્લઝી વઅદ્તહ, ઇન્નક લા તુખ્લિફુલ્ મિઆદ» (હે અલ્લાહ ! તે સંપૂર્ણ દીન અને ઉભી થવાવાળી નમાઝના પાલનહાર ! મુહમ્મદ ﷺ ને વસિલો અને મહાનતા નસીબ કર, અને તેમને મહમૂદ નામની જગ્યા પર ઉભા કર, જેનું વચન તે એમને આપ્યું છે, ખરેખર તું વચન તોડવવાળો નથી).[11] અને કહે:

«رضيت بالله ربًّا، وبالإسلام دينًا، وبمحمد ﷺ نبيًّا».

«રઝીતુ બિલ્લાહી રબ્બવ વબિલ્ ઇસ્લામિ દીના વબિ મુહમ્મદિન્ ﷺ નબિય્યા» (હું રાજી છું અલ્લાહના પાલનહાર હોવાથી, અને ઇસ્લામના દીન હોવાથી, અને મુહમ્મદ ﷺ ના નબી હોવાથી.)

કોઈ કારણ વગર, પાછા જવાની નિયતથી અને અઝાન પછી મસ્જિદ માંથી નીકળવું હરામ છે.

અને જયારે બે નમાઝો ભેગી કરી પઢવામાં આવે તો અઝાન એક કહેવામાં આવશે અને ઇકામત દરેક નમાઝ માટે અલગ અલગ કહેવામાં આવશે.

---

[11] ઇબ્ને બાઝ રહી. મજ્મુઅલ્ ફતાવા (૨૯/૧૪૧) માં કહે છે: (ઈમામ બ્યહકી રહી. પાસે જાબીર રઝી. ની સહીહ સનદ સાથે રિવાયતમાં નબી ﷺ ના શબ્દ «અલ્લઝિ વઅત્તહ» પછી «ઇન્નક લા તુખ્લિફુલ્ મિઆદ» નો વધારો વર્ણન છે.

## બીજું: નમાઝનો દરજ્જો અને તેની મહત્ત્વતા:

નમાઝ શહાદતૈન (અલ્લાહ અને રસૂલની ગવાહી) પછી ઇસ્લામનો એક મહત્તવનો રૂકન (સ્તંભ) છે, અને ઇસ્લામમાં નમાઝનું એક મહત્તવનું સ્થાન છે, અલ્લાહ એ તેને મેઅરાજની રાત્રે આકાશ પર પોતાના પયગંબર પર ફરજ કરી, જેનાથી તેની મહાનતા, અલ્લાહ પાસે તેને શ્રેષ્ઠ દરજ્જો અને તેનું સંપૂણપણે વાજિબ હોવું સ્પષ્ટ થાય છે.

નમાઝની મહત્ત્વતા અને તેની ફરજિયાત વિષે ઘણી હદીષો વર્ણન કરવામાં આવી છે, નમાઝની મહત્તવતા ઇસ્લામના જરૂરી કાર્યો માંથી છે.

નમાઝના ફર્ઝ અને સંપૂણ વાજિબ હોવાની અમુક દલીલો નીચે વર્ણન કરવામાં આવી રહી છે:

૧- અલ્લાહ તઆલા કહે છે:

﴿إِنَّ الصَّلَاةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِينَ كِتَابًا مَوْقُوتًا﴾ [النساء: 103].

{નિ:શંક નમાઝ ઈમાનવાળાઓ માટે નક્કી કરેલ સમય પર પઢવી જરૂરી છે} [અન્ નિસા: ૧૦૩]. અર્થાત્: તે સમયોમાં ફર્ઝ છે જે નબી ﷺ એ વર્ણન કર્યા છે.

૨- અલ્લાહ તઆલા કહે છે:

﴿وَمَا أُمِرُوا إِلَّا لِيَعْبُدُوا اللَّهَ مُخْلِصِينَ لَهُ الدِّينَ حُنَفَاءَ وَيُقِيمُوا الصَّلَاةَ﴾ [البينة: 5].

{તેઓને ફક્ત એ જ આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ ફક્ત અલ્લાહની જ ઈબાદત કરે અને અને દીનને નિખાલસતા સાથે અપનાવે, (એકાંતમાં) નમાઝ કાયમ કરતા રહે} [અલ્ બય્યિનહ: ૫].

૩- અલ્લાહ તઆલા કહે છે:

﴿فَإِنْ تَابُوا وَأَقَامُوا الصَّلَاةَ وَآتَوُا الزَّكَاةَ فَإِخْوَانُكُمْ فِي الدِّينِ﴾ [التوبة: 11].

{હજુ પણ આ લોકો તૌબા કરી લે અને નમાઝ પઢવા લાગે અને ઝકાત આપતા રહે તો તમારા દીની ભાઇ છે} [અત્ તૌબા: ૧૧].

૪- જાબિર રઝી. થી રિવાયત છે કે નબી ﷺ એ કહ્યું:

«إن بين الرجل وبين الشرك والكفر: ترك الصلاة»

«ખરેખર માનવી, શિર્ક અને કુફ્ર વચ્ચે તફાવત કરનાર: નમાઝને છોડવું છે».[12]

૫- બુરૈદહ રઝી. કહે છે: નબી ﷺ એ કહ્યું:

«العهد الذي بيننا وبينهم الصلاة، فمن تركها فقد كفر»

«અમારી અને તેમની (કાફિરો) વચ્ચે એક વચન છે અને તે છે, નમાઝ, જે કોઈ નમાઝ છોડી દેશે તો તેણે કુફ્ર કર્યું».[13]

અને જે કોઈ વ્યક્તિ નમાઝને વાજિબ હોવાનો ઇન્કાર કરે તેના કાફિર થઈ જવા પર આલિમોનો ઈજમાઅ (એકમત) છે, રહી વાત કે જે વ્યક્તિ આળસના કારણે નમાઝ છોડી દે તે સાચા મંતવ્ય પ્રમાણે તે

[12] આ હદીષને ઈમામ મુસ્લિમ રહી. એ કિતાબુલ્ ઈમાનમાં વર્ણન કરી છે, હદીષ નંબર: (૮૨) (૧/૮૮).

[13] ઈમામ તિર્મિઝી રહી. એ આ હદીષને કિતાબુલ્ ઈમાનમાં વર્ણના કરી છે, હદીષ નંબર: (૨૬૫) (૫/૧૪) ઈમાં તિર્મિઝી રહી. એ કહ્યું: આ હદીષ હસન સહીહ અને ગરીબ છે, અને શૈખ અલ્બાની રહી. એ આ હદીષને સહીહ અત્ તર્ગીબ વત્ તર્હીબમાં સહીહ કહી છે.

પણ કાફિર થઇ જશે, તેની દલીલ ઉપર વર્ણન થઇ ચુકી છે, વધુ એ કે તે વાત પર સહાબાઓ પણ એકમતે છે.

## ત્રીજું: નમાઝની શર્તો:

### ૧- નમાઝનો સમય થઇ જવો:

કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿إِنَّ الصَّلَاةَ كَانَتْ عَلَى الْمُؤْمِنِينَ كِتَابًا مَوْقُوتًا﴾ [النساء: 103].

{નિ:શંક નમાઝ ઈમાનવાળાઓ માટે નક્કી કરેલ સમય પર પઢવી જરૂરી છે} [અન્ નિસા: ૧૦૩]. અર્થાત્: તે નક્કી સમયોમાં ફર્ઝ છે. અને ફર્ઝ નમાઝોના સમયો નીચે મુજબ છે:

અ- ફજર: તુલૂએ ફજર (પરોઢ) થી લઇ સૂર્યોદય સુધી.

બ- ઝોહર: સુરજનું ઝવાલ (ઢળવા) થી લઇ ત્યાં સુધી જ્યારે દરેક વસ્તુના પડછાયાની લંબાઈ તેના બરાબર ન થઇ જાય.

જ- અસર: ઝોહરનો સમય પૂરો થાય ત્યાંથી લઈ સુર્યાસ્ત સુધી.

દ- મગરીબ: સુર્યાસ્તથી લઈ સૂર્યની લાલાશ ગાયબ થઇ જાય ત્યાં સુધી.

હ- ઈશા: મગરીબનો સમય પૂરો થાય ત્યાંથી મધ્ય રાત સુધી.

## ૨- ગુપ્તાંગને ઢાંકવું:

ગુપ્તાંગનો અર્થ એ કે શરીરના તે ભાગ જેને ઢાંકવા જરૂરી છે, અને જેને ખુલી જવા પર શરમ આવે, પુરુષનું ગુપ્તાંગ: નાભિ થી લઈ ઘૂંટણ સુધી છે, અને સ્ત્રી પોતાને ચહેરા સિવાય સંપૂણ શરીર ઢાંકશે, અને ગેર મહરમ (તે પુરુષો જેની સામે સ્ત્રીને પરદો કરવો જરૂરી છે) સામે પોતાના ચહેરાને પણ ઢાંકશે.

## 3- નજાસત (ગંદકી)થી દૂર રહેવું:

નજાસત (ગંદકી/અશુદ્ધતા) એટલે તે ગંદકીઓ જેના હોવાથી નમાઝ થતી નથી, જેમકે પેશાબ, સંડાસ, લોહી વગેરે, આ ગંદકીઓ શરીર, કપડા અને જગ્યા પર હોઈ છે.

## ૪- કિબલા તરફ મોઢું કરવું:

કિબ્લો પવિત્ર કઅબહને કહે છે, તેને કિબ્લો એટલા માટે કેહવામાં આવે કેમકે લોકો તેની તરફ મોઢું કરી નમાઝ પઢે છે.

જો કિબલા તરફ મોઢું કરી નમાઝ પઢવામાં ન આવે તો તે નમાઝ નહીં ગણાય; કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوا وُجُوهَكُمْ شَطْرَهُ﴾ [البقرة: 144].

{અને તમે જ્યાં પણ હોવ, પોતાનું મોઢું તેની જ તરફ કરો} [અલ્ બકરહ: ૧૪૪].

## ૫- નિયત:

નિયતનો શાબ્દિક અર્થ: ઈરાદો કરવો, અને શરિઅત પ્રમાણે: અલ્લાહ તઆલની નિકટતા પ્રપાત કરવા માટે કોઈ ઈબાદત કરવાનો પાકો ઈરાદો કરવો.

નિયતનું સ્થાન દિલ છે, શબ્દો વડે તેને કહેવાની જરૂર નથી, પરંતુ તે તો બિદઅત થઇ જશે.

## ચોથું: નમાઝના રુકનો:

નમાઝના ચૌદ રુકન છે, જે નીચે મુજબ છે:

## પહેલું રુકન: જો શક્તિ હોઈ તો ઉભા રહેવું:

કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿وَقُومُوا لِلَّهِ قَانِتِينَ﴾ [البقرة: 238]،

{અને અલ્લાહ માટે અદબથી ઉભા રહો} [અલ્ બકરહ: ૨૩૮]. અને ઇમરાન રઝીની હદીષ જેમાં તેઓ નબી ﷺ થી રિવાયત કરે છે:

«صل قائمًا، فإن لم تستطع فقاعداً، فإن لم تستطع فعلى جنب»

«ઉભા રહી નમાઝ પઢો, જો ઉભા રહી પઢવાની શક્તિ ન હોઈ તો બેસીને નમાઝ પઢો, અને જો બેસીને પણ પઢી શકતા ન હોવ તો પડખે સુતા સુતા નમાઝ પઢો».[14]

[14] બુખારી, હદીષ નંબર: (૧૧૧૭) (૨/૭૫૮) તિર્મિઝી, હદીષ નંબર: (૩૭૨) (૨/૨૧૮).

અર્થાત્ જો કોઈ બીમારીના કારણે ઉભા રહી નમાઝ ન પઢી શકતા હોઈ તો બેસીને નમાઝ પઢવી અને જો બેસીને પણ ન પઢી શકતા હોઈ તો સુતા સુતા પઢી લેવી, બીમારનું ઉદાહરણ: ભયભીત, નગ્ન વ્યક્તિ અને એવી જ રીતે જે વ્યક્તિને કોઈ બીમારીને કારણે બેસી રહેવું અથવા સૂઈ રેહવાનું હોઈ તો તેને ઉભા થવાની જરૂર નથી, એવી જ રીતે જે વ્યક્તિ કોઈ ઈમામની પાછળ નમાઝ પઢતો હોઈ અને તે ઈમામ પાસે ઉભા ના રેહવાનું કારણ હોઈ તો દરેક લોકો તેની પાછળ બેસીને નમાઝ પઢશે. અને રહી વાત નફિલ નમાઝ, તો શક્તિ હોવા છતાય બેસીને નમાઝ પઢવામાં કોઈ વાંધો નથી, પરંતુ આવું કરવામાં નેકીમાં ઘટાડો થઇ જશે.

## બીજો રુકન: પહેલી તકબીરે તેહરીમા (અર્થાત્ અલ્લાહુ અકબર કહેવું):

કારણકે નબી ﷺ એ કહ્યું:

«ثم استقبل القبلة وكبِّر»

«ફરી કિબલા તરફ મોઢું કરો અને અલ્લાહુ અકબર કહો».[15]

અને તેમાં (અલ્લાહુ અકબર) કહેવું જરૂરી છે અને તે સિવાય બીજું કઈ કહેવું પુરતું નહીં થાય.

---

[15] બુખારી, હદીષ નંબર: (૬૨૫૧) (૧૧/૪૪) મુસ્લિમ, હદીષ નંબર: (૮૮૪) (૨/૩૩૦).

## ત્રીજો રુકન: સૂરે ફાતિહા પઢવી:

કારણકે નબી ﷺ એ કહ્યું:

«لا صلاة لمن لم يقرأ بفاتحة الكتاب»

«તે વ્યક્તિની નમાઝ નહીં ગણાય જેણે સૂરે ફાતિહા ન પઢી હોઈ».[16]

## ચોથો રુકન: દરેક રકાઅતમાં રુકૂઅ કરવું:

કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا ارْكَعُوا وَاسْجُدُوا﴾ [الحج: 77].

{હે ઈમાનવાળાઓ ! રૂકુઅ, સિજદા કરતા રહો} [અલ્ હજ્જ: ૭૭].

## પાંચમો અને છઠ્ઠો રુકન:

રુકૂઅથી ઉભા થવું અને પહેલાની જેમ સીધા ઉભા થઇ જવું, કારણકે નબી ﷺ હંમેશા આ અમલ કરતા રહ્યા. અને નબી ﷺ એ નમાઝ પઢવાવાળાને કહ્યું: «ફરી (પોતાનું માથું) ઉઠાવો અહી સુધીકે તમે સીધા ઉભા ન થઇ જાઉ».[17]

---

[16] બુખારી, હદીષ નંબર: (૭૫૬) (૨/૩૦૬) મુસ્લિમ, હદીષ નંબર: (૮૭૨) (૪/૪૨૨).

[17] બુખારી, હદીષ નંબર: (૭૯૩) મુસ્લિમ, હદીષ નંબર: (૩૯૮).

## સાતમો રુકન: શરીરના સાત અંગો વડે સિજદો કરવો:

અને તે સાથ અંગો આ છે: કપાળ, બંને હાથ, બંને ઘૂંટણો, અને પગની આંગળીઓ; કારણકે નબી ﷺ એ કહ્યું: «આપણને સાત અંગો વડે સિજદો કરવાનો આદેશ આપ્યો છે, કપાળ -અને નબી ﷺ પોતાના નાક તરફ ઈશારો કર્યો- બંને હથેળીઓ, બંને ઘૂંટણો અને બંને પગની આંગણીઓ».[18]

## આઠમો રુકન: સિજદો કરી ઉભા થવું અને બંને સિજદા દરમિયાન બેસવું:

કારણકે આયશા રઝી.ની હદીષ છે:

«كان النبي ﷺ إذا رفع رأسه من السجدة، لم يسجد حتى يستوي جالسًا»

«નબી ﷺ જયારે સિજદો કરી ઉભા થતા તો ત્યાં સુધી બીજો સિજદો ન હતા કરતા જ્યાં સુધી બેસી ન જતા».[19]

## નવમો રુકન: નમાઝના દરેક રુકન શાંતિ પૂર્વક કરવા:

તે શાંતિ, ભલેને થોડી હોઈ, કારણકે નબી ﷺ એ નમાઝ પઢનારને કહ્યું: «અહીં સુધી કે તમે તેને શાંતિ પૂર્વક કરી ન લો».[20]

---

[18] બુખારી, હદીષ નંબર: (૮૧૨), મુસ્લિમ, હદીષ નંબર: (૪૯૦).

[19] મુસ્લિમ, હદીષ નંબર: (૪૯૮).

[20] બુખારી, હદીષ નંબર: (૭૨૪), મુસ્લિમ, હદીષ નંબર: (૩૯૮) (૬/૩૯૮).

## દસમો અને અગ્યારમો રુકન:

છેલ્લી તશહ્હુદની બેઠક: કારણકે ઇબ્ને મસ્ઊદ રઝી. નબી ﷺ થી રિવાયત કરે છે:

«إذا صلى أحدكم فليقل: التحيات لله والصلوات والطيبات، السلام عليك أيها النبي ورحمة الله وبركاته، السلام علينا وعلى عباد الله الصالحين، أشهد أن لا إله إلا الله وأشهد أن محمداً عبده ورسوله»

«જયારે તમારા માંથી કોઈ નમાઝ પઢે તો કહે: "અત્તહિયાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ, અસ્સલામુઅલય્ક અય્યુહન્ નબીય્યુ વરહ્મતુલ્લાહિ વબરકાતુહુ, અસ્સલામુઅલય્ના વઅલા ઈબાદિલ્લાહિસ્ સોલિહીન, અશ્હદુ અલ્ લાઈલાહ ઇલ્લલાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહુ વરસૂલુહુ" ((મારી) દરેક પ્રકારની ઈબાદતો, જે જુબાન વડે થતી હોય, જે અંગો વડે થતી હોય, અને જે માલ વડે થતી હોય તે ફક્ત અલ્લાહ માટે જ છે, હે પયગંબર ! તમાર પર સલામતી થાય અને અલ્લાહની રહેમત અને તેની બરકતો નાઝિલ થાય,અમારા પર અને અલ્લાહ ના દરેક સદાચારી બંદાઓ પર પણ સલામતી નાઝિલ થાય, હું ગવાહી આપું છું, કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ(ઈબાદત ને લાયક) નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લાહુ અલય્હિ વસલ્લમ તેના બંદા અને રસૂલ છે)».[21]

[21] બુખારી, હદીષ નંબર: (૭૯૭), મુસ્લિમ, હદીષ નંબર: (૪૦૨).

## બારમો રુકન: છેલ્લા તશહ્હુદની બેઠકમાં નબી ﷺ પર દરૂદ પઢવું:

અને તે કહે:

«اللهم صلِّ على محمد»،

«હે અલ્લાહ ! તું અમારા નબી મુહમ્મદ ﷺ પર સલામતી ઉતાર». અને તેનાથી વધારે કહેવું સુન્નત છે.

## તેરમો રુકન: દરેક રુકન એક પછી એક તરતીબ સાથે કરવા:

કારણકે નબી ﷺ તરતીબ સાથે કરતા હતા, તેમણે કહ્યું:

«صلوا كما رأيتموني أصلي».

«તમે એવી રીતે નમાઝ પઢો જેવી રીતે તમે મને નમાઝ પઢતા જુઓ છો». અને ફરી આ તરતીબની શિખામણ નબી ﷺ એ નમાઝમાં ભૂલ કરનાર વ્યક્તિને પણ આપી હતી.

## ચૌદમું રુકન: સલામ ફેરવવું:

કારણકે નબી ﷺ એ કહ્યું:

«وختامها التسليم».

«અને સલામ વડે તેને પૂર્ણ કરો».

અને કહ્યું:

«وتحليلها التسليم»

«નમાઝ માંથી હલાલ થવાનો તરીકો સલામ છે».[22]

## પાંચમું: નમાઝની ફરજો:

અને તે નવ છે:

૧- તકબીરે તહરીમા (પહેલી તકબીર) સિવાયની બધી તકબીરો.

૨- રુકૂઅમાં એક વખત «સુબ્હાન રબ્બી અલ્ અઝીમ» કહેવું, ત્રણ વખત કહેવું સુન્નત છે અને તે કમાલનો નીચો દરજ્જો છે, અને દસ વખત કહેવું તે ઉંચ્ચ દરજ્જો છે.

૩- જો ઈમામ હોઈ અથવા એકલો નમાઝ પઢનાર હોઈ તો રુકૂઅમાંથી ઉભા થતી વખતે «સમિઅલ્લાહુ લિમન હમિદહ» કહેવું જરૂરી છે.

૪- રુકૂઅ માંથી સીધા ઉભા થતી વખતે «રબ્બના વલકલ્ હમ્દ» કહેવું.

૫- સિજદામાં એક વખત «સુબ્હાન રબ્બિયલ્ અઅલા» કહેવું.

ત્રણ વખત કહેવું સુન્નત છે.

૬- બન્ને સિજદાની વચ્ચે «રબ્બિગ્ ફિર્લી» કહેવું.

ત્રણ વખત કહેવું સુન્નત છે.

૭- પહેલી તશહ્હુદની બેઠક: જેમાં આ દુઆ પઢવામાં આવશે:

---

[22] બુખારી: હદીષ નંબર: (૧૧૧૦) (૨/૪૩૮).

«التحيات لله، والصلوات والطيبات، السلام عليك أيها النبي ورحمة الله وبركاته، السلام علينا وعلى عباد الله الصالحين، أشهد أن لا إله إلا الله، وأشهد أن محمداً عبده ورسوله».

«"અત્તહિયાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ, અસ્સલામુઅલય્ક અય્યુહન્ નબીય્યુ વરહ્મતુલ્લાહિ વબરકાતુહુ, અસ્સલામુઅલય્ના વઅલા ઈબાદિલ્લાહિસ્ સોલિહીન, અશ્હદુ અલ્ લાઈલાહ ઇલ્લલાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહુ વરસૂલુહુ" ((મારી) દરેક પ્રકારની ઈબાદતો, જે જુબાન વડે થતી હોય, જે અંગો વડે થતી હોય, અને જે માલ વડે થતી હોય તે ફક્ત અલ્લાહ માટે જ છે, હે પયગંબર ! તમાર પર સલામતી થાય અને અલ્લાહની રહેમત અને તેની બરકતો નાઝિલ થાય,અમારા પર અને અલ્લાહ ના દરેક સદાચારી બંદાઓ પર પણ સલામતી નાઝિલ થાય, હું ગવાહી આપું છું, કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ(ઈબાદત ને લાયક) નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ તેના બંદા અને રસૂલ છે)»

૮- પ્રથમ તશહ્હુદમાં બેસવું.

## છઠ્ઠું: નમાઝની સુન્નતો:

સુન્નતો છોડી દેવાથી નમાઝ બાતેલ (અમાન્ય) નહીં થાય, સુન્નતો બે પ્રકારની હોઈ છે: કહેવાની સુન્નતો અને કરવાની સુન્નતો.

## પ્રથમ: કહેવાની સુન્નતો:

૧- દુઆએ ષના, અને તેના ઘણા શબ્દો વર્ણન કરવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે:

«"સુબ્હાનકલ્લાહુમ્મ વબિહમ્દિક વતબારકસ્મુક વતઆલા જદુક વલા ઈલાહ ગયરુક" (હે અલ્લાહ તું પાક છે અને દરેક પ્રકારના વખાણ ફક્ત તારા જ માટે છે, તારું નામ બરકતવાળું છે અને તું બુઝુર્ગ અને ઉંચ્ચ છે, તારા સિવાય કોઈ સાચો ઇલાહ નથી)».

૨- સુરે ફાતિહા પઢતા પહેલા અલ્લાહ પાસે પનાહ માંગવી.

અને તેમાં કહેવું: «"અઊઝુબિલ્લાહિ મિનશ્ શૈતોનિર્ રજીમ" (હું અલ્લાહની પનાહમાં આવું છું ધૃતકારેલા શેતાનથી)».

૩- કુરઆન પઢતા પહેલા બિસ્મિલ્લાહ પઢવું,

«"બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" ((શરૂ કરું છું) અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે».

૪- રુકૂઅ અને સિજદામાં એક થી વધુ વખત તસ્બીહ પઢવી.

૫- એકથી વધુ વખત કહેવું:

«رب اغفر لي»

«"રબ્બિગ્ ફિર્લી" (હે મારા પાલનહાર ! તું મને માફ કરી દે)»

બન્ને સિજદાની વચ્ચે .

૬- કહેવું:

«ملء السماوات، وملء الأرض، وملء ما بينهما، وملء ما شئت من شيء بعد»،

«"મિલઉસ્ સમાવાતિ, વ મલઉલ્ અર્ઝિ, વ મલઉ મા બય્નહુમા, વ મલઉ મા શિઅતમિન્ શૈઈન બઅદ" (હે અલ્લાહ ! તારા જ માટે પ્રશંસા છે એટલી પ્રશંસા જેનાથી આસમાન અને ઝમીન ભરાઈ જાય અને તે બંનેની વચ્ચેનું પણ ભરાઈ જાય અને તેના પછી જે વસ્તુ ઈચ્છે, તે ભરાઈ જાય)».

«"રબ્બના વલકલ્ હમ્દ" (હે અમારા પાલનહાર ! દરેક પ્રકારના વખાણ તારા માટે જ છે)» કહ્યા પછી.

૭- સુરે ફાતિહા પઢયા પછી કુરઆન પઢવું.

૮- કહેવું:

«اللهم إني أعوذ بك من عذاب جهنم، ومن عذاب القبر، ومن فتنة المحيا والممات، ومن فتنة المسيح الدجال».

«" અલ્લાહુમ્મ ઇન્ની અઊઝુબિક મિન અઝાબી જહન્નમ, વમિન અઝાબિલ્ કબ્રી, વમિન ફિત્નતિલ્ મહ્યા વલ્ મમાત, વમિન ફિત્નતિલ્ મસીહીદ્ દજ્જાલ" (હે અલ્લાહ ! હું તારી પનાહ માંગુ છું કબરના અઝાબથી અને જહન્નમના અઝાબથી અને જિંદગી અને મૌતના ફિતનાથી અને મસીહ દજ્જાલના ફિતનાની બુરાઈ થી)».

ત્યારબાદ છેલ્લા તશહ્હુદમાં જે દુઆ ઈચ્છે પઢી શકે છે.

## બીજું: કરવાની સુન્નતો:

૧- ચાર જગ્યાઓમાં કાન અથવા ખભા સુધી હાથ ઉઠાવવા.

અ- પ્રથમ તકબીરે તહરીમા કહેતી વખતે.

બ- રુકૂઅમાં જતી વખતે.

જ- રુકૂઅથી ઉભા થતી વખતે.

દ- તીજી રકાઅત માટે ઉભા થતી વખતે.

૨- કિયામની સ્થિતિમાં રુકૂઅ પહેલા હોઈ કે પછી, જમણો હાથ ડાબા હાથ પર મુકવો.

૩- નજર સિજદાની જગ્યાએ રાખવી.

૪- સિજદો કરતી વખતે બંને પડખાને હાથથી દૂર રાખવા.

૫- બંને સિજદા દરમિયાન જાંઘને પેટથી દૂર રાખવી.

૬- નમાઝની દરેક બેઠકોમાં પગને ફેલાવેલા રાખવા, પરંતુ ફક્ત ત્રણ અને ચાર રકાઅતવાળી નમાઝોમાં આવું ન કરવું.

૭- ત્રણ અને ચાર રકાઅતવાળી નમાઝમાં છેલ્લા તશ્હ્હુદમાં તવ્વરુક કરવું.

## સાતમું: નમાઝ પઢવાનો તરીકો:

૧- નબી ﷺ જયારે નમાઝ પઢવા માટે ઉભા થતા તો કિબ્લા તરફ મોઢું કરી બંને હાથ ઉઠાવતા અને હાથની હથેળીઓ કિબ્લા તરફ રાખતા, અને કહેતા:

«الله أكبر»

«"અલ્લાહુ અકબર" (અલ્લાહ સૌથી મોટો છે)».

૨- ફરી ડાબા હાથને જમણા હાથ વડે પકડી છાતી પર મુકતા.

3- ફરી દુઆએ ષના પઢતા, અને હંમેશા એક જ દુઆ ન હતા પઢતા,

દુઆએ ષના વિષે આપ ﷺ દ્વારા જેટલી પણ દુઆઓ સાબિત છે, તે પઢવી જાઈઝ છે, તેમાંથી એક નીચે મુજબ છે:

«سبحانك اللهم وبحمدك، وتبارك اسمك، وتعالى جَدُّك، ولا إله غيرك».

«"સુબ્હાનકલ્લાહુમ્મ વબિહમ્દિક વતબારકસ્મુક વતઆલા જદ્દુક વલા ઈલાહ ગયરુક" (હે અલ્લાહ તું પાક છે અને દરેક પ્રકારના વખાણ

ફક્ત તારા જ માટે છે, તારું નામ બરકતવાળું છે અને તું મહાન અને ઉંચ્ચ છે, તારા સિવાય કોઈ સાચો ઇલાહ નથી)».

૪- ફરી કહેતા: અઊઝુબિલ્લાહિ મિનશ્ શૈતોનિર્ રજીમ, બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ.

૫- ફરી સુરે ફાતિહા પઢતા, અને જયારે સુરે ફાતિહા પૂરી થઇ જતી તો કહેતા: «આમીન».

૬- ફરી જેટલું શક્ય હોઈ તેટલું કુરઆન પઢતા, ફજર, મગરીબ અને ઈશાની નમાઝમાં પહેલી બે રકાઅતોમાં ઊંચા અવાજથી કુરઆન પઢતા,

અને બે રકાઅત સિવાય બીજી રકાઅતમાં ઊંચા અવાજે કુરઆન પઢતા ન હતા, અને દરેક નમાઝમાં પહેલી રકઅત બીજી રકઅતથી લાંબી હોતી હતી.

૭- ફરી રફઉલ્ યદૈન (બંને હાથ ઉઠાવતા) જેવી રીતે શરૂઆતમાં ઉઠાવ્યા હતા, ફરી «અલ્લાહુ અકબર» કહી, રુકૂઅમાં જતા, ફરી ખુલ્લી આંગળીઓ સાથે બન્ને હાથ વડે બંને ઘૂંટણ પકડતા, પોતાની પીઠ સીધી કરી માથું તેની બરાબર કરતા, ન તો વધારે ઉપર ન તો નીચે, ફરી કહેતા:

«سبحان ربي العظيم»

«"સુબ્હાન રબ્બિયલ્ અઝીમ" (મારો પાલનહાર ઘણો જ બુલંદ છે)». એક વખત કહેવું જરૂરી છે, એ ત્રણ વખત કહેવું તે કમાલનો નીચો દરજ્જો છે, જેવું કે પાછળ વર્ણન થઈ.

૮- ફરી રુકૂઅ માંથી «"સમિઅલ્લાહુ લિમન હમિદહ" (અલ્લાહ એ સાંભળ્યું, જેણે તેની પ્રસંશા કરી)» કહી માથું ઉઠાવતા, ફરી રફઉલ્

યદૈન કરતા (બંને હાથ ઉઠાવતા) જેવી રીતે રુકૂઅમાં જતી વખતે કર્યું હતું.

૯- ફરી સીધા ઉભા થઇ આ દુઆ પઢતા:

**«اللهم ربنا ولك الحمد، حمداً كثيراً طيبًا مباركًا فيه، ملء السماء، وملء الأرض، وملء ما بينهما، وملء ما شئت من شيء بعد، أهل الثناء والمجد، أحق ما قال العبد، وكلنا لك عبد، لا مانع لما أعطيت، ولا معطي لما منعت، ولا ينفع ذا الجد منك الجد».**

«"અલ્લાહુમ્મ રબ્બના વલકલ્ હમ્દ, હમ્દન્ કષિરન્ તય્યિબન્ મુબારકન્ ફીહ, મલઉસ્ સમાવાતિ, વ મલઉલ્ અર્ઝિ, વ મલઉ મા બય્નહુમા, વ મલઉ મા શિઅત મિન્ શૈઈન બઅદ, અહલુષ ષનાઈ વલ્ મજદ, અહક્કુ મા કાલલ્ અબ્દ, વકુલ્લ્ના લકલ્ અબ્દ, લા માનિઅ લિમા અઅતય્ત, વલા મુઅતિય લિમા મનઅત, વલા યન્ફઉ જલ્ જદ્દુ મિન્કલ્ જદ્દ" (હે અલ્લાહ ! અમારા પાલનહાર ! દરેક પ્રકારની બરકતવાળી પ્રસંશા તારા માટે જ છે, એટલી પ્રશંસા જેનાથી આસમાન અને ઝમીન ભરાઈ જાય અને તે બંનેની વચ્ચેનું પણ ભરાઈ જાય અને તેના પછી જે વસ્તુ ઈચ્છે, તે ભરાઈ જાય, હે વખાણ અને વરિષ્ઠતાને લાયક ! -સૌથી સારી વાત જે બંદા એ કહી- જયારેકે અમે સૌ તારા જ બંદા છે, હે અલ્લાહ તું જે આપી દે તેને કોઈ રોકવાવાળું નથી અને જે તું રોકી લે તે કોઈ આપવા વાળું નથી, અને કોઈ વરિષ્ઠને તેની ઉંચ્ચતા કોઈ ફાયદો પહોંચાડશે નહીં)».

અને આપ ﷺ ઘણી વાર સુધી આ સ્થિતિમાં સીધા ઉભા રહેતા..

૧૦- ફરી તકબીર (અલ્લાહુ અકબર) સિજદામાં જતા, અને બંને હાથ ન ઉઠાવતા, કપાળ, નાક, બંને હાથ, ઘૂંટણો અને પગની આંગળીઓ વડે સિજદો કરતા, આંગળીઓ અને પગ કિબ્લા તરફ હોતા, પીઠને સીધી રાખતા, કપાળ અને નાકને જમીન પર મૂકી દેતા, ને બંને હથેળીઓ નીચે મૂકી કોણીને ઉપર ઉઠાવી સિજદો કરતા, બંને બાજુના પડખાને બગલોથી દૂર રાખતા, અને પેટને જાંઘોથી અલગ, અને

પગને જાંઘોથી અલગ રાખતા, અને પોતાના સિજદામાં કહેતા: «"સુબ્હાન રબ્બિયલ્ અઝીમ" (મારો પાલનહાર ઘણો જ બુલંદ છે)». એક વખત કહેવું જરૂરી છે, એ ત્રણ વખત કહેવું તે કમાલની નીચો દરજ્જો છે, જેવું કે પાછળ વર્ણન થઈ. તે સિવાય બીજી જે દુઆઓ સાબિત છે તે પણ પઢી શકાય છે.

૧૧- પછી «અલ્લાહુ અકબર» કહી સિજદા માંથી માથું ઉઠાવતા. ફરી ડાબા પગને ફેલાવી તેના ઉપર બેસી જતા, અને જમણા પગને ઉભો રાખતા, ફરી બંને હાથને જાંઘો પર મૂકી આ દુઆ પઢતા:

«اللهم اغفر لي وارحمني، واجبرني، واهدني، وارزقني».

«"અલ્લાહુમ્મગ્ ફિર્લી વર્હમની,વજ્બુર્ની, વહ્દિની, વર્ઝુક્ની" (હે અલ્લાહ ! તું મને માફ કરી દે, મારા પર રહમ કર, મારા નુકસાન પૂરા કરી દે, મને હિદાયત આપ, અને મને રોજી આપ)».

૧૨- ફરી તકબીર (અલ્લાહુ અકબર) કહી બીજો સિજદો એવી જ રીતે કરતા જેવી રીતે પહેલા કર્યો હતો.

૧૩- ફરી તકબીર (અલ્લાહુ અકબર) કહી પોતાનું માથું ઉઠાવતા, અને ઘૂંટણો અને જાંઘો પર ભાર આપી સીધા ઉભા થઇ જતા.

૧૪- સીધા ઉભા થઇ ગયા પાછી કુરઆન પઢવાનું શરૂ કરતા, પછી બીજી રકઅત પણ પહેલી રકઅત જેવી જ અદા કરતા.

૧૫- ફરી પહેલા તશહ્હુદની બેઠકમાં બેસતા, જેવી રીતે બંને સિજદા દરમિયાન બેઠા હતા, અને પોતાનો જમણો હાથ જમણી જાંઘ પર અને ડાબો હાથ ડાબી જાંઘ પર મુકતા, અને મોટી આંગણીને વાળી હલકો બનાવતા, અને પહેલી આંગણી વડે ઈશારો કરી તેની તરફ જોતા, અને ફરી કહેતા:

«التحيات لله والصلوات، والطيبات، السلام عليك أيها النبي ورحمة الله وبركاته، السلام علينا وعلى عباد الله الصالحين، أشهد أن لا إله إلا الله وحده لا شريك له، وأشهد أن محمداً عبده ورسوله»

«"અત્તહિયાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ, અસ્સલામુઅલય્ક અય્યુહન્ નબીય્યુ વરહ્મતુલ્લાહિ વબરકાતુહૂ, અસ્સલામુઅલય્ના વઅલા ઈબાદિલ્લાહિસ્ સોલિહીન, અશ્હદુ અલ્ લાઈલાહ ઇલ્લલાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદન્ અબ્દુહુ વરસૂલુહુ" ((મારી) દરેક પ્રકારની ઈબાદતો, જે જુબાન વડે થતી હોય, જે અંગો વડે થતી હોય, અને જે માલ વડે થતી હોય તે ફક્ત અલ્લાહ માટે જ છે, હે પયગંબર ! તમાર પર સલામતી થાય અને અલ્લાહની રહેમત અને તેની બરકતો નાઝિલ થાય,અમારા પર અને અલ્લાહ ના દરેક સદાચારી બંદાઓ પર પણ સલામતી નાઝિલ થાય, હું ગવાહી આપું છું, કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ(ઈબાદત ને લાયક) નથી અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ તેના બંદા અને રસૂલ છે)»

અને થોડી વાર બેસતા.

૧૬- ફરી તકબીર (અલ્લાહુ અકબર) કહી ઉભા થઇ જતા, પછી ત્રીજી અને ચોથી રકઅત પહેલી બે રકઅતો કરતા નાની પઢતા, અને તે બંનેમાં સૂરે ફાતિહા પઢતા.

૧૭- ફરી તવ્વરુક કરી છેલ્લા તશહ્હુદમાં બેસતા, અને તવ્વરુક કહે છે: નમાઝ પઢવાવાળો પોતાના ડાબા પગને ફેલાવી જમણા પગને તેની નીચેથી કાઢી જમણા પગને ઉભો કરી જમીન પર બેસે.

૧૮- ફરી છેલ્લા તશહ્હુદમાં પણ તે દુઆઓ પઢવી જે પહેલા તશહ્હુદમાં પઢી હતી, અને તેમાં આ પણ વધારો કરો:

«اللهم صلّ على محمد وعلى آله محمد، كما صليت على آل إبراهيم، إنك حميد مجيد، وبارك على محمد وعلى آل محمد، كما باركت على آل إبراهيم، إنك حميد مجيد».

«"અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મદિવ વઅલા આલી મુહમ્મદ, કમા સલ્લયતા અલા ઈબ્રાહીમ વઅલા આલી ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ, અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદિવ વઅલા આલી મુહમ્મદ, કમા બારક્તા અલા ઈબ્રાહીમ વઅલા આલી ઈબ્રાહીમ ઇન્નક હમીદુમ્ મજીદ" (હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર રહેમતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું, હે અલ્લાહ ! મુહમ્મદ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કર જેવી રીતે તે ઈબ્રાહીમ અને તેમની સંતાન પર બરકતો નાઝિલ કરી, ખરેખર તું વખાણને લાયક અને બુઝુર્ગીવાળો છું)».

ફરી કબરના અઝાબથી અને જહન્નમના અઝાબથી અને જિંદગી અને મૌતના ફિતનાથી અને મસીહ દજ્જાલના ફિતનાની બુરાઈ થી અલ્લાહ પાસે પનાહ માંગવી, અને જે દુઆઓ કુરઆન અને હદીષમાં વર્ણન કરવામાં આવી છે તે દુઆઓ પઢે.

૨૦- જમણી તરફ મોઢું કરતા કહે:

«السلام عليكم ورحمة الله».

«અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ».

અને ડાબી બાજુ પણ મોઢું ફેરવી આ પ્રમાણે જ કહેશે, કિબ્લા તરફ મોઢું કરી સલામ કરવાનું શરુ કરે અને જ્યાં સુધી તે મોઢું ફેરવે ત્યાં ખત્મ કરે.

## આઠમું: નમાઝ દરમિયાન ન કરવાના કાર્યો:

૧- કોઈ કારણ વગર આજુ બાજુ જોવું.

૨- આકાશ તરફ નજર કરવી.

૩- કોઈ કારણ વગર આંખો બંધ કરવી.

૪- સિજદો કરતી વખતે પડખા ફેલાવી દેવા.

૫- કોઈ કારણ વગર નાક અને મોઢું ઢાંકવું.

૬- પેશાબ પાણીની જરૂરત વખતે અથવા એવા ખાવા પીવાના સમયે નમાઝ પઢવી જેમાં તેની સખત જરૂરત હોઈ.

૭- સિજદો કરતી વખતે કપાળ અથવા નાક પર કઈ ચોંટી જાય તેને સાફ કરવું, પરંતુ જો નમાઝ પછી સાફ કરે તો કોઈ વાંધો નથી.

૮- જરૂરત ન હોઈ તો પણ દીવાલને ટેક લગાવવો.

## નવમું: નમાઝને બાતેલ કરવાવાળી બાબતો:

૧- ખાવું-પીવું.

2- નમાઝ બહારની વાતો કરવી.

૩- હસવું.

૪- જાણતા હોવા છતાં કોઈ રુકન કે વાજિબ કાર્યને છોડી દેવું.

૫- જાણતા હોવા છતાં કોઈ રુકન કે રકાઅતનો વધારો કરવો.

૬- હેતુ સર ઈમામ પહેલા સલામ ફેરવવું.

૭- નમાઝ બહારના બિનજરૂરી કાર્યો કરવા.

૮- નમાઝની કોઈ શર્ત વિરુદ્ધ કાર્ય કરવું, જેમકે વઝૂ તૂટી જવું, હેતુ સર ગુપ્તાંગ જાહેર થવા, બિનજરૂરી કિબ્લાથી હતી જવું અને નિયત ખત્મ કરી દેવી.

## દસમું: સજદએ સહ્વ (નમાઝમાં કોઈ ભૂલચૂક થઇ હોઈ ત્યારે કરવામાં આવતો સિજદો):

સહ્વનો અર્થ: ભૂલ છે, અને નમાઝમાં નબી ﷺ થી પણ ભૂલ થઇ હતી, કારણકે ભૂલી જવું એ માનવીની ફિતરત (વૃત્તિ) છે,

અને નબી ﷺ થી ચૂક થવી એ આ કોમ માટે એક નેઅમત (ભેટ) અને તેમના દીનનો એક ભાગ છે, જેથી લોકો ભૂલ થઇ જાય નબી ﷺ નું અનુસરણ કરે.

## સજદએ સહ્વના કારણો:

૧- પહેલી સ્થિતિ:

નમાઝના કાર્યો અને વાતોમાં વધારો કરવો:

અ- કાર્યોનો વધારો: જો તે કાર્યો નમાઝના ભાગો માંથી હોઈ તો સજદહ સહ્વ કરવામાં આવે, જેમકે બેસવાની જગ્યા એ ઉભું થઇ જવું, ઉભું થવાની જગ્યાએ બેસી જવું, અથવા વધારે રુકૂઅ અથવા સિજદો કરવો.
બ- વાતોનો વધારો: જેમકે રુકૂઅ અથવા સિજદામાં કુરઆન પઢવું,
જે તે ભૂલના કારણે હોઈ તો સજદહ સહ્વ કરવું જાઈઝ મુસ્તહબ છે.

૨- બીજી સ્થિતિ:

નમાઝમાં કોઈ કમી કરવી, અને તે બે પ્રકારની હોઈ શકે છે:

અ- કોઈ રુકન છોડી દેવો: જો તે રુકન તકબીરે તહરીમા (પહેલી તકબીર) હશે તો નમાઝ જ નહીં ગણાય, અને સજદહ સહ્વ કરવાનો કોઈ ફાયદો નહીં થાય, અને જો તે રુકન તકબીરે તહરીમાં સિવાય બીજું કોઈ હોઈ, જેમકે રુકૂઅ, સિજદો અથવા બીજી રકઅતમાં કુરઆન

શરૂ કરતા પહેલા યાદ આવે તો તે રકઅતના બીજા કાર્યોને કરવા વાજિબ છે, અને જો બીજી રકઅતની તિલાવત શરુ કર્યા પછી યાદ આવે તો તે રકઅત બાતેલ થઇ જશે, અને આગળની રકઅત તેની જગ્યાએ ગણાશે.

બ- કોઈ વાજિબ કાર્ય છોડી દેવું: જેમકે પહેલું તશહ્હુદ ભૂલી જવું અથવા રુકૂઅની દુઆ છૂટી જાય, તો આ સ્થિતિમાં સજદહ સહવ કરવામાં આવશે.

૩- ત્રીજી સ્થિતિ: શંકા:

ઉદાહરણ: કોઈને જોહરની નમાઝ બાબતે શંકા થઇ કે ચાર રકઅત પઢી કે ત્રણ, તો તે સ્થિતિમાં:

અ- જો તેને સંપૂણ યકીન થઇ જાય તો તેના પ્રમાણે અમલ કરશે અને સજદહ સહવ કરશે.

બ- જો તેને યકીન ન આવે તો જે વાત પર તેને યકીન આવે તેની ગણતરી કરશે અને સજદહ સહવ કરશે.

અને જો શંકા નમાઝ પછી થાય અને વધારે શંકા લાગે તો તે આવી કોઈ શંકા તરફ ધ્યાન ન આપે.

ફાયદો: જો નમાઝમાં કોઈ કમી થઇ જાય અથવા શંકા થઇ જાય તો જો તેને કોઈ વાત પર પાકુ યકીન ન થાય તો સજદહ સહવ સલામ પહેલા કરશે, અને જો કોઈ વધારો થઈ ગયો હોઈ અને તેને પાકું યકીન પણ હોઈ તો સજદહ સહવ સલામ પછી કરશે, જોકે સજદહ સહવ સલામ પહેલા પણ કરવુ સહીહ છે અને સલામ પછી પણ.

## અગ્યારમુ: તે સમયો જેમાં નમાઝ પઢી શકાય નહીં:

ખરેખર દરેક સમયે નમાઝ પઢવી જાઈઝ છે, પરંતુ શરીઅતે અમુક સમયોમાં નમાઝ પઢવી જાઈઝ નથી કરી, અને તે નીચે મુજબ છે:

૧- ફજર પછીથી લઇ જ્યાં સુધી સુરજ નીકળી એક ભાલા જેટલો ઉચો ન થઇ જાય.

૨- જયારે સુરજ આકાશમાં સમાંતર વચ્ચે હોઈ અહીં સુધી કે ઢળી ન જાય, અને આ સૌથી ઓછો સમય છે, જેમાં નમાઝ પઢવી મનાઈ છે.

૩- અસરની નમાઝથી લઇ જ્યાં સુધી સુરજ ડૂબી ન જાય, અને આ સૌથી લાંબો સમય છે જેમાં નમાઝ પઢવી મનાઈ છે.

તે નમાઝો જે મનાઈ કરેલા સમયોમાં પઢી શકાય છે:

૧- છૂટી ગયેલી ફરજ નમાઝોની કઝા કરવી.

૨- કારણો વાળી નમાઝો, જેમકે: તહય્યતુલ મસ્જિદ (મસ્જિદમાં દાખલ થઇ પઢવામાં આવતી નમાઝ), તવાફની સુન્નત, સૂર્ય અને ચંદ્ર ગ્રહણની નમાઝ અને જનાઝાની નમાઝ.

૩- ફજરની નમાઝ પછી ફજરની સુન્નતોની કઝા કરવી.

## બારમું: નમાઝની જમાઅત:

મસ્જિદમાં જમાઅત સાથે નમાઝ અદા કરવી તે ઇસ્લામની મહાન નિશાનીઓ માંથી એક છે, અને દરેક મુસ્લામનો આ વાત પર એકમત છે કે પાંચેય નમાઝો મસ્જિદમાં જમાઅત સાથે અદા કરવી તે એક મહાન ઈબાદત છે.

## ૧- જમાઅત સાથે નમાઝ પઢવાનો આદેશ:

જે પુરુષો પાસે કોઈ કારણ ન હોઇ, તેમના પર પાંચેય નમાઝો જમાઅત સાથે મસ્જિદમાં પઢવી વાજિબ છે, પછી ભલે ને તે ઘરમાં બેઠા હોઈ કે સફરમાં હોઈ, અમન અને શાંતિની સ્થિતિમાં હોઈ કે ભયની સ્થિતિમાં.

કુરઆન અને હદીષ અને શરૂઆતથી લઇ આજ દિન સુધી મુસલામનોનો આ વાત પર અમલ કરવો જમાઅત વાજિબ હોવાની દલીલ છે.

કુરઆનની દલીલ માંથી એક દલીલ: અલ્લાહ તઆલા કહે છે:

﴿وَإِذَا كُنْتَ فِيهِمْ فَأَقَمْتَ لَهُمُ الصَّلَاةَ فَلْتَقُمْ طَائِفَةٌ مِنْهُمْ مَعَكَ﴾ [النساء: 102].

{જ્યારે તમે તેઓની સાથે હોવ અને (યુદ્ધની સ્થિતિમાં) તેઓની વચ્ચે નમાઝ પઢવવા લાગો તો, તેઓનું એક જૂથ તમારી સાથે પોતાના શસ્ત્રો લઇ ઊભું હોય} [અન્ નિસા: ૧૦૨] આ આયત જમાઅત વાજિબ હોવાની દલીલ છે, કારણકે ભયના સમયે પણ મુસલમાનોને જમાઅત છોડવાની પરવાનગી નથી, જો જમાઅત વાજિબ ન હોત તો ભય તેના માટે સૌથી મોટું કારણ હતું.

પરંતુ જમાઅત વિષે આળસ કરવી તે મુનાફિકોની એક સ્પષ્ટ નિશાની હતું.

હદીષો માંથી દલીલો: જે ઘણી છે તેમાંથી:

જે સહીહ મુસ્લિમમાં વર્ણન કરવામાં આવી,

**أن رجلاً أعمى قال: يا رسول الله، ليس لي قائد يقودني إلى المسجد، فسأله أن يرخص له أن يصلي في بيته، فرخص له، فلما ولّى دعاه فقال:«هل تسمع النداء ؟» قال: نعم، قال: «فأجب».**

એક અંધ વ્યક્તિએ કહ્યું: હે અલ્લાહના પયગંબર ! મને મસ્જિદ સુધી પહોંચાડનાર કોઈ નથી, તો તેને ઘરમાં નમાઝ પઢવાની પરવાનગી માંગી તો નબી ﷺ એ આપી દીધી, જ્યારે તે જવા લાગ્યો તો તેને પાછો બોલાવીને પૂછ્યું: "શું તમને અઝાન સંભળાય છે?" તેણે કહ્યું: હાં, તો નબી ﷺ એ કહ્યું: "નમાઝનો જવાબ આપો અને મસ્જિદમાં આવો".[23]

તે વ્યક્તિ અંધ હતો તેને ઘણી પરેશાનીઓ હતી તો પણ નબી ﷺ એ તેને અઝાનનો જવાબ આપવાનો અને મસ્જિદમાં આવી જમાઅત સાથે નમાઝ પઢવાનો આદેશ આપ્યો, આ જમાઅત વાજિબ હોવાની દલીલ છે.

## ૨- ક્યારે જમાઅત મળી ગઈ તેમ ગણાશે?

જો ઈમામ સાથે એક રકઅત મળી જાય તો જમાઅત મળી જશે, કારણકે નબી ﷺ એ કહ્યું:

«من أدرك ركعة من الصلاة فقد أدرك الصلاة»

«જેણે નમાઝની એક રકઅત મેળવી લીધી તો ખરેખર તેણે નમાઝ મેળવી લીધી».[24]

## ૩- જે મળવાથી રકઅત મળી જશે:

રુકૂઅ મળવાથી રકઅત પણ મળી જશ, જયારે કોઈ પાછળ આવવા વાળો ઈમાનને રુકૂઅની સ્થિતિમાં જોવે તેના માટે વાજિબ છે કે ઉભો રહી તકબીરે તહરીમા (અલ્લાહુ અકબર) પઢે અને ફરી બીજી વાર તકબીર કહી રુકૂઅમાં જતો રહે, ને જો તે ફક્ત તકબીરે તહરીમા

[23] આ હદીષ અબૂ હુરૈરહ રઝી. થી વર્ણન છે, મુસ્લિમ, હદીષ નંબર: (૧૪૮૪) (૩/૧૫૭).

[24] બુખારી, હદીષ નંબર: (૬૦૯), મુસ્લિમ, હદીષ નંબર: (૬૦૨).

(અલ્લાહુ અકબર) જ કહે અને બીજી તકબીર ન કહે તો કોઈ વાંધો નથી.

## ૪- અમુક કારણોસર જમાઅત છોડવી જાઈઝ છે:

૧- એવી બીમારી જેના કારણે જુમ્મા અને જમાઅતમાં હાજરી આપવી શક્ય ન હોઇ.

૨- જયારે પેશાબ પાણીની સખત જરૂરત હોઈ, કારણકે તે સ્થિતિમાં નમાઝમાં ખુશૂઅ (શાંતિ) ખુઝૂઅ (વિનમ્રતા) શક્ય નહીં હોઈ, અને તેના કારણે તેના શરીરને નુકશાન પણ પહોંચી શકે છે.

૩- જયારે માનવીને સખત ભુખ લાગી હોઈ અથવા ખાવાની સખત ઈચ્છા હોઈ, અથવા ખાવાનું હાજર હોઈ, પરંતુ શર્ત એ છે કે તેને આદત અથવા જમાઅત છોડવાનું બહાનું ન બનાવવામાં આવે.

૪- જયારે પોતાના પ્રાણ અને માલ બળ બાબતે કોઈ ભય હોઈ.

## તેરમું: સલાતુલ્ ખવ્ફ (ભયના સમયે પઢવામાં આવતી નમાઝ).

દરેક યોગ્ય યુદ્ધ વચ્ચે નમાઝ પઢવી જાઈઝ છે, જેમકે કાફિરો,બળવો કરનાર અને યોદ્ધાઓ સાથે કરવામાં આવતું યુદ્ધ, કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿إِنْ خِفْتُمْ أَنْ يَفْتِنَكُمُ الَّذِينَ كَفَرُوا﴾ [النساء: 101]،

{(ખાસ કરીને) જ્યારે તમને ભય હોય કે કાફિરો તમને સતાવશે} [અન્ નિસા: 101].

અને આના પર અન્ય તે લોકોને પણ ગણવામાં આવશે, જે લોકો સાથે લડાઈ કરવી જાઈઝ છે.

ભય વખતે પઢવામાં આવતી નમાઝની બે શરતો છે:

૧- દુશ્મન એવો હોય કે તેની સાથે યુદ્ધ કરવું જાઈઝ છે.

૨. મુસલમાનોને નમાઝ વખતે તેના તરફથી હમલો થવાનો ભય હોય.

## સલાતુલ્ ખોફ પઢવાની રીત:

આ નમાઝની ઘણી રીતો છે, પ્રખ્યાત રીતનું વર્ણન, સહલ બિન સઅદ રઝી.ની હદીષમાં થઈ છે:

**أن طائفة صفت مع النبي ﷺ، وطائفة وجاه العدو، فصلى بالتي معه ركعة، ثم ثبت قائمًا، وأتموا لأنفسهم، ثم انصرفوا، وصفوا وجاه العدو، وجاءت الطائفة الأخرى، فصلى بهم الركعة التي بقيت من صلاته، ثم ثبت جالسًا، وأتموا لأنفسهم، ثم سلم بهم**

એક જૂથ આપ ﷺ ની સાથે સફમાં ઉભા રહ્યું , અને એક જૂથ દુશ્મન સામેં અડગ રહી ટટાર ઉભું રહે, જે જૂથ આપ ﷺની સાથે હતું તેમને આપ ﷺએ એક રકઅત નમાઝ પઢાવી, પછી આપ ﷺ ઉભા રહ્યા અને સહાબા રઝી. જાતે જ બીજી રકઅત પૂરી કરી લીધી, પછી તેઓ જતા રહ્યા, અને તેઓએ દુશ્મન સામે ઉભા રહ્યા, અને બીજું જૂથ આવીને આપ ﷺ સાથે બીજી રકઅતમાં ઉભા રહ્યા, આપ ﷺએ તેમને બીજી રકઅત પઢાવી, પછી આપ ﷺ બેસી રહ્યા અને સહાબાઓએ બીજી રકઅત જાતે જ પૂરી કરી લીધી. પછી આપ ﷺ એ બધાની સાથે સલામ ફેરવાયું.[25]

સલાતુલ્ ખોફથી મળતા ફાયદાઓ:

[25] બુખારી, હદીષ નંબર: (૪૧૩૦), મુસ્લિમ, હદીષ નંબર: (૮૪૨).

૧- ઇસ્લામમાં નમાઝ અને ખાસ કરીને જમાઅત સાથે પઢવાનું મહત્વ.

કે આટલી અઘરી પરિસ્થિતિમાં પણ નમાઝ માફ નથી.

૨- આ કોમ પરથી તંગીને દૂર કરી દેવામાં આવી છે.

ઇસ્લામ શરીઅતની સરળતા અને તેનું દરેક સમય અને જગ્યા માટે યોગ્ય હોવું.

૩- ઇસ્લામ શરીઅતની સંપૂર્ણતા.

જેણે દરેક સ્થિતિમાં યોગ્ય આદેશો આપ્યા છે.

## ચૌદમુ: જુમ્માની નમાઝ:

## પહેલું: તેનો હુકમ:

જુમ્માની નમાઝ દરેક બુદ્ધિશાળી, પુખ્તવય અને મુસલમાન પુરુષ પર ફર્ઝ છે, જે સફરમાં ન હોય અને તે મઅઝૂર (બીમાર) પણ ન હોય. કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا نُودِىَ لِلصَّلَاةِ مِنْ يَوْمِ الْجُمُعَةِ فَاسْعَوْا إِلَى ذِكْرِ اللَّهِ وَذَرُوا الْبَيْعَ ذَلِكُمْ خَيْرٌ لَكُمْ إِنْ كُنْتُمْ تَعْلَمُونَ﴾ [الجمعة: 9].

{હે ઈમાનવાળાઓ ! શુક્રવારનાં દિવસે જ્યારે નમાઝ માટે અઝાન કહેવામાં આવે તો અલ્લાહના ઝિકર તરફ દોડીને આવો, અને લે-વેચ કરવાનું છોડું દો, જો તમે સમજતા હોવ તો આ જ વાત તમારા માટે ઉત્તમ છે} [અલ્ જુમઅહ: ૯]. અને આપ ﷺ કહે છે:

«لينتهين أقوام عن ودعهم الجمعات، أو ليختمن الله على قلوبهم، ثم ليكونن من الغافلين»

«ખબરદાર ! લોકો જુમ્માની નમાઝ ન પઢવા પર સચેત થઈ જાવ, નહિ તો અલ્લાહ તઆલા તેમના હ્રદય પર મહોર લગાવી દેશે, અને તેઓ ગાફેલ લોકો માંથી બની જાશે».[26]

[26] મુસ્લિમ, કિતાબુલ્ જુમઅહ, હદીષ નંબર: ૮૬૫ (૫૯૧૧૨).

## બીજું: જુમ્માની નમાઝ માટે યોગ્ય શરતો:

૧- સમય: જુમ્માની નમાઝનો સમય તે જ છે, જે ઝોહરની નમાઝનો સમય છે.

તો ઝોહર પહેલા જુમ્માની નમાઝ પઢવી અને સમય પછી પઢવી બન્ને યોગ્ય ગણવામાં નહીં આવે.

૨- જમાઅત સાથે નમાઝ પઢવી, અને સાચા મંતવ્ય પ્રમાણે જમાઅતની સોથી ઓછી સખ્યા ત્રણ છે. એકલા વ્યક્તિની જુમ્માની નમાઝ યોગ્ય નથી અને ન તો બે વ્યક્તિની.

૩- નમાઝ પઢવાવાળો એવા રહેઠાણ ઇલાકામાં હોય જેમાં સામાન્ય રીતે લોકો રહેતા હોય, તે ઘર સિમેન્ટનાં હોય કે માટીનાં હોય અથવા પથ્થરનાં હોય, વગેરે, એટલા માટે ગામડીયા લોકો અને તંબુમાં રહેતા લોકોની જુમ્માની નમાઝ નહીં ગણાય, જેઓ કોઈ એક જગ્યા પર નથી રોકાતા, પરંતુ જ્યાં પણ તે લોકોને પોતાના ઢોરો માટે ચારાપાણી મળી જાય ત્યાં તેઓ પોતાનો ડેરો નાખી દે છે.

જુમ્માની નમાઝ પહેલા બે ખુતબા આપવા જોઈએ, કારણકે આપ ﷺ તેની પાબંદી કરતા હતા.

## ત્રીજું: જુમ્માના બન્ને ખુતબાના રુકન:

૧- અલ્લાહના નામની પ્રશંસાનું વર્ણન અને શહાદતૈન (તૌહીદની સાક્ષી).

૨- આપ ﷺ પર દરૂદ.

૩- તકવાની વસિયત

૪- કુરઆન મજીદ માંથી કોઈ પણ આયત પઢવી.

૫. નસીહત કરવી.

## ચોથું: જુમ્માના બન્ને ખુતબાની મુસતહબ વાતો:

૧- મિંબર પર ખુતબો આપવો.

૨- બન્ને ખુતબાની વચ્ચે સહેજ વાર બેસવું.

૩- મુસલમાનો અને તેમના આગેવાનો માટે દુઆ.

૪- સંક્ષિપ્ત ખુતબો.

૫- મિંબર પર ચઢતી વખતે ખુતબો આપનારે લોકોને સલામ કહેવું.

## પાંચ: જુમ્માના દિવસે મુસતહબ (જાઈઝ) કાર્યો:

૧- મિસ્વાક કરવું.

૨- જો ખુશ્બુ મળતી હોય તો લગાવવી.

૩- જુમ્માની નમાઝ પઢવા માટે જલ્દી નીકળવું.

૪- ચાલતા મસ્જિદમાં આવવું.

૫- ઇમામની નજીક બેસવું.

૬- દુઆ કરવી.

૭- સૂરે કહ્ફની તિલાવત કરવી.

૮. આપ ﷺ પર દરૂદ પઢવું.

## છઠ્ઠું: જે જુમ્માના દિવસે હાજર થાય તેના માટે અવૈદ્ય વસ્તુઓ:

૧- ખુતબો ચાલતી વખતે વાતચીત કરવી, કારણકે નબી ﷺ એ કહ્યું:

«إذا قلت لصاحبك يوم الجمعة: أنصت، والإمام يخطب، فقد لغوت»

જ્યારે જુમ્માના દિવસે ખુતબો આપનાર ખુતબો આપી રહ્યો હોય, અને જો તમે પોતાની નજીક બેસેલા વ્યક્તિ નો એમ કહો કે ચૂપ થઈ જા, તો આવું કહી તમે પોતે એક વ્યર્થ કાર્ય કર્યું.[27] વ્યર્થ વાત અર્થાત્ ગુનાહનું કામ.

૨- ગરદનો કૂદીને જવું એ પણ મકરૂહ છે, પરંતુ જો ઇમામ હોય અને સામે કોઈ જગ્યા ખાલી હોય તો કોઈ વાંધો નથી.

## જુમ્મા પ્રાપ્ત કરવી:

જો ઇમામ સાથે બીજી રકઅતનો રુકૂઅ મેળવી લે તો તેણે જુમ્મા પ્રાપ્ત કરી લીધી, એટલા માટે તે બે રકઅત પુરી કરશે, અને જેને બીજી રકઅતનો રુકૂઅ ન મળે તેની જુમ્મા જતી રહી, એટલા માટે તે ચાર રકઅત જોહર પઢશે, અને એવી જ રીતે ઊંઘ વગેરેના કારણે જતી રહી તો તે પણ ચાર રકઅત જોહરની નમાઝ પઢશે.

---

[27] બુખારી કિતાબુલ્ જુમ્આ, હદીષ નંબર: (૯૩૪) (૨/૧૩), મુસ્લિમ કિતાબુલ્ જુમ્આ, હદીષ નંબર: (૮૫૧) (૨/૮૫૧).

## પાંચમું: માઝૂર (પીડિત) લોકોની નમાઝ:

## પહેલું: બીમારની નમાઝ:

પહેલી વાત: બીમાર માટે જરૂરી છે કે તે પોતાની શક્તિ પ્રમાણે જુમ્માની નમાઝ પઢી લે, અને જ્યાં સુધી હોશ હોય નમાઝ માટે વિલંબ કરવો જાઈઝ નથી.

બીજી વાત: બીમાર કઈ રીતે નમાઝ પઢશે?

૧- બીમાર માટે જરૂરી છે કે તે ઉભા રહી નમાઝ પઢે જો તે કોઈ તકલીફ વગર ઉભા રહેવાની શક્તિ ધરાવતો હોય અને રુકૂઅ તેમજ સિજદો કરી શકતો હોય.

૨- અને જો ઉભો રહેવાની શક્તિ ધરાવતો હોય અને રુકૂઅ અને સિજદો કરવામાં તકલીફ થઈ રહી હોય, તો ઉભા ઉભા રુકૂઅ માટે ઈશારો કરશે અને બેઠા બેઠા સિજદા માટે પણ ઈશારો કરશે.

૩- અને જો ઉભા રહી નમાઝ પઢવાની શક્તિ ન ધરાવતો હોય તો તે બેઠા-બેઠા નમાઝ પઢશે. અને સુન્નત એ છે કે ચાર જાંઘના ભાગે બેસે અને ઈશારાથી રુકૂઅ કરે અને જો શક્ય હોય તો જમીન પર સિજદો કરે, નહીં તો ઈશારો કરી લે અને સિજદો કરતી વખતે રુકૂઅ કરતા સહેજ વધારે ઝુકવું જોઈએ.

૪- અને જો બેસીને પણ ન પઢી શકતો હોય તો કિબલા તરફ મોઢું કરી, પાંસુ ફેરવી નમાઝ પઢવી જોઈએ, અને જમણી બાજુ પાસું ફેરવી નમાઝ પઢવી અફઝલ (શ્રેષ્ઠ) છે, અને તે સ્થિતિમાં રુકૂઅ અને સિજદો ઈશારામાં કરશે.

૫- અને જો પાંસુ ફેરવીને પણ નમાઝ ન પઢી શકતો હોય તો અને પીઠ પર જ જે તેની સ્થિતિ હોય નમાઝ પઢશે, પગ કિબલા તરફ હોવા જોઇએ અને પછી રુકૂઅ અને સિજદો કરશે.

૬- અને જો રુકૂઅ અને સિજદો કરતા તકલીફ થતી હોય તો માથા વડે ઈશારો કરશે, અને જો એમ પણ તકલીફ થતી હોય તો ઈશારો પણ ન કરે ચાલી જશે, અને નમાઝના દરેક અમલ દિલથી અદા કરશે, રુકુઅ, સિજદાની નિયત કરી પોતાની સ્થિતિમાં જ દરેક કાર્યો પુરા કરશે અને ઝીકર કરશે.

૭- નમાઝ માટે જે જે શરતો હોય તેને પુરી પાડશે, જેમ કે કિબલા તરફ મોઢું કરવું, પાણીથી વુઝૂ કરવું અને જો તે શક્ય ન હોય તો તયમ્મુમ કરવું, નજાસત (અશુદ્ધતા) દૂર કરવી અને જો તેમાં પણ તકલીફ થતી હોય તો આ શરત પણ પુરી પાડવી જરૂરી નથી, અને બીમાર પોતાની સ્થિતિમાં નમાઝ પઢી લેશે પરંતુ વિલંબ નહીં કરી શકે.

૮- સુન્નત એ કે બીમાર કિયામ અને રુકૂઅની સ્થિતિમાં ચાર રાન પર બેસે અને અન્ય સ્થિતિમાં પગ ફેલાવી બેસે.

## બીજું: મુસાફરની નમાઝ:

૧- મુસાફર પણ મઅઝૂર (લાચાર) લોકો માંથી છે, અને તેના માટે જાઈઝ છે કે ચાર રકઅતને કસર (ઓછી) કરી બે રકઅત પઢી લે; કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿وَإِذَا ضَرَبْتُمْ فِي الْأَرْضِ فَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ أَنْ تَقْصُرُوا مِنَ الصَّلَاةِ﴾ [النساء: 101].

{જ્યારે તમે ઝમીનમાં સફર કરો તો તમારા પર નમાઝોને કસ્ર (સંક્ષિપ્ત) કરવામાં કોઈ ગુનોહ નથી, (ખાસ કરીને) જ્યારે તમને ભય હોય કે કાફિરો તમને સતાવશે, નિ:શંક કાફિરો તમારા ખુલ્લા દુશ્મન છે} (અન્ નિસા: ૧૦૧).

**وعن أنس بن مالك رضي الله عنه قال: «خرجنا مع النبي ﷺ من المدينة إلى مكة، فكان يصلي ركعتين ركعتين، حتى رجعنا إلى المدينة»**

અને અનસ બિન મલિક રઝી.એ કહ્યું: «અમે આપ ﷺ સાથે મદીનાથી મક્કા જવા નીકળ્યા, આપ બે બે રક્અત પઢતા રહ્યા અહીં સુધી કે અમે મદીના પાછા આવી ગયા».[28]

અને કસર નમાઝની શરૂઆતમાં શહેર માંથી નીકળ્યા પછી થશે, કારણકે કસરને તેના માટે જાઈઝ કરવામાં આવી છે, જે ધરતી પર ચાલતો હોય.

અને શહેર માંથી નીકળતા પહેલા વ્યક્તિ ન તો જમીન પર ચાલનારો ગણાય છે અને ન તો મુસાફર હોય છે, અને એટલા માટે પણ કે આપ ﷺ જ્યારે નીકળ્યા પછી જ કસર નમાઝ કરતા હતા.

૨- જ્યારે મુસાફર એસી કિલોમીટર દૂર જવાનો ઈરાદો કરે તો તેના માટે કસર કરવી જાઈઝ છે.

૩- મુસાફર જ્યાં સુધી શહેરમાં દાખલ ન થાય ત્યાં સુધી કસર કરી શકે છે.

જ્યારે મુસાફર કોઈ શહેરમાં પહોંચે અને ત્યાં રોકાવવાની ઈચ્છા હોય તો તેની ત્રણ સ્થિતિઓ હોઈ શકે છે:

અ- ચાર દિવસથી વધારે રોકાવવાની નિયત હોય, આ સ્થિતિમાં તેણે સંપૂર્ણ નમાઝ પઢવી પડશે, અને સફરની કોઈ છૂટ તેને નહીં મળે.

બ- ચાર દિવસ અથવા તેના કરતા ઓછું રોકાવવાની નિયત હોય તો નમાઝમાં કસર કરી શકે છે અને સફરની અન્ય છૂટો પણ તેને મળશે.

---

[28] બુખારી,હદીષ નંબર: (૧૦૮૧), મુસ્લિમ, હદીષ નંબર: (૬૯૩).

૪- જો તેના રોકાવવાનો કોઈ સમય નક્કી ન હોય, શક્ય છે એક દિવસ પણ રોકાય અથવા જગ્યાના કારણે, સંજોગો વસાત દસ દિવસ સુધી રોકાય શકે છે, અથવા સારવારના હેતુથી અથવા મુલાકાતના હેતુથી આવ્યો હોય, અને જ્યારે હેતુ પૂરો થાય તો પરત થશે, તો આવા સંજોગોમાં પરત આવ્યા સુધી સફરમાં કસર કરવું અને અન્ય છૂટ પર અમલ કરવો જાઈઝ છે, ભલેને ચાર દિવસ કરતા વધારે હોય.

૫- જ્યારે મુસાફર કોઈ રહેવાસી ઇમામ પાછળ નમાઝ પઢે તો તેને સંપૂર્ણ નમાઝ પઢવી પડશે, ભલેને તેને છેલ્લી રકઅત જ મળી હોય.

૬- જ્યારે રહેવાસી કોઈ કસર કરનાર મુસાફર પાછળ નમાઝ પઢતો હોય તો રહેવાસીએ મુસાફર ઇમામના સલામ કર્યા પછી નમાઝ પુરી કરવી પડશે.

## સોળમું: ઇદની નમાઝ:

મુસલમાનોની બન્ને ઇદો અલ્લાહ તરફથી શરીઅત છે, તેમણે પોતે બનાવેલી નથી, તેમની ફક્ત બે જ ઇદો છે: ઇદુલ્ ફિતર (રમઝાન ઇદ), અને ઇદુઝ અઝ્હા (બકરી ઈદ).

કાફિરોની અને બિદઅતી લોકોની ઈદ વિરુદ્ધ જેમની ઇદોને અલ્લાહએ શરીઅત રૂપે કોઈ આદેશ આપ્યો નથી, પરંતુ તે લોકોએ પોતે જ તે ઈદો બનાવી લીધી છે.

## ઇદની નમાઝનો હુકમ:

ઈદની નમાઝ ફર્ઝે કિફાયા છે, આપ ﷺ અને સહાબા રઝી. હંમેશા આ નમાઝ પઢતા હતા, અને આ દીનની નિશાનીઓ અને શરીઅત માંથી છે.

ઇદની નમાઝનો સમય: ઇદ ની નમાઝનો સમય જ્યારે સૂર્ય એક ભાલા જેટલો ઉંચો થાય ત્યારથી શરૂ થાય છે અને અર્થાત્ સૂર્યોદય થયા પછી લગભગ પંદર મિનિટ પછી અને ઝવાલ સુધી રહે છે.

## ઇદની નમાઝની રીત:

૧- પહેલી રકઅતમાં તકબીરે તહરીમાં પછી દુઆએ ષના પઢીને છ તકબિરો કહેવી, દરેક તકબીર સાથે હાથ ઉઠાવવામાં આવશે, અને દરેક તકબીર વચ્ચે અલ્લાહના નામની પ્રશંસા અને આપ ﷺ પર દરૂદ પઢવામાં આવશે, પછી અઉઝુબિલ્લાહ અને બિસ્મિલ્લાહ પઢી કુરઆન પઢવાનું શરૂ કરવું જોઈએ.

૨- અને બીજી રકઅતમાં તકબીર કર્યા પછી પાંચ તકબીરો કહેવી, પછી અઉઝુબિલ્લાહ અને બિસ્મિલ્લાહ પઢી કુરઆન પઢવાનું શરૂ કરવું, પહેલી રકઅતમાં સૂરે અઅલા અને બીજી રકઅતમાં સૂરે ગોશિયહ પઢવી મુસ્તહબ (જાઈઝ) છે.

૩- સલામ ફેરવ્યા બાદ ઇમામ મિમ્બર પર ચઢશે અને જુમ્માના ખુતબાની જેમ બે ખુતબા આપશે, અને ખુતબા વચ્ચે થોડીક વાર બેસશે.

## ઇદના દિવસની સુન્નતો:

અ- ગુસલ કરવું.

બ- પાક સાફ થવું અને ખુશ્બુનો ઉપયોગ કરવો.

ક- ઇદુલ્ ફિતરમાં નીકળતા પહેલા કંઈક ખાવું અને ઇદુઝ અઝ્હામાં જો કુરબાની હોયપાછા આવી તેનું માસ ખાવું.

દ- ચાલતા જવું.

ઇ- એક રસ્તા પરથી જવું અને બીજા રસ્તેથી પાછું આવવું.

વ- મુક્તદી માટે મુસ્તહબ (જાઈઝ) છે કે તે ઇદગાહ જલ્દી પહોંચે ન કે ઇમામ માટે.

## તકબીર પઢવી:

ઇદની બન્ને રાત, ઝુલ્ હિજ્જાના દસ દિવસો અને તશ્રીકના દિવસો (૧૧,૧૨,૧૩) માં તકબીર પઢવી સુન્નત છે, અને તકબીરના બે પ્રકાર છે:

પ્રથમ પ્રકાર: તકબીરે મુતલક (સામાન્ય તકબીર): જેનો કોઈ સમય નક્કી નથી.

૧- ઇદુલ્ ફિતરમાં આ તકબીર ઇદની રાત્રે સૂર્યાસ્ત પછી લઈને ઇદની નમાઝ શરૂ થતા પહેલા સુધી રહેશે.

૨- અને ઇદુલ્ અઝ્હામાં ઝૂલ્ હિજ્જાની પ્રથમ રાત્રથી સૂર્યાસ્ત પછી લઈને કે તશ્રીકના છેલ્લા દિવસ સુધી રહેશે.

બીજો પ્રકાર તકબીરે મુકય્યદ (નક્કી તકબીર): આ તકબીર ફર્ઝ નમાઝ પછી પઢવામાં આવે છે.

૧. ગેર મહરિમ (એહરામ ન બાંધવાવાળો) માટે આ તકબીર અરફાના દિવસથી ફજરથી લઈને કે તશ્રીકના છેલ્લા દિવસે સૂર્યાસ્ત સુધી રહેશે.

૨- અને મુહરિમ (એહરામ બંધવાવાળો) માટે ઇદના દિવસે જોહરથી લઈને તશ્રીકના દિવસે સૂર્યાસ્ત સુધી રહેશે.

## સત્તરમુ: સલાતુલ્ કુસૂફ (સુર્ય અને ચંદ્ર ગ્રહણની નમાઝ):

### ખુસૂફ અને કુસૂફનો અર્થ:

ખુસૂફ: રાત્રે ચંદ્રનું સંપૂર્ણ અથવા થોડુંક પ્રકાશહીન થઈ જવું.

કુસૂફ: સવારના સમયે સૂર્યનું સંપૂર્ણ અથવા થોડુંક પ્રકાશહીન થઈ જવું.

### સલાતુલ્ કુસૂફનો હુકમ:

કુસૂફની નમાઝ સુન્નતે મૂઅકકદહ છે, તેની દલીલ આપ ﷺ નો અમલ છે, જ્યારે આપના સમયમાં સૂર્યગ્રહણ થયું, તો આપ ﷺ એ કુસૂફની નમાઝ અદા કરી.

અને આપ ﷺ એ તેનો આદેશ પણ આપ્યો, અને તેની મશ્રૂઇયત (કાયદેસર) હોવા પર આલિમોનો ઇજમાઅ (એકમત) છે.

### તેનો સમય:

ગ્રહણ લાગ્યા પછીથી લઈને કે ગ્રહણ ખતમ થયા સુધી.

### તેનો તરીકો:

આ બે રકઅત વાળી એક નમાઝ છે, જેમાં બે રકઅત પઢવામાં આવે છે, અને તેનો તરીકો નીચે પ્રમાણે છે:

અ- તકબીરે તહરિમા, દુઆએ ષના, અઉઝુબિલ્લાહ અને બિસ્મિલ્લાહ પઢી અને સૂરે ફાતિહા પઢયા પછી લાંબી કિરઅત થશે.

બ- પછી એક લાંબો રુકૂઅ કરવામાં આવશે.

ક- રુકૂઅ માંથી ઉભા થઇ, (સમિઅલ્લાહુ લિમન્ હમીદહ) પઢયા પછી સૂરે ફાતિહા પઢવામાં આવશે અને આ વખતે કિરઅત પહેલા કરતા થોડીક ટૂંકી કરવામાં આવશે.

દ- પછી લાંબો રુકૂઅ કરવામાં આવશે પરંતુ પહેલા રુકૂઅ કરતા તે રુકુઅ ટૂંકો હોવો જોઈએ.

હ- પછી રુકૂઅ માંથી ઉભા થઇ (સમિઅલ્લાહુ લિમન્ હમિદહ) કહેવું.

વ- પછી બે લાંબા સિજદા કરવા.

ઝ- બીજી રકઅત પહેલી રકઅતની જેમ જ પઢવામાં આવશે, પરંતુ તે પહેલી રક્અત કરતા થોડીક ટૂંકી રહેશે.

## તેની સુન્નતો:

અ- (અસ્ સલાતુ જામિઅતૂન્) કહી તેનું એલાન કરવું.

બ- જમાઅત સાથે પઢવી.

જ- કિયામ, રુકૂઅ અને સિજદા લાંબા કરવા.

દ - બીજી રકઅત પહેલી રકઅત કરતા ટૂંકી હોવી જોઈએ.

હ- નમાઝ પઢી નસીહત કરવી, અને ઈતાઅતના કામ પર પ્રોત્સાહન અને ગુનાહના કામ છોડવાનું કહેવું.

વ- વધુમાં વધુ દુઆ કરવી, આજીજી કરવી, માફી માંગવી અને સદકો કરવો જોઈએ.

## અઢારમુ: સલાતુલ્ ઇસ્તિસકાઅ:

અલ્ ઇસ્તિસ્કા: નો અર્થ થાય છે કે દુકાળના સમયે અલ્લાહ પાસે વરસાદ માંગવો.

## સલાતુલ્ ઇસ્તિસ્કા માટે સમય:

સલાતુલ્ ઇસ્તિસ્કા, જ્યારે દુકાળ પડે અને વરસાદ રોકાઈ જાય, અને તેના કારણે લોકોને નુકસાન પહોંચે, તે સમયે શરીઅતે આદેશ આપ્યો છે કે નમાઝ પઢવી જોઈએ અને તે સ્થિતિમાં ખૂબ જ આજીજી કરવી જોઈએ.

અ- ક્યારેક જમાઅત સાથે અને ક્યારેક એકલા પણ નમાઝ પઢવામાં આવે.

બ- ક્યારેક ખુતબો આપનાર દુઆમાં તેની દુઆ કરશે, અને મુસલમાન તેમની દુઆ પર આમીન કહેશે.

ક- અને ક્યારેક સામાન્ય સમયમાં નમાઝ પઢયા વગર અને ખુતબો આપ્યા વગર પણ દુઆ કરી શકીએ છીએ.

## સલાતુલ્ ઇસ્તિસ્કા નો હુકમ:

જો દુકાળ જેવી સ્થિતિ આવી જાય ત્યારે સલાતુલ્ ઇસ્તિસ્કા પઢવી સુન્નતે મુઅકકદહ ગણાશે, કારણ કે નબી ﷺ એ નમાઝ પઢી છે, જેવું કે અબ્દુલ્લાહ બિન ઝૈદની હદીષમાં છે:

આપ ﷺ સલાતુલ્ ઇસ્તિસ્કાના ઈરાદા સાથે એક મુસલ્લો લઈ પહોંચ્યા, કિબલા તરફ મોઢું કર્યું, ચાદર ફેલાવી અને બે રકઅત નમાઝ પઢી.[29]

## સલાતુલ્ ઇસ્તિસ્કાનો તરીકો:

સલાતુલ્ ઇસ્તિસ્કા ઈદની નમાઝની જેમ છે, સલાતુલ્ ઇસ્તિસ્કા ઇદ ગાહમાં પઢવી બહેતર છે, ઇદની નમાઝની જેમ જ, અને તેના આદેશો પણ ઇદની નમાઝની જેમ જ છે, તેની પણ બે રકાઅત છે, જે ખુતબા પહેલા પઢવામાં આવશે, ઊંચા અવાજે કિરઅત પઢવામાં આવશે અને બન્ને રકઅતમાં વધારાની તકબીર કહેવામાં આવશે. જેવું કે આ વાતોનું વર્ણન ઇદની નમાઝ વખતે થઈ ગયું છે. અને ત્યારબાદ એક ખુતબો આપવામાં આવશે.

## ઓગણીસમુ: જનાઝાના આદેશો:

### પહેલી વાત: જેનો સમય નજીક હોય અને તેની પાસે બેઠેલાં વ્યક્તિ માટે:

૧- જે બીમાર વ્યક્તિ પાસે બેઠા હોય તે લોકોએ તેને લા ઇલાહા ઇલ્લલાહુ પઢવાની તાકીદ કરવી જોઈએ.

૨- તેનું કિબલા તરફ મોઢું ફેરવવું જોઈએ.

૩- વફાત પછી તેની આંખો બંધ કરવી મુસતહબ (જાઈઝ) છે.

૪- મૃત્યુ પછી મૃતકને એક કપડાં વડે ઢાંકી દેવો જોઈએ.

૫- તેની દફનવિધિમાં ઉતાવળ કરવી જોઈએ.

---

[29] બુખારી, હદીષ નંબર: (૧૦૧૨), મુસ્લિમ, હદીષ નંબર: (૮૯૪).

૬- તેનું દેવું ચુકવવામાં પણ ઉતાવળ કરવી જોઈએ.

૭- મૃતકને ગુસલ આપવામાં આવશે પછી કફન પહેરાવવામાં આવશે, અને આ બન્ને ફર્ઝે કિફાયા છે.

## બીજું: જનાઝાની નમાઝના આદેશો:

તેનો હુકમ: ફર્ઝે કિફાયા છે:

## તેની શરતો:

૧- કિબલા તરફ મોઢું કરવું.

૨- તેના ગુપ્તાગને છુપાવવું.

૩- નજાસતથી બચવું.

૪- જનાઝાની નમાઝ પઢનાર અને મૃતક બન્ને પાક હોવા જોઈએ.

૫- જનાઝાની નમાઝ પઢનાર અને નમાઝ માટે આવેલ મુસલ્લીનું મુસલમાન હોવુ.

૬- જો શહેરમાં હોય તો જનાઝામાં શરીક થવુ.

૭- મુકલ્લફ હોવુ.

## તેના અરકાન:

૧- કિયામ.

૨- ચાર તકબીર

૩- સૂરે ફાતિહા પઢવી.

૪- રસૂલ ﷺ પર દરૂદ પઢવુ.

૫- મૃતક માટે દુઆ કરવી.

૬- તરતીબનો ખ્યાલ કરવો.

૭- સલામ ફેરવવું.

## તેની સુન્નતો:

૧- દરેક તકબીર સાથે રફઉલ્ યદૈન કરવું.

૨- અઉઝુબિલ્લાહ પઢવું

૩- પોતાના માટે અને મુસલમાનો માટે દુઆ કરવી.

૪- કિરઅત ધીમા અવાજે કરવી.

૫- ચોથી તકબીર પછી અને સલામ ફેરવ્યા પહેલા થોડીક વાર રુકવું.

૬- જમણા હાથને ડાબા હાથ પર ઉપર મૂકવો.

૭- સલામ ફેરતી વખતે જમણી બાજુ ફરવું.

## તેનો તરીકો:

ઇમામ અને પાછળ પઢનાર વ્યક્તિ પુરુષની છાતીના ભાગ પાસે અને સ્ત્રીની વચ્ચે ઉભો રહેશે, તકબીરે તહરીમા કહેશે, અઉઝુબિલ્લાહ પઢશે, અને દુઆએ ષના નહીં પઢે, અને બિસ્મિલ્લાહ કહી સૂરે ફાતિહા પઢશે.

પછી તકબીર કહી દરૂદ પઢશે, ત્યારબાદ તકબીર કહી આપ ﷺ થી સુન્નતથી સાબિત કોઈ દુઆ પઢશે, જેવું કે આપ ﷺ ની આ દુઆ:

«اللهم اغفر لحينا وميتنا، وصغيرنا وكبيرنا، وذكرنا وأنثانا، وشاهدنا وغائبنا، اللهم من أحييته منا فأحيه على الإيمان، ومن توفيته منا فتوفه على الإسلام، اللهم لا تحرمنا أجره ولا تضلنا بعده»

«"અલ્લાહુમ્મગ્ ફિર લિહય્યિના, વમય્યિતિના, વસગિરિના, વકબિરિના, વઝકરિના, વઉનષાના, વશાહિદિના, વગાઈબિના, અલ્લાહુમ્મ મન્ અહ્યયતહુ, મિન્ના, ફઅહ્યિહિ અલ્ ઈમાન, વમન તવફ્ફયતહુ મિન્ના ફતવફ્ફહુ અલલ્ ઇસ્લામ, અલ્લાહુમ્મ, લા તહ્રિમના અજરહુ, વલા તુઝિલ્ લના બઅદહ" (હે અલ્લાહ ! અમારા જીવિત તેમજ જે લોકોની વફાત થઈ ગઈ છે, તેમને માફ કરી દે, તેમજ હાજર અને ગાયબ લોકોને માફ કરી દે, તેમજ અમારા નાના અને મોટા લોકોને માફ કરી દે, અમારા પુરુષો અને સ્ત્રીઓને માફ કરી દે, હે અલ્લાહ ! અમારા માંથી તું જેને જીવિત રાખે તેને ઇસ્લામ પર જીવિત રાખ અને અમારા માંથી જેની વફાત લખી હોય તો તેને ઈમાન પર વફાત આપ, હે અલ્લાહ ! તું અમને આ વફાત પામેલ વ્યક્તિના સવાબથી વંચિત ન કરજે અને અમને આ પછી પથભ્રષ્ટ ન કરજે)».[30]
અને કહ્યું:

**«اللهم اغفر له وارحمه، وعافه واعف عنه، واكرم نزله، ووسع مدخله، واغسله بالماء والثلج والبرد، ونقه من الخطايا كما نقَّيت الثوب الأبيض من الدنس، وأبدله داراً خيراً من داره، وأهلاً خيراً من أهله، وزوجًا خيراً من زوجه، وأدخله الجنة، وأعذه من عذاب القبر، ومن عذاب النار»**

«"અલ્લાહુમ્મગ્ ફિર લહુ વર્હમહુ, વઆફિહિ વઅફુ અન્હુ, વક્રિમ નુઝુલહુ, વવસ્સિઅ મુદખલહુ, વગ્સિલહુ બિલ્ માઈ વષ્ષલજિ વલ્ બર્દ, વનક્કિહિ મિનલ્ ખતાયા કમા યુનક્કસ ષવ્બુલ્ અબ્યઝુ મિનદ્દનસ, વઅબ્દિલહુ દારન્ ખૈરન્ મિન દારિહિ, વઅહ્લન ખૈરન્ મિન અહ્લિહિ, વઝવજન્ ખૈરમ્ મિન ઝવઝિહિ, વઅદ્ખિલ્હુલ્ જન્નહ, વઅઇઝહુ મિન અઝાબિલ કબ્રી, વમિન અઝાબિન્ નાર" (હે અલ્લાહ! તેને માફ કરી દે, તેનાં પર રહેમ કર, તેને આફિયત આપ, તેને માફ કરી દે, અને તેની મહેમાન નવાઝી ઈજ્જત સાથે કર, અને તેના

---

[30] અબુદાવુદ: (૩/૨૧૧) તિર્મિઝી, હદીષ નંબર: (૩/૨૧૧), (૧૦૨૪) અને તેમણે કહ્યું: આ હદીષ હસન દરજ્જાની છે.

દાખલ થવાની જગ્યા ને વિશાળ કરી દે, અને તેને પાણી, બરફ અને ઓલાઓ ની સાથે ધોઈ નાંખ, અને તેને ગુનાહોથી એવી રીતે સાફ કરી દે જેવી રીતે સફેદ કપડાં માંથી મેલ સાફ કરે છે, અને તેને તેનાં ઘરના બદલામા શ્રેષ્ઠ ઘર આપ, તેનાં ઘરવાળાઓના બદલામા શ્રેષ્ઠ ઘરવાળાઓ આપ, અને પત્નીના બદલામા શ્રેષ્ઠ પત્ની આપ, અને તેને જન્નતમાં દાખલ કર, અને તેને કબરના અઝાબ અને આગથી બચાવ)».[31]

પછી તકબીર કહી થોડીક વાર રુકી જશે અને પછી જમણી બાજુ એક સલામ ફેરવશે.

## ત્રીજો વિભાગ : ઝકાત

### ૧- ઝકાતની વ્યાખ્યા અને તેનો દરજ્જો:

ઝકાતનો શાબ્દિક અર્થ: વધવું અને વધારે થવું.

ઝકાતનો કાયદાકીય અર્થ: નક્કી કરેલ માલ માંથી ખાસ લોકોના જરૂરી હકને કહે છે.

ઝકાત ઇસ્લામનો ત્રીજો રુકન છે, ઝકાત એટલી મહ્ત્વની ઈબાદત છે કે અલ્લાહ તઆલાએ કુરઆન મજીદમાં નમાઝ સાથે બયાસી વખત વર્ણન કર્યું છે, અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿وَأَقِيمُوا الصَّلَاةَ وَآتُوا الزَّكَاةَ﴾ [البقرة: 43].

{નમાઝ કાયમ પઢતા રહો, ઝકાત આપતા રહો} [અલ્ બકરહ: ૪૩].

---

[31] મુસ્લિમ: (૫/૬૨૨) હદીષ નંબર: (૯૬૨).

આપ ﷺ એ કહ્યું:

«بني الإسلام على خمس: شهادة أن لا إله إلا الله، وأن محمداً رسول الله، وإقام الصلاة، وإيتاء الزكاة، وحج البيت، وصوم رمضان»

«ઇસ્લામના પાંચ (સ્તંભો) છે: સાક્ષી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે, નમાઝ કાયમ કરવી, ઝકાત આપવી, રમઝાન મહિનાના રોઝા રાખવા, અને બૈતુલ્લાહની હજ કરવી».[32]

અને ઝકાત ફર્ઝ હોવામાં મુસલમાનોનો ઇજમાઅ છે.

અને એ વાત ઉપર પણ કે જે ઝકાતને ફર્ઝ હોવાનો ઇન્કાર કરે, તે કાફિર છે.

અને જે ઝકાતનો ઇન્કાર કરે તેની સાથે યુદ્ધ કરવામાં આવશે.

## ૨- ઝકાતને વાજિબ કારવાવાળી શરતો:

અ- સ્વત્રત (આઝાદ): ગુલામ પર ઝકાત વાજિબ નથી, કારણકે તેની પાસે પોતાનો માલ નથી હોતો, અને જે તેની પાસે હોય છે, તે તેના માલિકનું હોય છે, એટલા માટે તેની ઝકાત તેના માલિકના શિરે રહેશે.

બ- મુસલમાન હોવું, કાફિર પર ઝકાત વાજિબ નથી, કારણકે આ ઈબાદત છે, અને કાફિરનો ઈબાદતથી કોઈ સંબંધ નથી.

જ- નિસાબ સુધી માલ પહોંચવો, તેનાથી ઓછા માલમાં ઝકાત ફર્ઝ નથી, માલનો નિસાબની એક નક્કી કરેલ સંખ્યાનું નામ છે.

---

[32] બુખારી, હદીષ નંબર: (૮) (૧/૬૯) , મુસ્લિમ, હદીષ નંબર: (૧૧૧) (૧/૧૨૮).

૬- સંપૂર્ણ માલિક હોવું: માનવી તેના માલનો સંપૂર્ણ માલિક હોય, એટલા માટે એવા માલમાં ઝકાત વાજિબ નથી જેના પર સંપૂર્ણ માલિકીનો હક ન હોય.

૭- માલ પર એક વર્ષનો સમયગાળો પસાર થઈ ગયો હોય; કારણકે આયશા રઝી. ની હદીષ છે:

«لا زكاة في مال حتى يحول عليه الحول»

«કોઈ માલમાં ત્યાં સુધી ઝકાત નથી, જ્યાં સુધી તેના પર એક વર્ષ પસાર ન થઈ હોય».[33]

## 3- જે માલમાં ઝકાત વાજિબ છે:

### પહેલું: ઢોર:

અર્થાત્ ઊંટ, ગાય, બકરી અને આ ઢોરમાં ઝકાત બે શરતો પ્રમાણે જરૂરી છે:

૧- કે તે ઢોરોને દૂધ અને નસલમાં વધારો કરવા માટે રાખવામાં આવે, કામ માટે નહીં.

૨-તે જાનવર ચરવાવાળું હોય, એટલા માટે તે જાનવરોમાં ઝકાત જરૂરી નથી જેમને ખરીદીને અથવા ક્યાંકથી ભેગું કરી ચારો આપવામાં આવે, અને તે જાનવર પર પણ ઝકાત નથી જે સંપૂર્ણ વર્ષ અથવા થોડોક સમય પણ ચરતા ન હોય.

---

[33] ઈબ્ને માજહ, હદીષ નંબર: (૧૭૯૨) (૨/૩૭૩), તિર્મિઝી, હદીષ નંબર: (૬૩) અને (૬૩૧), (૩/૨૫, ૨૬).

## ઢોરોનો નિસાબ (માલની એટલી માત્રા જેના પર ઝકાત વાજિબ થઈ જાય):

૧- ઊંટની ઝકાત:

શરત પુરી થયા બાદ; દરેક પાંચ ઊંટ પર એક બકરી વાજિબ છે, દસ ઉટમાં બે બકરી, પંદરમાં ત્રણ અને વિસમાં ચાર બકરીઓ.

જેવું કે સુન્નત અને ઇજમાઅ (આલિમોના એકમત) દ્વારા આ વાત સાબિત છે, જ્યારે ઊંટની સંખ્યા પચીસ થઈ જાય તો તેની ઝકાત માટે એક "બિનતે મખાઝ" આપવી પડશે, બિનતે મખાઝ: એવી ઊંટણી જે બીજા વર્ષમાં આવી ગઈ હોય, અને જો બિનતે મખાઝ ન હોય તો ઈબ્ને લબૂન આપવું પડશે.

અને જ્યારે ઊંટોની સંખ્યા છત્રીસ સુધી પહોંચી જાય તો પછી ઝકાત રૂપે એક "બિનતે લબૂન" આપવી પડશે, બિનતે લબૂન: તે ઊંટણી જેના બે વર્ષ પૂરા થઈ ગયા હોય.

અને જો ઊંટોની સંખ્યા છેતાલીસ થઈ જાય તો પછી ઝકાત રૂપે એક "હક્કહ" આપવી પડશે, હક્કહ: તે ઊંટણી જેના ત્રણ વર્ષ પુરા થઈ ગયા હોય.

અને જો ઊંટોની સંખ્યા એક્સઠ થઈ જાય તો પછી ઝકાત રૂપે એક "જિઝઅતુન્" આપવી પડશે, જિઝઅહ: તે ઊંટણી જેના ચાર વર્ષ પુરા થઈ ગયા હોય.

અને જો ઊંટોની સંખ્યા છોતેર થઈ જાય તો પછી ઝકાત રૂપે બે "બિનતે લબૂન" આપવી પડશે, અને જો ઊંટોની સંખ્યા એકાણું થઈ જાય તો પછી ઝકાત રૂપે બે "હક્કહ" આપવી પડશે, અને જો ઊંટોની સંખ્યા એક સોવીસ થી વધારે થઈ જાય તો પછી ઝકાત રૂપે ત્રણ "બિનતે લબૂન" આપવી પડશે, અને પછી દરેક ચાળીસ પર એક

"બિનતે લબૂન" વધારવું અને પચાસની સંખ્યા વધે તો એક "હક્કહ" વધારવું.

૨- ગાય ની ઝકાત:

શરત પુરી થઈ ગયા પછી જ્યારે ગાયની સંખ્યા ત્રીસ થઈ જાય તો તેમાં એક "તબીઉન" અથવા એક તબીઅહ આપવી પડશે, "તબીઉન" અથવા "તબીઅતુન્": તે ગાય અથવા વાછરડા ને કહે છે જેનું એક વર્ષ પૂરું થઈ ગઇ હોય.

જો ત્રીસથી ઓછી સંખ્યા હોય તો કંઈ પણ આપવું વાજિબ નથી.

જ્યારે તેમની સંખ્યા ચાળીસ થઈ જાય તો તેમાંથી એક "મુસિન્નહ" વાજિબ છે, મુસિન્નહ: જેના બે વર્ષ પુરા થઈ ગયા હોય.

જ્યારે તેમની સંખ્યા ચાળીસથી વધારે થઈ જાય તો તેમાંથી એક "તબીઉન" અથવા એક "તબીઅતુન્" આપવું વાજિબ છે, અને દરેક ચાળીસ ગાય પર એક "મુસિન્નહ" વાજિબ છે, મુસિન્નહ: તે ગાય જેના બે વર્ષ પુરા થઈ ગયા હોય.

૩- બકરીઓની ઝકાત:

જ્યારે બકરીઓ અથવા ઘેટાંની સંખ્યા ચાળીસ થઈ જાય તો તેમાંથી એક બકરી અથવા એક ઘેટું જે એક વર્ષથી ઓછી ઉંમરનું હોય, આપવું વાજિબ છે,

અને ચાળીસથી ઓછી બકરીઓમાં કોઈ ઝકાત નથી, જ્યારે બકરીઓ અથવા ઘેટાની સંખ્યા એકસો એકવીસ થઈ જાય તો તેમાંથી બે બકરીઓ ઝકાત રૂપે આપવી જરૂરી છે, જ્યારે બકરીઓ અથવા ઘેટાની સંખ્યા બસો એક થઈ જાય તો તેમાંથી ત્રણ બકરીઓ ઝકાત રૂપે આપવી જરૂરી છે, ત્યારબાદ આ માત્રામાં ફરજ પૂરો થઈ જાય છે,જેથી

દરેક સો બકરીઓ માંથી એક બકરી વાજિબ થશે, તો ચારસો બકરીઓમાં ચાર બકારીઓ.

## બીજું: જમીન માંથી નીકળતી ઉપજોની ઝકાત:

જમીન માંથી નીકળતી ઉપજોના બે પ્રકાર છે:

૧) અનાજ અને ફળો.

૨) ખનીજો.

## પ્રથમ પ્રકાર: અનાજ અને ફળ:

અનાજ જેવું કે ઘઉં, જુવાર અને ચોખામાં ઝકાત આપવી જરૂરી છે.

અને ફળોમાં પણ: જેવું કે ખજૂર અને દ્રાક્ષમાં. તે વગર અન્ય પાંદડા જેવું કે શાકભાજી વગેરેમાં ઝકાત વાજિબ નથી. અનાજ અને ફળોમાં ઝકાત આપવાની શરતો:

૧) તેનો સંગ્રહ કરી રાખવામાં આવે: એટલા માટે એવા ફળો અને અનાજમાં ઝકાત વાજિબ નહીં થાય, જેનો સંગ્રહ કરવામાં નથી આવતો.

૨) તેનો માપતોલ થતો હોય: એટલા માટે તે ફળો અથવા શાકભાજીમાં ઝકાત વાજિબ નથી, જે ગણીને અથવા વજન કરીને વેચવામાં આવે છે, જેવું કે તરબૂચ, ડુંગળી, દાડમ વગેરે.

૩) નિસાબ સુધી પહોંચી જાય: જે પાંચ "વસક" (વસક એક માપણું છે જેમાં એક "વસક" માં સાહીઠ "સાઅ" હોઇ છે, જે ટોટલ ત્રણસો સાઅ થાય છે, જે છસો કિલોગ્રામ એટલે પંદર મણ બરાબર થઈ, અમુક આલિમોના મતે પાંચ વસકનું વજન વીસ મણ પણ વર્ણન કરે છે.) છે, તેનાથી ઓછામાં ઝકાત વાજિબ નથી.

૪) જ્યારે ઝકાત આપવી જરૂરી થાય ત્યારે તે માલ સંપૂર્ણ માલિકી હેઠળ હોવો જરૂરી છે.

એટલા માટે જ્યારે કોઈ ઝકાત વાજિબ થયા પછી તેનો માલિક બને, જેવું કે ઉપજને કાપવામાં આવ્યા પછી તેને ખરીદે અથવા તેને ભેટ આપવામાં આવે તો તેમાં ઝકાત વાજિબ નથી.

અનાજ અને ફળોમાં ઝકાત આપવાનો સમય:

જ્યારે અનાજ ઉપયોગ કરવા જેવું બની જાય, પછી ઝકાત વાજિબ થઇ જાય છે, તેની નિશાનીઓ નીચે પ્રમાણે છે:

અ- અનાજમાં: જ્યારે તેનો દાણો સખત થઈ જાય.

બ- ખજૂરમાં: જ્યારે તે લાલ અથવા પીળી થઈ જાય:

ક- દ્રાક્ષમાં: જ્યારે નરમ અને મીઠી બની જાય.

અનાજ અને ફળોનો નિસાબ:

અનાજ અને ફળોનો નિસાબ પાંચ વસક છે, એક વસક સાઈઠ સાઅનો હોય છે, તેનો નિસાબ ત્રણસો (૩૦૦) નબવી સાઅ થશે, અને કિલોગ્રામમાં જોઈએ તો તેનો વજન નવસો (૯૦૦) કિલો થાય છે.

અનાજ અને ફળોમાં વાજિબ ઝકાત:

જે ઉપજો વગર મહેનતે અને કોઈ ખર્ચ વગર થઈ હોય તો તેમાંથી દસમો ભાગ ઝકાત રૂપે કાઢવો વાજિબ થશે, જેવું કે જે ઉપજ વરસાદના પાણી અથવા ધોધના પાણીથી સિંચાઈ કરવામાં આવી હોઈ.

અને જેની સિંચાઈ કરવામાં ખર્ચ થયો હોય અથવા મહેનત લાગી હોય, જેવું કે કુંવાનું પાણી, નહેર અથવા મશીનોનો ઉપયોગ થયો હોય તો તેમાં વિસમો ભાગ ઝકાત રૂપે કાઢવામાં આવશે.

### બીજો પ્રકાર: ખનીજો:

જમીનની ઉપજો માંથી એક પ્રકાર ખનીજ પણ છે,

જમીન માંથી તેની ગુણવત્તા સિવાયની અન્ય વસ્તુઓ પણ કાઢવામાં આવે તો તેને ખનીજ કહે છે, જેવું કે સોનુ, ચાંદી, લોખડ, અને હીરાઓ.

તેમાં ઝકાત આપવાનો સમય:

જ્યારે તેને પોતાના કબજામાં લઇ લો તો તરત જ તેની ઝકાત આપવી પડે છે, તેમાં વર્ષની શરત લગાવવામાં આવતી નથી.

તેનો નિસાબ સોના અને ચાંદીનો જ નિસાબ છે, અને તેની કિંમતનો ચાળીસમો ભાગ ઝકાત રૂપે આપવામાં આવે.

### કિંમતી વસ્તુઓની ઝકાત:

જેવું કે સોનુ, ચાંદી, અને રોકકડ રકમ અને તેમાં પણ ઝકાત આપવી વાજિબ છે.

તેની દલીલ, અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿وَالَّذِينَ يَكْنِزُونَ الذَّهَبَ وَالْفِضَّةَ وَلَا يُنْفِقُونَهَا فِي سَبِيلِ اللَّهِ فَبَشِّرْهُمْ بِعَذَابٍ أَلِيمٍ﴾ [التوبة: 34].

{જે લોકો સોનું અને ચાંદી ભેગું કરીને રાખે છે અને અલ્લાહના માર્ગમાં ખર્ચ નથી કરતા, તેઓને તમે દુ:ખદાયી અઝાબની ખુશખબર આપી દો} [અત્ તૌબા: ૩૪].

હદીષમાં છે:

«ما من صاحب ذهب ولا فضة لا يؤدي فيها حقها؛ إلا إذا كان يوم القيامة صفحت له صفائح من نار».

«જેણે પણ સોના અને ચાંદીમાં વાજિબ ઝકાત ન આપી તો તેના માટે આગની પ્લેટો તૈયાર કરવામાં આવશે».[34]

સોના અને ચાંદીમાં ઝકાત વાજિબ છે, આના પર આલિમોનો ઇજમાઅ (એકમત) છે, અને રોકકડ રકમનો પણ સોના અને ચાંદી પ્રમાણે જ હુકમ છે, કારણકે રકમ સોના અને ચાંદીની જગ્યાએ ઉપયોગ થાય છે.

## રોકકડ રકમમાં વાજિબ ઝકાત અને સોના તેમજ ચાંદીનો નિસાબ:

જ્યારે સોનુ વિસ મિસ્કાલ સુધી પહોંચી જાય,

અને ચાંદી બસો ઇસ્લામી દિરહમ સુધી પહોંચી જાય, તો બન્ને માંથી ચાળીસમો ભાગ આપવો વાજિબ થાય છે, ઝવેરાત બનાવ્યા હોય કે ન બનાવ્યા હોય, અને રોકકડ રકમને પણ સોના અને ચાંદી પ્રમાણે કાઢવામાં આવશે, કારણકે કિંમતમાં આ ત્રણેય બરાબર છે, જ્યારે રકમ સોનુ અને ચાંદીના નિસાબ સુધી પહોંચી જાય ત્યારે ઝકાત આપવી જરૂરી બને છે.

---

[34] બુખારી, હદીષ નંબર: (૧૪૦૨) (૩/૩૩૮), મુસ્લિમ, હદીષ નંબર: (૨૨૮૭) (૪/૬૭).

હાલ રોકકડ રકમની ઝકાતની ગણતરી ચાંદીની રકમ પ્રમાણે થતી હોય છે, કારણકે તે સોનુ કરતા સસ્તું હોય છે અને તેનો નિસાબ પહેલા થતો હોય છે.

એટલા માટે જ્યારે એક મુસલમાન ૫૯૫ ગ્રામ ચાંદીનો માલિક બની જાય, અને તેના પર એક વર્ષ પણ પસાર થઈ જાય તો તેમાં ઝકાત વાજિબ બની જાય છે.

અને ચાંદીની કિંમત બદલતી રહે છે, એટલા માટે જેની પાસે થોડોક પણ માલ હોય અને તે જાણતો ન હોય કે માલ નિસાબ સુધી પહોંચી ગયો છે કે નહીં તો તે ચાંદીના વેપારીઓને એક ગ્રામ ચાંદીની કિંમત પૂછી લે અને પછી તેને ૫૯૫ વડે ગુણાકાર કરી લે, જે જવાબ આવશે તે જ નિસાબ ગણાશે.

ફાયદા: જ્યારે કોઈ પોતાના માલની ઝકાત આપવા માગે તો નિસાબને ચાળીસ વડે ભાગાકાર કરી લે, જે જવાબ આવશે તે જ તેની ઝકાત ગણાશે.

## ચોથું: વેપાર ધંધાના સામાન પર ઝકાત:

આ તે સામાન છે, જે ફાયદા માટે લે વેચ કરવામાં આવતો હોય, વેપાર ધંધાના માલમાં રૂપિયા સિવાય સંપૂર્ણ માલનો સમાવેશ થશે, જેવું કે ગાડી, કપડાં, લોખંડ, લાકડી વગેરે, અન્ય સામાન જે વેપાર ધંધા માટે ખાસ હોય.

## વેપાર ધંધાના સામાનમા ઝકાત આપવા માટેની કેટલીક શરતો:

૧- પોતાની મહેનતથી તેના માલિક બન્યા હોય, જેવું કે વેચવું, ભાડે આપવું, અને તેના સિવાય અન્ય વેપાર ધંધા માટેના સ્ત્રોત.

૨- વેપારની નિયત કરી તેના માલિક બનવું: અર્થાત્ તેનાથી કમાણી કરવાની નિયત હોય, કારણકે "કાર્યોનો આધાર નિયતો પર હોઈ છે, અને વેપાર પણ એક કાર્ય જ છે.

૩- તેની કિંમત સોના અથવા ચાંદી પ્રમાણે નિસાબ સુધી પહોંચી જાય.

૪- એક વર્ષ પસાર થઈ જવો.

### વેપાર ધંધાના સામાનમાં ઝકાત આપવાની રીત:

વર્ષ પૂરું થઈ ગયા પછી સોના અથવા ચાંદી પ્રમાણે સામાનની કિંમત નક્કી કરવામાં આવશે, જો સામાન નિસાબ સુધી પહોંચી જાય તો તેનો ચાળીસમો ભાગ કાઢવામાં આવશે.

### પાંચમું: ઝકાતુલ્ ફિત્ર:

આ તે સદકો છે, જે રમઝાન મહિનો પૂરો થયા પછી વાજિબ થાય છે.

સદકએ ફિત્ર બીજી હિજરી સનમાં ફર્ઝ કરવામાં આવ્યો.

### તેનો હુકમ:

સદકએ ફિત્ર દરેક તે મુસલમાન પર વાજિબ છે, જેની પાસે ઈદના દિવસે અને રાત પોતાના અને પોતાના ઘરવાળાઓ માટે પૂરતો ખોરાક કરતા વધારે હોય.

અને સદકએ ફિતર દરેક મુસલમાન પુરુષ, સ્ત્રી, નાના, મોટા, આઝાદ, ગુલામ પર વાજિબ છે. તેની દલીલ આ હદીષ છે.

«فرض رسول الله زكاة الفطر على العبد والحر والذكر والأنثى، والصغير والكبير، من المسلمين».

«અલ્લાહના રસૂલ ﷺ એ દરેક મુસલમાન પુરૂષ, સ્ત્રી, નાના, મોટા, આઝાદ અને ગુલામ પર સદકએ ફિત્ર ફર્ઝ કર્યો છે».[35]

---

[35] બુખારી, હદીષ નંબર: (૧૪૩૨), મુસ્લિમ, હદીષ નંબર: (૯૮૪).

ફર્ઝનો અર્થ: જરૂરી અને લાઝીમ.

## સદકએ ફિત્ર વાજિબ કરવાની હિકમતો:

અબ્દુલ્લાહ બિન અબ્બાસ રઝી. કહે છે:

«فرض رسول الله ﷺ زكاة الفطر؛ طهرة للصائم من اللغو والرفث، وطعمة للمساكين».

«અલ્લાહના રસૂલ ﷺ એ રોજદાર ને વ્યર્થ વાતો, અને ખરાબ વાતોથી પાક કરવા અને ગરીબો માટે ખાવાનો બંદોબસ્ત કરવા માટે ફર્ઝ કરવામાં આવ્યું છે».[36]

## સદકએ ફિત્ર વાજિબ થવાનો અને તેને આપવાનો સમય:

સદકએ ફિતર ઇદના દિવસે રાત્રે સૂર્યાસ્ત પછી વાજિબ થાય છે, અને તેને ઇદની નમાઝ પહેલા ઇદગાહ જતા પહેલા આપી દેવું મુસતહબ (જાઈઝ) છે.

અને તેને ઇદની નમાઝ પછી આપવો જાઈઝ નથી.

જો ઇદની નમાઝ પછી આપે તો તેને તેની કઝા કરવી પડશે, અને વિલંબ કર્યું તે માટે તે ગુનેગાર થશે. હા, ઈદના એક અથવા બે દિવસ પહેલા આપવું જાઈઝ છે.

---

[36] અબૂ દાવુદ, હદીષ નંબર: (૧૬૦૯), ઈબ્ને માજહ, હદીષ નંબર: (૧૮૨૭), ઇમામ અલ્બાની રહ. એ સહીહુલ્ જામીઅમાં આ હદીષ સહીહ કહી છે. (૧૩/૫૮).

## સદકએ ફિત્રનો માપ અને કઈ વસ્તુ આપવામાં આવે:
શહેરના લોકો જે ખોરાક ખાતા હોય તેમાંથી એક સાઅ, જેવું કે ચોખા, ખજૂર, અને જુવાર વગેરે.

એક સાઅનો માપ: લગભગ ત્રણ કિલોનો હોય છે.

અને તેની કિંમત આપવી જાઈઝ નથી, કારણકે આપ ﷺ ના આદેશનો વિરોધ ગણવામાં આવશે.

## ઝકાત કાઢવી અને કોને આપવી તેનું વર્ણન:

### ઝકાત આપવાનો સમય:
ઝકાત તરત જ આપી દેવી જરૂરી છે. કારણ વગર વિલંબ કરવું જાઈઝ નથી, જેવું કે માલ દૂર બીજા શહેરમાં હોય, અને ત્યાં કોઈ વકીલ ન હોય.

### કાત આપવાની જગ્યા:
બહેતર એ છે કે જ્યાં માલ હોય ત્યાં જ ઝકાત આપવામાં આવે, પરંતુ અમુક પરિસ્થિતિમાં બીજા શહેરમાં પણ આપવી જાઈઝ છે:

અ- જ્યારે પોતાના શહેરમાં કોઈ લાચાર ન મળે.

બ- બીજા શહેરમાં કોઈ નજીકનો લાચાર રહેતો હોય.

જ- જ્યાં કોઈ શરઇ કારણ હોય, જેવું કે તોફાનના કારણે મુસલમાનોનું શહેર અસરકારક થઈ હોય, અને જ્યાં દુકાળ જેવી પરિસ્થિતિ હોય.

અને સામાન્ય રિતે જ્યારે દલીલો જોઈશું, તો જાણવા મળશે કે બાળક અને પાગલના માલ માંથી પણ ઝકાત વાજિબ છે, અને તેમાંથી ઝકાત આપવાની જવાબદારી તેના જવાબદારની રહેશે. અને નિયત કર્યા વગર ઝકાત આપવી જાઈઝ નથી; કારણકે નબી ﷺ એ કહ્યું:

«إنما الأعمال بالنيات»

«કાર્યોનો આધાર નિયત પર છે».[37]

## ઝકાતના હકદાર લોકો:

ઝકાતના હકદાર આઠ પ્રકારના લોકો છે:

પહેલો પ્રકાર: ફકીરો:

આ તે લોકો છે, જેમની મૂળ જરૂરતો પુરી થતી ન હોય, જેવું કે ઘર, ખોરાક અને કપડાં, તેમને એટલી ઝકાત આપવામાં આવશે કે તેમને અને તેમના ઘરવાળાઓને એક વર્ષ માટે પૂરતી થઈ જાય.

બીજો પ્રકાર: લાચાર, મિસ્કિન:

જેમની મૂળ જરૂરતો માંથી વધુ જરૂરતો પુરી થતી હોય પરંતુ પૂરતી નહીં, જેવું કે કોઈને પગાર મળતો હોય અને એક વર્ષ સુધી પૂરતો ન હોય.

તેમને એટલી ઝકાત આપવામાં આવશે કે એક વર્ષ સુધી તેમની અને ઘરવાળાઓની મૂળ જરૂરતો પુરી થઈ જાય.

ત્રીજો પ્રકાર: ઝકાત લેનારા: અર્થાત્ જે ઝકાત ઉઘરાવતા હોય:

જેમને હાકિમ ઝકાત ઉઘરાવવાની જવાબદારી સોંપે અથવા જે ઝકાતની હિફાજત કરતા હોય અથવા ઝકાતને તેના હકદાર લોકો સુધી પહોંચાડતા હોય.

---

[37] બુખારી, હદીષ નંબર: (૧) મુસ્લિમ, હદીષ નંબર: (૧૯૦૭).

જો હુકુમત દ્વારા તેમનો કોઈ પગાર નક્કી ન હોય તો તેમને તેમના કામ પ્રમાણે ઝકાત માંથી રકમ આપવામાં આવશે.

ચોથો પ્રકાર: જેમનું દિલ્ રાખવા માટે ઝકાત આપવામાં આવે:

આ તે લોકો છે કે જો તેમને ઝકાત આપવામાં આવે તો તેઓ મુસલમાન બનવા અથવા ઈમાનની મજબૂતી અથવા તેમની તકલીફથી મુસલમાનોની સુરક્ષિત રહેવાની આશા કરવામાં આવે.

તેમની ઝકાત આપવાની રકમ: જેનાથી તે લોકોનું દિલ ઇસ્લામ તરફ ઝૂકી જાય.

પાંચમો પ્રકાર: ગરદન:

અર્થાત્ ગુલામો અને મુકાતિબિનને આઝાદ કરવા માટે.

મુકાતિબ: તે ગુલામને કહે છે, જેણે પોતાને જ પોતાના માલિક પાસેથી ખરીદી લીધો હોય, અને તેમાં મુસલમાન કેદીઓને ફીદયાની રકમ આપી આઝાદ કરવું પણ શામેલ છે.

છઠ્ઠો પ્રકાર: દેવાદાર અને તેમના બે પ્રકાર છે:

પહેલો: જેણે પોતાના માટે જરૂરત માટે દેવું કર્યું હોય અને આપી ન શકતો હોય, તો તેને એટલી ઝકાત આપવામાં આવે જેથી એનું દેવું પૂરું થઈ જાય.

બીજો પ્રકાર: જેણે લોકો વચ્ચે ઇસ્લાહ કરવા માટે દેવું કર્યું હોય.

તેને એટલી ઝકાત આપવામાં આવશે કે તેનું દેવું પૂરું થઈ જાય, ભલેને તે માલદાર હોય.

સાતમો પ્રકાર: અલ્લાહના માર્ગમાં રહેવાવાળા:

અર્થાત્ અલ્લાહના માર્ગમાં જિહાદ કરનાર.

તેમના માટે ઝકાત કેટલી? જેનાથી જિહાદની જરૂરત પુરી થઈ જાય, જેવું કે સવારી, હથિયાર, ખાવાનું વગેરે.

આઠમો પ્રકાર: ઈબ્ને સબીલ (મુસાફર):

આ તે મુસાફિરને કહેવામાં આવે છે, જેમનું સફર દરમિયાનનું ભાથું પૂરું થઈ ગઈ હોય, અથવા તો ચોરી થઈ ગઈ હોય અને પોતાના શહેર સુધી પહોંચવા માટે તેની પાસે માલ પણ ન હોય.

તેમના માટે ઝકાત કેટલી? એટલી આપવામાં આવશે કે તેના શહેર સુધી પહોંચી જાય, ભલેને તે માલદાર હોય.

## ચોથો વિભાગ:

રોઝા: ઈબાદતના હેતુથી તુલૂએ ફજરથી લઈ સૂર્યાસ્ત સુધી જે વસ્તુથી રોઝો તૂટી જાય તેનાથી બચીને રહેવું.

અને તે ઇસ્લામનો એક રુકન છે, અલ્લાહ તઆલા તરફથી ફર્ઝ કરવામાં આવ્યો છે, અને ઇસ્લામની જરૂરી શિક્ષાઓ માંથી એક છે, તેના વાજિબ થવાની દલીલ કુરઆન, હદીષ અને ઇજમાઅ દ્વારા સાબિત છે. અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿شَهْرُ رَمَضَانَ الَّذِى أُنْزِلَ فِيهِ الْقُرْآنُ هُدًى لِلنَّاسِ وَبَيِّنَاتٍ مِنَ الْهُدَى وَالْفُرْقَانِ فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ﴾ [البقرة: 185].

{રમઝાન તે મહિનો છે, જેમાં કુરઆન ઉતારવામાં આવ્યું છે, જે લોકો માટે હિદાયત છે, અને તેમાં હિદાયત તેમજ સત્ય અને અસત્ય વાતની વચ્ચે તફાવત માટેની નિશાનીઓ છે, તમારા માંથી જે વ્યક્તિ આ મહિનો મેળવી લે, તેના માટે મહિનાના સંપૂર્ણ રોઝા રાખવા જરૂરી છે} [અલ્ બકરહ: ૧૮૫].

## રમઝાનના રોઝા ફર્ઝ થવાની શરતો:

૧- મુસલમાન હોવું, કાફિર દ્વારા રોઝો સહીહ નહીં ગણાય.

૨- પુખ્તવયનું હોવું: બાળક પર રોઝા ફર્ઝ નથી.

હા, જે તમીઝ ધરાવતો હોય તેના માટે રોઝા રાખવા સહીહ છે અને તે રોઝા તેના માટે નફીલ ગણવામાં આવશે.

૩- બુદ્ધી હોય, પાગલ પર રોઝા વાજિબ નથી, અને ન તો તેનો રોઝો સહીહ ગણવામાં આવશે કારણકે તે નિયત નથી કરી શકતો.

૪- રોઝા રાખવાની શક્તિ ધરાવતો હોય, એટલા માટે બીમાર, જે રોઝા રાખવાની ક્ષમતા ન ધરાવતો હોય તેના પર વાજિબ નથી, અને ન તો મુસાફર પર, પરંતુ કારણ અર્થાત્ બીમારી અને સફર બન્ને ખતમ થઈ ગયા પછી રોઝાની કઝા જરૂર કરશે.

અને સ્ત્રીના રોઝા માટે શરત એ છે કે તેને હૈઝ અને નિફાસનું લોહી ન આવતું હોય.

રમઝાનના રોઝા બે વસ્તુઓ પછી શરૂ થાય છે:

અ- રમઝાનનો ચાંદ નજર આવ્યા પછી, નબી ﷺ એ કહ્યું:

«صوموا لرؤيته، وافطروا لرؤيته».

«ચાંદ જોઈને રોઝા રાખવાનું શરૂ કરો અને ચાંદ જોઈને રોઝા રાખવાનું બંધ કરો».[38]

---

[38] બુખારી, હદીષ નંબર: (૧૮૧૦) (૨/૬૭૪), મુસ્લિમ, હદીષ નંબર: (૧૦૮૬) (૨/૭૬૨).

બ- શઅબાનના ત્રીસ દિવસ પુરા કરો, જ્યારે વાદળ અથવા જ્યારે વાદળના કારણે ચાંદ નજર ન આવે, અલ્લાહના રસૂલ ﷺ કહે છે: «જો ચાંદ જોવાનું શક્ય ન હોય તો તો શઅબાન મહિનાના ત્રીસ દિવસ પુરા કરો».[39]

## રોઝાની નિયત:

અન્ય ઈબાદતોની જેમ નિયત વગર રોઝો રાખવો પણ યોગ્ય નથી, ફર્ઝ રોઝાની નિયત કરવાનો સમય અન્ય રોઝા કરતા અલગ છે, અને તેનું વર્ણન નીચે પ્રમાણે છે:

પહેલું: ફર્ઝ રોઝા જેવું કે રમઝાનના રોઝા, કઝા અથવા નઝરના રોઝા તુલૂએ ફજર પહેલા રાત્રે નિયત કરવી જરૂરી છે, આપ ﷺ નું વર્ણન છે:

«من لم يبيت الصيام من الليل فلا صيام له».

«જેણે રોઝાની નિયત રાત્રે ન કરી તેનો કોઈ રોઝો નથી».[40]

બીજું: નફિલ રોઝાની નિયત: તેની નિયત દિવસ દરમિયાન પણ કરવામાં આવી શકે છે, શરત એ કે તેણે તુલૂઅ ફજર પછી એવું કંઈ ન કર્યું હોય જેનાથી રોઝો તૂટી જાય.

---

[39] બુખારી, હદીષ નંબર: (૧૯૦૯).

[40] અહમદ: (૬/૨૮૭) અબૂ દાવુદ: (૨/૩૨૯) (૨૪૫૪), નિસાઈ: (૪/૧૯૬) (૨૩૩૧) અને આ નિસાઈના શબ્દો છે.

## રોઝાને ખરાબ કરવાવાળી બાબતો:

પહેલી: જિમાઅ (સંભોગ), તેનાથી રોઝો બાતેલ થઈ જાય છે, અને તે દિવસના રોઝાની કઝા કરવી જરૂરી છે, જે દિવસે તેણે સંભોગ કર્યુ હોય, સાથે સાથે એક ગરદન આઝાદ કરવી પડશે, અર્થાત્ એક ગુલામ, જો આવું કરી ન શકે તો સતત બે મહિનાના રોઝા રાખવા પડશે.

ઇલાકા પ્રમાણે મધ્યસ્થ ખાવાનું ખવડાવવું પડશે.

બીજું: વીર્ય નીકળવું: ભલેને મનેચ્છાના કારણે અથવા હસ્તમૈથુનના કારણે હોય અથવા વારંવાર જોવાના કારણે હોય, અને તેમાં બસ કઝા રૂપે રોઝો રાખવાનો રહેશે, કારણકે કફ્ફારો જિમાઅ સાથે ખાસ છે.

હા ઊંઘમાં સ્વપ્નદોષના કારણે હોય તો તેમાં કંઈ પણ વાજિબ નથી, કારણકે આ વસ્તુ માનવીના હાથમાં નથી, પરંતુ ગુસલ કરવું વાજિબ છે.

ત્રીજું: જાણી જોઈને ખાવું પીવું, કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿وَكُلُوا وَاشْرَبُوا حَتَّى يَتَبَيَّنَ لَكُمُ الْخَيْطُ الْأَبْيَضُ مِنَ الْخَيْطِ الْأَسْوَدِ مِنَ الْفَجْرِ﴾ [البقرة: 187].

{અને ફજરના સમય સુધી જ્યાં સુધી સફેદ દોરો કાળા દોરા દ્વારા જાહેર ન થઈ જાય તમે ખાઇ-પી શકો છો} [અલ્ બકરહ: ૧૮૭].

પરંતુ જો ભૂલથી ખાઈ પી લો તો કંઈ વાંધો નથી; તેની દલીલ આ હદીષ છે.

«من نسي وهو صائم، فأكل أو شرب، فليتم صومه، فإنما أطعمه الله وسقاه».

«જે રોજદારે ભૂલથી ખાઈ પી લે તે પોતાનો રોઝો પૂરો કરે, તેને અલ્લાહએ ખવડાવ્યું છે અને પીવડાવ્યું છે».[41]

ચોથું: જાણી જોઈને ઉલટી કરવી, જો કોઈને કુદરતી ઉલટી થાય તો તે પોતાનો રોઝો પૂરો કરશે, તેનાથી તેના રોઝા પર કોઈ અસર નથી. કારણકે નબી ﷺ એ કહ્યું:

«من ذرعه القيء فليس عليه قضاء، ومن استقاء عمداً فليقض».

«જેને ઉલટી આવી જાય તેના પર કોઈ કઝા નથી, અને જે જાણી જોઈને ઉલટી કરે તેના પર કઝા જરૂરી છે».[42]

પાંચમું: હિજામો કરાવવો અથવા કોઈ બીમારી માટે લોહી આપવું, તેનાથી રોઝો તૂટી જશે, પરંતુ જો ચેકઅપ કરાવવા માટે થોડુંક લોહી કાઢવામાં આવે તો કંઈ વાંધો નથી, એવી જ રીતે શરીર માંથી લોહી જાતે જ નીકળે તો પણ કંઈ વાંધો નથી,

## જે લોકોને રમઝાનના રોઝા છોડવાની છૂટ આપવામાં આવી છે:

પહેલો પ્રકાર: તે લોકો જેમને રમઝાનના રોઝા છોડી શકે છે, પરંતુ તેઓને કઝા કરવી જરૂરી છે, જેમાંથી:

પહેલું: એવો બીમાર જેને શિફાની આશા હોય અને રોઝો રાખવાથી તેને નુકસાન અથવા તકલીફ થતી હોય.

---

[41] બુખારી, હદીષ નંબર: ૬૬૬૯ (૧૧/૬૬૯), મુસ્લિમ, હદીષ નંબર: (૨૭૦૯) (૪/૨૭૭).

[42] અબૂ દાવુદ, હદીષ નંબર: ૨૩૮૦ (૨/૫૩૯), તિર્મિઝી, હદીષ નંબર: (૭૧૯) ઈબ્ને માજહ, હદીષ નંબર: ૬૭૬ (૨/૩૧૫).

બીજું: મુસાફર; ભલેને સફરમાં તેને કોઈ તકલીફ થતી હોય કે ન થતી હોય.

આ બન્ને વાતોની દલીલ, અલ્લાહ તઆલા કહે છે:

﴿وَمَنْ كَانَ مَرِيضًا أَوْ عَلَى سَفَرٍ فَعِدَّةٌ مِنْ أَيَّامٍ أُخَرَ﴾ [البقرة: 185].

{જો તમારા માંથી કોઈ વ્યક્તિ બિમાર હોય અથવા સફરમાં હોય તો તે બીજા દિવસોમાં ગણતરી પુરી કરી લે} [અલ્ બકરહ: ૧૮૫].

ત્રીજું: ગર્ભવતી અથવા દૂધ પીવડાવનારી સ્ત્રી, તેણીઓ બીમાર જેવી જ છે, તેમના માટે રોઝા છોડવા જાઈઝ છે, જો તેમને તકલીફ થતી હોય અથવા તેમના બાળકને તકલીફ થતી હોય, પરંતુ તેણીઓ અન્ય દિવસોમાં રોઝાની કઝા જરૂર કરશે.

ચોથું: હૈઝ અને નિફાસ વાળી સ્ત્રી, રોઝા ન રાખવાની છૂટ આપવામાં આવી છે, અને તેમના પર અન્ય દિવસોમાં રોઝાની કઝા જરૂરી છે.

બીજો પ્રકાર: એવા લોકો જેઓ રમઝાનના રોઝા છોડી શકે છે પરંતુ તેમના માટે કઝા કરવી વાજિબ છે, તેમાંથી:

પહેલું: એવો બીમાર જેની શિફા થવાની કોઈ આશા ન હોય.

બીજું: વૃદ્ધ વ્યક્તિ જે રોઝો રાખી ન શકતો હોય.

આ લોકો દરરોજ પ્રત્યેક દિવસમાં બદલામાં રમઝાનમાં જ એક મિસ્કિનને ખાવાનું ખવડાવશે, પરંતુ જો વ્યક્તિ વધારે વયે પહોંચી પોતાની બુદ્ધિ ગુમાવી દે તો તેના પરથી તકલીફ હટાવી લેવામાં આવે છે, તો તે રોઝો છોડી શકે છે અને તેના પર કોઈ ગુનો નથી.

## કઝા કરવાનો સમય અને તેમાં વિલંબ કરવાનો હુકમ:

આગળનો રમઝાન આવતા પહેલા જ પાછળના રમઝાનની કઝા જરૂરી છે, અને બહેતર એ છે કે કઝા કરવામાં ઉતાવળ કરવામાં આવે, અને આગલા રમઝાન સુધી રોઝામાં વિલંબ કરવો જાઈઝ નથી, આયશા રઝી. રિવાયત કરે છે તેમણે કહ્યું:

«كان يكون عليّ الصوم من رمضان، فما أستطيع أن أقضيه إلا في شعبان لمكان رسول الله صلى الله عليه وسلم» .

«મારા પર રમઝાનના રોઝાની કઝા હોતી પરંતુ હું આપ ﷺ નો ખ્યાલ કરતા તેને શઅબાનના મહિનામાં રાખતી હતી».[43]

જેઓ આગલા રમઝાન સુધી પણ કઝા ન કરી શકે તો તેની બે પરિસ્થિતિ હોઈ શકે છે:

૧- કોઈ શરઇ કારણસર તે રોઝા ન રાખી શક્યો, ઉદાહરણ તરીકે તે એક વર્ષ સુધી બીમાર રહ્યો, તો તેના પર ફક્ત કઝા જરૂરી છે.

૨- કોઈ કારણ વગર વાર કરે તો તે ગુનેગાર થશે, તેણે તૌબા કરવી જોઈએ, અને રોઝાની કઝા કરવી પડશે અને ગરીબોને ખાવાનું ખવડાવવું પડશે.

---

[43] બુખારી, હદીષ નંબર: (૧૮૪૯) (૨/૬૮), મુસ્લિમ, હદીષ નંબર: ૧૮૪૬ (૨/૮૦૨).

## જેના પર પાછલા રોઝા બાકી હોય તેના માટે નફિલ રોઝા રાખવાનો આદેશ:

જેના રમજાનના રોઝા બાકી હોય તેના માટે શ્રેષ્ઠ તે છે કે તે કઝા કરે, પરંતુ જો કોઈ નફિલ રોઝો હોય, જેનો દિવસ નક્કી હોય, જેમકે અરફાનો રોઝો, આશૂરાના રોઝો તો કઝા પહેલા રાખી શકે છે; કારણકે કઝા કરવાનો સમય લાંબો છે, જયારે કે અરફા અને આશૂરાના રોઝો જો તેના સમયમાં રાખવામાં ન આવે તો તે છૂટી જશે, પરંતુ શવ્વાલના છો રોઝા કઝા કર્યા પછી જ રાખશે.

## હરામ રોઝા:

૧- બંને ઈદ (ઈદુલ્ ફિત્ર અને ઈદુલ્ અઝહા) ના દિવસે રોઝો રાખવો; કારણકે તેનાથી રોકવામાં આવ્યા છે.

૨- ઝુલ્ હિજ્જાના મહિનામાં અય્યામે તશ્રીકમાં (ઝુલ્ હિજ્જના મહિનામાં અગિયાર,બાર અને તેર તારીખે) રોઝા રાખવા, પરંતુ જો કોઈ હજ્જે મુતમત્તિઅ (હજ્જના મહિનામાં ઉમરાહ માટે એહરામ બાંધવો અને તેનાથી ફારિગ થઇ તેજ વર્ષે ફરી હજ્જ માટે એહરામ બાંધવો) અને હજ્જે કિરાન (હજ્જ અને ઉમરાહ બંનેની એક સાથે નિયત કરી એહરામ બાંધવો) કરનાર પાસે હદ્યનું જાનવર ન હોઈ તો રોઝા રાખી શકે છે, અને અય્યામે તશ્રીક: ઝુલ્ હિજ્જાના મહિનાનો અગિયાર, બાર અને તેરમી તારીખનો દિવસ.

3- શંકાના દિવસે શંકાના કારણે રાખવામાં આવતો રોઝો અને શાબાન મહિનાની ત્રીસમી તારીખ હોય છે, જયારે ત્રીસમી તારીખે વાદળ અથવા ધુણવારી રાતના કારણે ચાંદ ન દેખાયો હોઈ.

## મકરુહ (તે કાર્ય જેને છોડવા પર સવાબ મળે છે અને કરવાથી માનવી ગુનેગાર થાય છે) રોઝા:

અ- રજબના મહિનાને રોઝા રાખવા માટે ખાસ કરવો.

બ- ફક્ત જુમ્માના દિવસે રોઝો રાખવો; કારણકે તેનાથી રોકવામાં આવ્યા છે, પરંતુ જો તેના એક દિવસ પહેલા કે પછી રોઝો રાખવાનો હોય તો કોઈ વાંધો નહીં.

## મસ્નૂન (હદીષમાં વર્ણન કરેલા) રોઝા:

અ- શવ્વાલના છો રોઝા.

બ- ઝુલ્ હિજ્જાના નવ રોઝા અને તેમાં સૌથી મહત્વનો રોઝો અરફાનો રોઝો છે, જેનાથી બે વર્ષના ગુનાહ માફ થઇ જાય છે, પરંતુ હજ્જ કરવાવાળો નથી રાખી શકતો.

જ- દર મહિનાના ત્રણ રોઝા અને તેમાં શ્રેષ્ઠ, અય્યામે બીઝના રોઝા, અને તે હિજરી મહિનાની તેર, ચૌદ અને પંદરમી તારીખને અય્યાબે બીઝ કહે છે.

ડ- દર અઠવાડિયે સોમવાર અને ગુરુવારના દિવસે રોઝો રાખવો, કારણકે નબી ﷺ આ રોઝા રાખતા હતા, એટલા માટે કે આ દિવસોમાં બંદાઓના કાર્યો રજૂ કરવામાં આવે છે.

## નફિલ રોઝા:

અ- દાવૂદ અલહિસ્ સલામના રોઝા , તેઓ એક દિવસ રોઝો રાખતા હતા અને બીજા દિવસે રોઝો ન હતા રાખતા.

બ- મુહર્રમ મહિનાના રોઝા અને આ સૌથી શ્રેષ્ઠ મહિનો છે, જેમાં રોઝા રાખવા જાઈઝ છે, આ મહિનાનો સૌથી શ્રેષ્ઠ રોઝો આશૂરાનો રોઝો છે, અને તે મુહર્રમની દસમી તારીખનો રોઝો છે, અને તેની સાથે સાથે

નવમી તારીખનો પણ રોઝો રાખવામાં આવશે કારણકે નબી ﷺ એ કહ્યું:

«لئن بقيت إلى قابل لأصومن التاسع».

«જો હું આવતા વર્ષ જીવતો રહ્યો તો (મુહર્રમની) નવમી તારીખે પણ રોઝો રાખીશ».

અને આ રોઝાથી પાછલા એક વર્ષના ગુનાહ માફ થઈ જાય છે.

# પાંચમો વિભાગ: હજ

## હજની શાબ્દિક અને ઇસ્લામી વ્યાખ્યા:

હજનો શાબ્દિક અર્થ: ઈરાદો કરવો અને ઇસ્લામી વ્યાખ્યા: હજ: ચોક્કસ સમયમાં, ચોક્કસ કાર્યો કરવા માટે બૈતુલ્લાહ તરફ જવાનો ઈરાદો કરવાને હજ કહે છે.

ઉમરાહનો શાબ્દિક અર્થ: જિયારત કરવી, મુલાકાત લેવી.

ઇસ્લામની કાયદાકીય વ્યાખ્યા: કોઈ પણ સમયે, ચોક્કસ કાર્યો કરવા માટે મસ્જિદે હરામ ની ઝિયારત કરવી.

અને હજ તે ઇસ્લામનો એક મહાન રુકન (સ્થંભ) અને મહાન આધાર છે, હજ સન ૯ હિજરીમાં ફરજ કરવામાં આવી, અને નબી ﷺ એ ફક્ત એક જ હજ કરી તે (હજ્જતુલ્ વદાઅ) હતી.

અને જેની પાસે તાકાત હોઈ તેના પર જીવનમાં એક વખત હજ કરવી ફરજ છે, અને જો તેનાથી વધારે કરે તો તે નેકી છે, અને રહી વાત ઉમરાહની તો ઘણા આલિમોના પાસે વાજિબ છે, જેની દલીલ એ છે કે જયારે નબી ﷺ ને પૂછવામાં આવ્યું કે શું સ્ત્રીઓ પણ પર જિહાદ ફરજ છે? તો કહ્યું:

«نعم، عليهن جهاد لا قتال فيه: الحج والعمرة»

«હાં, તેમના પર એવો જિહાદ ફરજ છે જેમાં યુદ્ધ ન હોઈ, અર્થાત્ હજ અને ઉમરાહ».[44]

---

[44] અહમદ, હદીષ નંબર: (૨૫૧૯૮) (૬/૧૬૬), નસાઈ, હદીષ નંબર: (૨૬૨૭) (૩/૧૨૧), ઇબ્ને માજહ, હદીષ નંબર: (૨૯૦૧) (૩/૪૧૩).

## હજ અને ઉમરાહ વાજિબ થવાની શર્તો:

૧- ઇસ્લામ

૨- અકલ

૩- પુખ્તવયી હોવું

૪- આઝાદ હોવું

૫- શક્તિ હોવી

અને સ્ત્રી માટે એક છઠ્ઠી શર્ત એ કે તે પોતાના મહરમ સાથે હજ કરે, કારણકે તેના માટે હજ હોઈ કે બીજો કોઈ સફર મહરમ વગર કરવો જાઈઝ નથી, કારણકે નબી ﷺ એ કહ્યું:

«لا تسافر المرأة إلا مع ذي محرم، ولا يدخل عليها رجل إلا ومعها محرم»

«કોઈ પણ સ્ત્રી પોતાના મહરમ વગર સફર ન કરે, અને સ્ત્રી પાસે કોઈ પણ અજનબી વ્યક્તિ ન આવે સિવાય કે તે (સ્ત્રી) સાથે કોઈ મહરમ હોઈ».[45]

અને સ્ત્રીના મહરમ નીચે પ્રમાણે છે: તેનો પતિ, અથવા તે દરેક વ્યક્તિ જેની સાથે તેનો નિકાહ હરામ હોઈ; ખાનદાનના કારણે: જેમકે ભાઈ, પિતા, કાકા, ભત્રીજા અને મામા, અથવા કોઈ જાઈઝ કારણે: જેમકે લે પાલક ભાઈ, અથવા સાસરિયાં સંબંધના કારણે, જેમકે તેની માતાનો પતિ અને તેના પતિનો પુત્ર.

---

[45] બુખારી, હદીષ નંબર: (૧૮૬૨), મુસ્લિમ, હદીષ નંબર: (૧૩૪૧) (૨/૯૭૮).

અને શક્તિ અર્થ એટલે કે: શારીરિક અને ભૌતિક બને શક્તિ શામેલ છે, કે તે સવારી કરી શકે સફરની પરેશાનીઓ સહન કરી શકે, અને આવવા જવાનો ખર્ચ હોઈ, અને જો બાળકો અને જેનો ખર્ચ તેના પર વાજિબ છે તેમના માટે એટલું છોડીને જાય કે તેના પાછા ફરતા સુધી પુરતું થઇ જાય. અને હજના માર્ગમાં જાન અને માલનો ભય ન હોઈ.

અને જો કોઈ પાસે ફક્ત પૈસા હોય અને તેની પાસે શારીરિક શક્તિ ન હોય તો અથવા તે વૃદ્ધ થઇ ગયો હોઈ અથવા કોઈ એવી બીમારી લાગેલી હોય, જેનો ઈલાજ શક્ય ન હોય તો તેના પર વાજિબ છે કે તે કોઈ બીજા વ્યક્તિને નાયબ બનાવી, જે તેની તરફથી હજ અને ઉમરાહ કરે.

હજ અને ઉમરાહમાં નાયબ બનવું બે શર્તો સાથે સહીહ ગણાશે:

૧- જેના માટે હજ અને ઉમરાહ કરવાની હોઈ તે અકલવાળો, પુખવયનો અને મુસલમાન હોઈ.

૨- તે પોતાની હજ કરી ચુક્યો હોઈ.

## એહરામની મિકાતો:

માવાકીત જે મિકાતનું બહુવચન છે, તેનો શાબ્દિક અર્થ: હદ છે , અને ઇસ્લામી અર્થ: ઈબાદતની જગ્યા અથવા સમયને કેહવામાં આવે છે.

હજની મિકાત બે પ્રકારની છે: જગ્યા અને સમય:

અ- સમયની મિકાત: જેનું વર્ણન અલ્લાહ તઆલા એ કર્યું:

﴿الْحَجُّ أَشْهُرٌ مَعْلُومَاتٌ فَمَنْ فَرَضَ فِيهِنَّ الْحَجَّ﴾ [البقرة: 197].

{હજના મહિના દરેક લોકો જાણે છે, એટલા માટે જે વ્યક્તિ તે માસમાં હજ કરે} [અલ્ બકરહ: ૧૯૭].

અને તે મહિનાઓ: શવ્વાલ, ઝુલ્ કઅદહ અને ઝુલ્ હિજ્જાના દસ દિવસો છે.

બ- જગ્યાની મિકાત: આ તે હદને કેહવામાં આવે છે જેને એહરામ વગર કરવી હાજી માટે જાઈઝ નથી, આ જગ્યાઓ નીચે મુજબ છે:

૧- ઝુલ્ હુલૈફા: જે મદિનાહના લોકોની મિકાત છે.

૨- જુહ્ફા: તે શામ અને મિસર અને મગરીબના લોકોની મિકાત છે.

૩- કરને મનાઝિલ: જેને અત્યારે સૈલ કેહવામાં આવે છે, તે નજદના લોકોની મિકાત છે.

૪- ઝાતે ઈર્ક: તે ઈરાકના લોકોની મિકાત છે.

૫- યલમ્લમ: જે યમનના લોકોની મિકાત છે.

અને જેનું ઘર તે મિકાતની અંદર હોઈ તે હજ અને ઉમરાહ માટે એહરામ પોતાના ઘરેથી બાંધે.

અને મક્કાહના લોકો મક્કાહથી જે એહરામ બાંધશે, તેમણે બહાર નીકળી મિકાત જઈ એહરામ બાંધવાની જરૂર નથી, અને જ્યાં સુધી ઉમરાહની વાત છે, તો તેઓ હરમની હદથી નજીક કોઈ હલાલ જગ્યાએ (જે હરમની હદથી બહાર હોઈ) જઈ અને ત્યાંથી એહરામ બાંધશે, અને જે વ્યક્તિ હજ અથવા ઉમરાહ કરવા માંગતો હોઈ તો તેણે જે જગ્યાઓથી દાખલ થવું જોઈએ જે નબી ﷺ એ જણાવી છે, અને તે મીકાત છે જેના વિષે ઉપર વર્ણન થઇ ચુક્યું છે, જે વ્યક્તિ હજ અથવા ઉમરાહ કરવા માંગતો હોઈ તેના માટે એહરામ વગર મિકાત પાર કરવી જાઈઝ નથી.

- જો કોઈ વ્યક્તિ આ મિકાત પાસે રેહતો ન હોઈ તો તે ઉપર વર્ણન કરેલ કોઈ પણ મીકાત પાસેથી પસાર થઇ તો તે ત્યાંથી જ એહરામ બાંધી લે.
- જે કોઈ મક્કાહ જવાના માર્ગે છે, તે જમીન, સમુદ્ર અથવા હવા દ્વારા ઉપરોક્ત કોઈ પણ મીકાતમાંથી પસાર થાય તો તે નજીકની મીકાતથી એહરામ બાંધી લે, કારણકે ઉમર બિન ખત્તાબ રઝી. એ કહ્યું: જુઓ ક્યારે તમે મિકાતની બરાબર આવો છો.
- જો કોઈ હજ અથવા ઉમરાહ માટે વિમાનમાં સફર કરે તો તેને તે સમયે એહરામ બાંધવો અને તે જાઈઝ નથી તે એરપોટ પર ઉતરતા સુધી એહરામ ન બાંધે.

## એહરામ:

હજ અથવા ઉમરાહમાં દાખલ થવાની નિયત કરવી, તો ઉમરાહમાં એહરામનો અર્થ: ઉમરાહમાં દાખલ થવાની નિયત કરવી, અને હજમાં એહરામનો અર્થ: હજની નિયત કરવી, અને નિયત વગર કોઈ મોહરમ નથી બની શકતો, જો નિયત ન હોઈ તો ફક્ત એહરામના કપડા પહેરી લેવા એહરામ નહીં ગણાય.

## એહરામની સ્થિતિમાં કરવાના કાર્યો:

૧- એહરામ પહેરતા પહેલા નહાવું (સંપૂણ બદનને ધોવું).

૨- શરીર પર સુગંધ લગાવવી, એહરામના કપડામાં લગાવવી નહીં.

૩- એક સફેદ ઈજાર અને એક સફેદ ચાદર અને બે પગરખા પહેરવા.

૪- સવારીની સ્થિતિમાં કિબ્લા તરફ થઇ એહરામ બાંધવું.

## હજના પ્રકારો:

એહરામ બાંધવાવાળા વ્યક્તિ એ પોતાની ઈચ્છા મુજબ હજના ત્રણ પ્રકારોમાંથી એક અપનાવવું જોઈએ, અને તે ત્રણ પ્રકારો નીચે મુજબ છે:

૧- તમત્તુઅ: જે હજના મહિનામાં ઉમરાહ માટે એહરામ બાંધે અને તેનાથી ફારિગ થઇ તેજ વર્ષે હજ માટે એહરામ બાંધે.

૨- ઇફ્રાદ: મીકાત પર ફક્ત હજ માટે એહરામ બાંધે અને તે જ એહરામમાં હજના દરેક કાર્યો કરે.

૩- કિરાન: તે કે મીકાત પર આવી એક સાથે હજ અને ઉમરાહ અથવા ફક્ત ઉમરાહ માટે એહરામ બાંધે, ફરી તવાફ શરુ કરતા પહેલા હજને તેમાં શામેલ કરીલે, તે ઉમરાહ અને હજની નિયત મીકાત પર થી જ કરે અથવા ઉમરાહનો તવાફ શરુ કરતા પહેલા કરે, અને હજ અને ઉમરાહ બંને માટે તવાફ અને સઈ કરે.

હજ્જે તમત્તુઅ અને હજ્જે કિરાન કરનારને કુરબાની કરવી પડશે જે તે મસ્જિદ હરામનો રહેવાસી ન હોઈ.

અને ત્રણેય હજમાં શ્રેષ્ઠ હજ્જે તમત્તુઅ છે કારણકે નબી ﷺ એ પોતાના સહાબાઓને આનો જ આદેશ આપ્યો.[46] ફરી હજ્જે કિરાન, કારણકે તેમાં પણ હજ અને ઉમરાહ બંને કરવામાં આવે છે, ફરી હજ્જે ઇફ્રાદનો દરજ્જો છે.

ફરી જયારે ત્રણેય માંથી કોઈ એકની નિયત કરે તે ત્યારબાદ તલ્બીયાના આ શબ્દો કહે:

«لبيك اللهم لبيك، لبيك لا شريك لك لبيك، إن الحمد والنعمة لك والملك لا شريك لك».

«"લબ્બઇકલ્લાહુમ્મ લબ્બઇક, લબ્બઇક લા શરીક લક લબ્બઇક, ઇન્નલ હમ્દ વન્ નેઅમત લક વલ્ મુલ્ક, લા શરીક લક" (હું હાજર છું, હે અલ્લાહ ! હું હાજર છું, હું હાજર છું, તારો કોઇ ભાગીદાર નથી, હું હાજર છું, ખરેખર દરેક પ્રકારની પ્રસંશા તારા માટે જ છે અને દરેક નેઅમતો તેજ આપેલી છે, સામ્રાજ્ય તારું જ છે, તારો ભાગીદાર નથી)».

---

[46] મુસ્લિમ, હદીષ નંબર: (૧૨૧૧) (૨/૮૭૦).

આ સુન્નત છે અને વધુ વખત કહેવું જાઈઝ છે, અને પુરુષો ઉંચા અવાજે કહશે અને સ્ત્રીઓ ધીમાં અવાજે કહેશે.

તલ્બીયાનો સમય: તલ્બીયાનો સમય એહરામ બાંધવાની સાથેથી શરૂ થાય છે, અને તેનો છેલ્લો સમય નીચે પ્રમાણે છે:

૧- ઉમરાહ કરવાવાળો તવાફ શરૂ કરતા પહેલા તલ્બીના કહેવાનું છોડી દે.

૨- હજ કરવાવાળો ત્યારે તલ્બીના કહેવાનું છોડશે જયારે તે જમરએ ઉક્બા પર પથ્થર મારવાનું શરૂ કરશે.

## એહરામની સ્થિતિમાં ના કરવાના કામ:

૧- શરીરના કોઈ પણ ભાગના વાળ દૂર કરવા કે કાપવા કે ઉખાડવા.

૨- કોઈ કારણ વગર હાથ અથવા પગના નખ કાપવા, પરંતુ જો કોઈ નખ તૂટી જાય તેને અલગ કરે તો તેના પર કોઈ ફિદયો (ખંડણી) નથી.

૩- પુરુષે પોતાના માથાને કોઈ જોડાયેલી વસ્તુ વડે ઢાંકવું, જેમકે ટોપી વગેરે.

૪- પુરુષે પોતાના શરીર અથવા શરીરના કોઈ ભાગ પર સીવેલું કપડું પહેરવું, જેમકે ખમીસ, પાઘડી અથવા પાયજામો.

મુખ્બિત (સીવેલું કપડું): જે શરીરના અંગો બરાબર તૈયાર કરવામાં આવે, જેમકે પગના મોજાં, હાથના મોજાં વગેરે, અને સ્ત્રી એહરામની સ્થિતિમાં કોઈ પણ કપડા પહેરી શકે છે, કારણકે તેને પોતાનું શરીર ઢાંકવાની જરૂર હોઈ છે, પરંતુ તે બુરખો (ચહેરાને ઢાંકવાવાળું કપડું) નહીં પહેરે, પરંતુ જયારે તેની સામે કોઈ અજનબી વ્યક્તિ આવી જાય

તો કોઈ કપડાથી ચહેરો ઢાંકી લે શે, અને તે હાથના મોજાં પણ નહીં પહેરે.

૫- સુગંધ; કારણકે એહરામ બાંધવાવાળા પાસે એવી ઈચ્છા કરવામાં આવે છે કે તે રંગબેરંગી દુનિયાની અને તેના આનંદથી દૂર રહે અને આખિરત તરફ આગળ વધે.

૬- જમીન પરના શિકારને કતલ કરવું અથવા શિકાર કરવું, કારણકે એહરામ બાંધવાવાળો શિકાર નથી કરી શકતો અને ન તો તે શિકાર કરવામાં કોઈની મદદ કરી શકે છે, અને તે જનાવર પણ ઝબેહ નથી કરી શકતો અને જો એહરામની સ્થિતિમાં (જમીન પર) કોઈ શિકાર કર્યો હોય અથવા તેમાં મદદ કરી હોય અથવા તેના માટે શિકાર કરવામાં આવેલ જાનવરની શાક તે ખાઇ નથી શકતો, કારણકે તે તેના માટે એક મૃત જેવું છે, પરંતુ તે સમુદ્રમાં શિકાર કરી શકે છે, અને એવી જ રીતે પાલતું જાનવર જેમકે મરઘી, ઘેટાં બકરા વગેરે, કારણકે તે શિકાર નથી.

૭- પોતે શાદી કરે અથવા કોઈ બીજા માટે ગવાહ બને.

૮- સમાગમ જે પ્રથમ હલાલ થતા (ઈદના દિવસે ઝબેહ અને હલક કરવું) પહેલા તો તેની હજ અમાન્ય ગણાશે, પરંતુ તેને હજના દરેક કાર્યો પુરા કરવા પડશે, અને આવતા વર્ષે કઝા કરવી પડશે અને એક ઊંટ અથવા ઊંટણી ઝબેહ કરવી પડશે, અને જો તે હલાલ થયા પછી કરે તો તેની હજ માન્ય ગણાશે પરંતુ તેને દમ આપવું પડશે, અને સ્ત્રી માટે પણ આજ આદેશ છે, જો સમાગમ કરવામાં તેની ઈચ્છા શામેલ હોઈ.

૯- ગુપ્તાંગ સિવાય સ્ત્રીને ઈચ્છા સાથે સ્પર્શ કરવું, આ પણ એક એહરામ બાંધવાવાળા માટે જાઈઝ નથી કારણકે તે તેને હરામ સમાગમ તરફ દોરી જશે.

## ઉમરાહ:

અ- ઉમરાહના અરકાન:

૧- એહરામ.

૨- તવાફ.

3- સઈ.

બ- ઉમરાહના વાજિબ કાર્યો:

૧- નક્કી મિકાત પર એહરામ બાંધવો.

૨- હલક કરવું (માથાના સંપૂણ વાળ કપાવવા) અથવા થોડા થો વાળ કપાવવા.

જ- ઉમરાહનો તરીકો:

સૌથી પહેલા તવાફના સાત ચક્કર પુરા કરશે, હજરે અસ્વદથી (કાળા પથ્થર) શરૂઆત કરશે અને તેના પર જ ખત્મ કરશે, વઝૂની સ્થિતિમાં અને નાભિ થી લઇ ઘૂંટણ સુધી ગુપ્તાંગને ઢાંકી તવાફ કરશે, અને સંપૂણ તવાફ દરમિયાન ઇઝ્તિબાઅ કરવું સુન્નત છે; અને ઇઝ્તિબાઅ તે છે કે જમણા હાથને ખુલ્લો રાખવો અને ચાદરના બંને કિનારાને ડાબા ખભા મુકવા, અને સાતમું ચક્કર પૂરું થઇ જાય તો પોતાના બંને ખભાને ઢાંકી લે, અને હજરે અસ્વદ (કાળા પથ્થર) તરફ જાય, ફરી જો બોસો આપવો શક્ય હોઈ તો આપે અને જો બોસો આપવો શક્ય ન હોઈ તો શક્યતા પ્રમાણે હજરે અસ્વદને જમણા હાથ વડે ઇસ્તિલામ કરે અર્થાત્ પોતાના જમણા હાથ વડે સ્પર્શ કરશે, અને હાથથી જ બોસો આપશે, અને જો હાથ વડે સ્પર્શ કરવું પણ શક્ય ન હોઈ તો «અલ્લાહુ એકબર» એક વખત કહી જમણા હાથ વડે તેની તરફ ઈશારો કરે પણ હાથને બોસો ન આપે, અને ન તો ત્યાં ઉભો રહે, ફરી

કઅબાની ડાબે બાજુ કરી તવાફ કરશે, અને પેહલા ત્રણ તવાફમાં રમલ કરવું જાઈઝ છે, અને રમલનો અર્થ: નાના નાના પગલા ભરી જડપથી ચાલવું.

અને જયારે રુકને યમાની પાસેથી પસાર થાય -રુકને યમાની તે કઅબાનો ચોથો રુકન છે- તો જો શક્ય હોઈ તો તેને જમણા હાથ વડે સ્પર્શ કરે, ન તો તકબીર કહે ન તો બોસો આપે, અને જો સ્પર્શ કરવું શક્ય ન હોઈ તો પસાર થઇ જાય ન તો ઈશારો કરે ન તો તકબીર (અલ્લાહુ અકબર) કહે, અને રુકને યમાની અને હજરે અસ્વદ દરમિયાન આ દુઆ પઢે:

﴿رَبَّنَا آتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَفِي الْآخِرَةِ حَسَنَةً وَقِنَا عَذَابَ النَّارِ﴾ [البقرة: 201].

{"રબ્બના આતિના ફિદ્ દુનિયા હસનતવ વફિલ્ આખિરતિ હસનતવ વકિના અઝાબન્ નાર" (હે અમારા પાલનહાર ! અમને દૂનિયામાં સદકાર્ય કરવાની પ્રેરણા આપ અને આખિરતમાં પણ ભલાઇ આપ અને અમને જહન્નમના અઝાબથી બચાવી લે} [અલ્ બકરહ: ૨૦૧].

અને તવાફ પૂરો કર્યા પછી મકામે ઈબ્રાહીમની પાછળ બે રકાઅત નમાઝ પઢે -જો શક્ય હોઈ તો- અને જો જગ્યા ન હોઈ તો મસ્જિદે હરામમાં ક્યાં પણ નમાઝ પઢી શકે છે, અને પેહલી રકાઅતમાં સૂરે ફાતિહા પછી સૂરે (કાફિરૂન) પઢવી સુન્નત છે, અને બીજી રકાઅતમાં સૂરે (ઇખ્લાસ) પઢવી સુન્નત છે, ફરી તે સઈ તરફ આગળ વધશે અને સફા અને મરવા પર્વતના પર સાત ચક્કર લગાવશે, એક જવું અને એક પાછું આવવું, તે સઈ સફાથી શરૂ કરશે, જેથી તે સફા પર ચઢશે અને શ્રેષ્ઠ તે જ છે, જો શકય હોઈ તો નહીં તો તેની પાસે ઉભો રહેશે, અને સઈ શરૂ કરતી વખતે આ આયત પઢશે:

﴿إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ اللَّهِ﴾ [البقرة: 158 ]-

{સફા અને મરવહ અલ્લાહની નિશાનીઓ માંથી છે} [અલ્ બકરહ: ૧૫૮].

અને સુન્નત તે છે કિબ્લા તરફ મોઢું કરી અલ્લાહની પ્રસંશા અને તેના વખાણ કરે, અને કહે:

«لا إله إلا الله، والله أكبر، لا إله إلا الله وحده لا شريك له، له الملك، وله الحمد، يحيي ويميت، وهو على كل شيء قدير، لا إله إلا الله وحده، أنجز وعده، ونصر عبده، وهزم الأحزاب وحده».

«"લા ઇલાહ ઈલ્લલ્લાહ, વલ્લાહુ અકબર, લા ઇલાહ ઈલ્લલ્લાહ વહદહુ લા શરીક લહુ, લહુલ્ મુલ્કુ, વલહુલ્ હમ્દુ, યુહ્યી વયુમિતુ, વહુવ અલા કુલ્લી શૈઇન કદીર, લા ઇલાહ ઈલ્લલ્લાહ વહદહ, અન્જઝ વઅદહ, વનસર અબ્દહ, વહઝિમલ્ અહ્ઝાબ વહદહ" (અલ્લાહ સિવાય કોઈ ઈબાદત ને લાયક નથી, તે એકલો છે, તેનો કોઈ ભાગીદાર નથી, તેના માટે જ સામ્રાજ્ય છે અને તેનાં માટે જ પ્રશંસા છે અને તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે, અલ્લાહ સિવાય કોઈ ઈબાદત ને લાયક નથી, તે એકલો છે, તેણે પોતાનું વચન પૂરો કર્યો, અને પોતાના બંદાઓ ની મદદ કરી અને તેણે એકલા એ સંપૂણ લશ્કરને હરાવી દીધું)».

ફરી બંને હાથ ઉઠાવી દુઆ કરે, અને ઉપરોક્ત દુઆ ત્રણ વખત પઢે, ફરી સફા પરથી ઉતરી અને મરવા તરફ આગળ વધશે, અહીં સુધી કે સિગ્નલ (લીલી લાઈટ) સુધી પહોંચી જાય, તો પુરુષ બીજા સિગ્નલ સુધી જડપથી ચાલશે, અને સ્ત્રી માટે પડદાનો ખ્યાલ કરી જડપથી ચાલવું જાઈઝ નથી, પરંતુ તેણી સંપૂણ સઈ દરમિયાન શાંતિથી ચાલશે, ફરી મરવા પાસે પહોંચીને તેના પર ચઢશે અને તે જ શ્રેષ્ઠ છે, અને શક્ય ન હોઈ તો તેની પાસે ઉભો રહે, અને જે સફા પર્વત પર જે કહ્યું અને કર્યું તેજ કરે અને આ આયત પઢે:

﴿إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ اللَّهِ﴾

{સફા અને મરવહ અલ્લાહની નિશાનીઓ માંથી છે}

અને આ આયત ફક્ત સફા ચઢતી વખતે પહેલા ચક્કરમાં જ પઢવી જાઈઝ છે, અને નીચે ઉતરી, અને જડપથી ચાલવાની જગ્યા અને શાંતિથી ચાલવાની જગ્યાઓને ધ્યાનમાં રાખી સફા સુધી પહોંચે, આવી રીતે સાત વખત કરે, એક જાય ત્યારે એક ચક્કર ગણાશે અને પાછો આવે તે બીજું ચક્કર, અને સઈ દરમિયાન જેટલું શક્ય હોઈ તેટલી દુઆ પઢવી જાઈઝ છે, અને તે પણ તે નાની અને મોટી ગંદકીથી પાક થઇ જાય અને જો તે તહારત વગર સઈ કરે તો પણ પુરતી થઇ જશે, એટલા માટે જે સ્ત્રીને હૈઝ અથવા નિફાસનું લોહી આવતું હોઈ તે પણ સઈ કરી શકે છે, કારણકે સઈમાં તહારત (પાક હોવું) શર્ત નથી ફક્ત જાઈઝ છે.

જો સઈ (સફા અને મરવાની દોડ) પૂરી થઈ જાય તો હલક (સંપૂણ વાળ મૂંડાવી દેવા) અથવા તકસીર (વાળ નાના કરાવવા) કરાવે અને પુરુષ માટે હલક અફઝલ (શ્રેષ્ઠ) છે.

અને આવી રીતે તેના ઉમરાહના કાર્યો પુરા થઇ જશે.

## હજ:

### અ- હજના અરકાન:

- એહરામ.

૨- અરફામાં ઠહેરવું

૩- તવાફે ઇફાઝા

૪- સઈ.

## બ- હજના વાજિબ (જરૂરી) કાર્યો:

૧- નક્કી મિકાત પર એહરામ બાંધવો.

૨- ઝુલ્ હિજ્જાની નવમી તારીખે અરફાના મૈદાનમાં રોકાવવું, જે દિવસે રોકાઈ તે સુર્યાસ્ત સુધી રોકાઈ.

3- ઝુલ્ હિજ્જાની દસમી તારીખે અડધી રાત સુધી મુઝદલિફામાં રોકાઈ.

૪- ઝુલ્ હિજ્જાના અય્યામે તશ્રીકમાં મિનામાં રોકાઈ.

૫- જમરહને કાંકરીઓ મારવી.

૬- હલક કરવું (માથાના સંપૂણ વાળ કપાવવા) અથવા થોડા થોડા વાળ કપાવવા.

૭- તવાફે વિદાઅ.

## જ- હજનો તરીકો:

મિકાત પર પહીંચીને જો સમય ઓછો હોઈ તો હજ્જે ઇફ્રાદ માટે તલ્બીના કહે, મક્કહ પહોંચીને તવાફ અને સઈ કરે, એને એહરામની અથીતીમાં ઝુલ્ હિજ્જાની નવમી તારીખે અરફાત તરફ જાય, અને ત્યાં સુર્યાસ્ત સુધી રોકાઈ, ફરી તલ્બીના (લબ્બેક કહેવું) કહેતા કેહતા મુઝદલિફા પાછો આવી જાય, મુઝદલિફામાં રાત રોકાય અને ત્યાં ફજરની નમાઝ પઢે, અને લાલાશ આવતા સુધી દુઆ અને અલ્લાહની યાદમાં વ્યસ્ત રહે, ફરી સૂર્યોદય પહેલા જ મિના તરફ નીકળી જાય, મિનામાં આવી જમરહ ઉક્બાને સાત કાંકરીઓ મારે, ફરી હલક (સંપૂણ વાળ મૂંડાવી દેવા) અથવા તકસીર (વાળ નાના કરાવવા) કરાવે, ફરી તવાફે ઇફાઝા કરે અને પહેલી કરેલી સઈ પુરતી થઇ જશે (બીજી

વખત કરવાની જરૂર નથી), આવી રેતી તેની હજ પૂરી થઇ જશે, અને તે સંપૂણ હલાલ થઇ જશે.

હવે તેના માટે ફકત અગિયાર અને બારમી તારીખે કાંકરીઓ મારવાનું બાકી રહે છે, જો ઉતાવળ હોઈ; ફરી તે ત્રણેય જમરાત પાસે આવી દરેકને સાત સાથ કાંકરીઓ મારશે, અને દરેક કાંકરી સાથે તકબીર (અલ્લાહુ અકબર) કહેશે, તે નાના જમરાહથી શરૂઆત કરશે ફરી વચ્ચેના જમરાહ પાસે ફરી છેલ્લા જમરાહ ઉક્બા પાસે, ત્રણેય જમરાતને સાત કાંકરીઓ મારશે.

અને જો તે બારમી તારીખ પછી પણ રોકાવવા માંગતો હોઈ તો તે તેરમી તારીખે પણ એવી જ રીતે જમરાતને કાંકરીઓ મારશે જેવી રીતે તેણે અગિયારમી તારીખે મારી હતી.

કાંકરીઓ મારવાનો સમય: ત્રણેય દિવસોમાં ઝવાલ પછી.

અને જો બારમી તારીખે સુર્યાસ્ત પહેલા જ મિનાથી નીકળી જાય તો કોઈ વાંધો નહીં, અને જો તે તેરમી તારીખે ઝવાલ સુધી કાંકરીઓ મારવા રોકાય, તો તે શ્રેષ્ઠ છે, કારણકે અલ્લાહ તઆલા એ કહ્યું:

﴿فَمَنْ تَعَجَّلَ فِي يَوْمَيْنِ فَلَا إِثْمَ عَلَيْهِ وَمَنْ تَأَخَّرَ فَلَا إِثْمَ عَلَيْهِ لِمَنِ اتَّقَى﴾ [البقرة: 203.]

{બે દિવસ માટે ઉતાવળ કરનાર પર પણ કોઇ ગુનો નથી અને જે પાછળ રહી જાય તેના પર પણ કોઇ ગુનો નથી, શરત એ કે તે અલ્લાહથી ડરવાવાળાઓ હોય} [અલ્ બકરહ: ૨૦૩].

અને જે સફર કરવાનો ઈરાદો કરે તે, તવાફે વિદાઅ કરશે પણ સઈ નહીં કરે. અને જો તેની સાથે હદ્યનું જાનવર ન હોઈ તો તે શ્રેષ્ઠ છે, કે તમત્તુઅની નિયતથી એહરામ બાંધે, ફરી તે આઠમી તારીખે હજ માટે તલ્બીના (લબ્બેક) કહે, અને તે ઉપરોક્ત વર્ણન કરેલ હજના કાર્યો કરે, અને જો તે હજ અને ઉમરહ બંને માટે એહરામ બાંધે તો

પણ કોઈ વાંધો નથી, અને તેને હજ્જે કિરાન કહેવામાં આવશે, અને હજ્જે કિરાનમાં હજ અને ઉમરાહ બંને માટે એક સાથે નિયત કરવામાં આવે છે.

## મુઆમલાત (બાબતો, વ્યવહાર) નું વર્ણન

આલિમો એ આ વિભાગમાં જે જરૂરી બાબતો છે, તે વર્ણન કરી છે, જેને શીખવું દરેક માટે જરૂરી છે, અને તેઓએ આ વિષય પર ચર્ચા કરી છે, કે (આ વિષય વિષે) કેટલું જ્ઞાન પ્રાપ્ત કરવું એક મુસલમાન માટે ફરજ છે, તેમાં તેઓએ વર્ણન કર્યું: વેપારી માટે વેચાણ અને ખરીદીના આદેશોનું જ્ઞાન પ્રાપ્ત કરવુ જરૂરી છે, જેથી તે અજાણતામાં હરામ કે વ્યાજખોરીમાં ન સપડાઈ જાય, અને આ વિષય પર સમર્થન માટે કેટલાક સહાબા - રઝી.- ની કેટલીક વાતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉમર બિન ખત્તાબ -રઝી.- એ કહ્યું: (અમારા બજારમાં તે જ ધંધો કરી શકે છે, જેની પાસે દીનનું જ્ઞાન હોઈ).[47]

અલી બિન અબી તાલિબ -રઝી.- એ કહ્યું: જે વ્યક્તિ દીનના જ્ઞાન વગર વેપાર, ધંધો કરે છે, તો ખરેખર તે વ્યાજખોરીમાં સપડાઈ જશે.[48]

ઇબ્ને આબિદીને અલ્લામી દ્વારા નકલ કરી કહ્યું: (દરેક બંધન કર્તા પુરુષ અને સ્ત્રી માટે દીનની જ્ઞાન અને માર્ગદર્શન શીખ્યા પાછી આ પણ ફરજ છે કે તે વઝૂ, ગુસલ, નમાઝ અને રોઝા વિષે ઇલમ પ્રાપ્ત કરે,, અને જો તેનો માલ નિસાબ સુધી પહોંચી ગયો હોય તો ઝકાત વિષે પણ ઇલમ પ્રાપ્ત કરે અને હજનો તરીકો પણ શીખે જો તેના પર હજ વાજિબ થઇ ગઈ હોઈ) અને વેપારીઓ માટે જરૂરી છે કે તેઓ

---

[47] તિર્મિઝી, હદીષ નંબર: (૪૮૭), અને ઈમામ તિર્મિઝી રહ. એ કહ્યું: આ હદીષ હસન ગરીબ છે, અને ઈમામ અલ્બાની રહ. એ આ હદીષને હસન દરજ્જાની કહી છે.

[48] જુઓ: મુગ્ની અલ્ મોહતાજ (૨/૨૨).

વેપાર ધંધાના આદેશો શીખે, જેથી દરેક બાબતોમાં મકરૂહ (ધૃણાસ્પદ) કર્યો અને શંકા વારી વસ્તુઓથી બચી શકે, એવી જ રીતે કારીગરો પણ, અથવા કોઈ પણ કામમાં લાગેલ વ્યક્તિની પણ ફરજ બને છે કે તે તે કામ વિષેના આદેશો શીખે જેથી તે હરામમાં ન સપડાઈ જાય.

અને નવવી -રહ.- એ કહ્યું-: (વેપાર, ધંધો, શાદી અને તેના જેવા કાર્યો જે વાજિબ નથી તેની શર્તો, સ્થિતિ જાણ્યા વગર તેમાં આગળ વધવું હરામ છે).[49]

ઇસ્લામી શરીઅતમાં વર્ણન કરેલ માલ બાબતેના કાયદાઓ નીચે વર્ણન કરવામાં આવી રહ્યા છે:

૧- તે દરેક વસ્તુ જાઈઝ છે, જેમાં ખાલિસ મસલહત (શુદ્ધ અનુકુળતા) અથવા પ્રતિકુળતા હોઈ, જેમકે જાઈઝ વસ્તુઓને ખરીદવી અથવા વેચવી, ભાડે આપવું અથવા ખરીદીનો અગ્રાધિકાર આપવી.

૨- તે દરેક વસ્તુ જાઈઝ છે, જેમાં લોકોના અધિકારો સુરક્ષિત રહેતા હોઈ; જેમકે ગીરવે મુકવું અને સાક્ષી બનાવવું.

૩- તે દરેક વસ્તુ જાઈઝ છે તેના બંને પક્ષોની અનુકુળતા હોઈ; જેમકે વેચાણને સમાપ્ત કરવું, વેચાણ ખત્મ કરવાનો અધિકાર અને ખરીદી અને વેચાણમાં થતી શર્તો.

૪- તે દરેક બાબતથી રોકવામાં આવ્યા છે જેનાથી લોકો પર જુલમ થાય અથવા તેમનો અન્યાયી રીપે માલ હડપી લેવામાં આવે; જેમકે વ્યાજ, હડપવું અને ગેરકાયદેસર રીતે સંગ્રહખોરી કરવી.

---

[49] જુઓ: અલ્ મજ્મુઅ, (૧/૫૦).

૫- તે દરેક બાબતો જાઈઝ છે, જેના દ્વારા નેકીમાં સહકારી બનાય; જેમકે કરજ આપવું, ભાડે આપવું અને અમાનત સાચવવી.

૬- સખત મહેનત અને કોઈ કારણ વગર પ્રાપ્ત થતી કમાણી હરામ છે; જેમકે જુગાર અને વ્યાજ.

૭- તે દરેક બાબત હરામ છે, જેમાં અજ્ઞાનતા અને ધોખો આપવામાં આવે; જેમકે જેની માલિકી ન હોઈ અથવા જાણ ના હોઈ તે વસ્તુને વેચવી.

૮- કોઈ હરામ કાર્યને પૂર્ણ કરવા માટે યુક્તિઓ કરાવી જાઈઝ નથી; જેમકે "અયનહ"(૧) નામનો વેપાર.

(૧) એવો ધંધો જેમાં કોઈ વસ્તુને ઉધાર વેચી દેવામાં આવે, જયારે પરત કરવા માટે આવે ત્યારે ઓછી કીમતે ખરીદે, જેમકે એક ગાડીને વીસ હજાર રૂપિયે ઉધાર વેચી, તેને પંદર હજાર રૂપિયા રોકડા આપી ખરીદી લે, અને વીસ હજાર રૂપિયા સમય પૂરો થાય ત્યારે આપવા ફરજિયાત હોય, આ ધંધો પણ હરામ છે કારણકે આ પણ એક પ્રકારનું વ્યાજ છે.

૯- જે બાબત અલ્લાહની યાદથી ગાફેલ કરી દે તે હરામ છે; જેમકે જુમ્માના દિવસે બીજી અઝાન પછી વેપાર કરવો.

૧૦- જેમાં પણ કોઈ નુકસાન હોઈ અથવા તેના વડે મુસલમાનો વચ્ચે શત્રુતા થતી હોઈ તો તે પણ હરામ છે; જેમકે હરામ કરેલ વસ્તુઓને ખરીદવી અથવા વેચવી, અને એક ભાઈના સોદા પર સોદો લગાવવો.

અને જયારે કોઈ બાબત ન સમજાય તો આલિમોને પૂછે અને તેના વિષે દીનનો આદેશ શું છે, તેનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર તેમાં આગળ ન વધે,

﴿فَاسْأَلُوا أَهْلَ الذِّكْرِ إِنْ كُنْتُمْ لَا تَعْلَمُونَ﴾ [النحل: 43].

જેમકે અલ્લાહ તઆલા એ કહ્યું: {બસ ! જો તમે ન જાણતા હોવ તો જ્ઞાનવાળાઓને પૂછી લો} [અન્ નહલ: ૪૩].

આ વિભાગમાં આટલી વાતોનો જ ઉલ્લેખ કરવો શક્ય છે, હું અલ્લાહથી દુઆ કરું છું કે અલ્લાહ આપણને ફાયદાકારક જ્ઞાન અને સત્કાર્યો કરવાની તૌફીક આપે, ખરેખર તે ઉદાર અને પ્રતિષ્ઠિત છે.

અને ઘણા દરૂદ અને સલામતી ઉતરે આપણા નબી મુહમ્મદ ﷺ પર, તેમના સંતાન અને તેમના દરેક સાથીઓ પર.

# અનુક્રમણિકા

પ્રસ્તાવના ....................................................................2
પહેલો ભાગ....................................................................4
અકીદહનું વર્ણન. ....................................................................4
પહેલો વિભાગ: ઇસ્લામનો અર્થ અને તેના અરકાન (સ્તંભ).4
તૌહીદની મહત્ત્વતા:....................................................................5
બીજો વિભાગ: ઈમાનનો અર્થ અને તેના અરકાન (સ્તંભો) ..9
અ- અલ્લાહ પર ઈમાન: ....................................................................10
શિર્કના પ્રકારો:....................................................................13
કુફ્રના પ્રકારો:....................................................................16
બ- ફરિશ્તાઓ પર ઈમાન:....................................................................18
જ- કિતાબો પર ઈમાન: ....................................................................19
દ- પયગંબરો પર ઈમાન:....................................................................20
હ- આખિરતના દિવસ પર ઈમાન:....................................................................21
અ- ફરીવાર જીવિત થઈ ઉઠાવવા પર ઈમાન: ....................................................................21
બ- હિસાબ અને બદલો મળવા પર ઈમાન:....................................................................22
જ- જન્નત અને જહન્નમ પર ઈમાન:....................................................................22
વ- સારી અને ખરાબ તકદીર પર ઈમાન:....................................................................22
ત્રીજો વિભાગ: અલ્ અહેસાન....................................................................24

ચોથો વિભાગ: અહલે સુન્નત વલ્ જમાઅતના ઉસૂલ અને નિયમો:....................................................................25
બીજો વિભાગ:....................................................................27
ઈબાદતોનું વર્ણન....................................................................27
પહેલો વિભાગ: પાકી સફાઈનું વર્ણન....................................................................27
ત્રીજો: તે અમલ જે હદષ (નાપાક) વ્યક્તિ માટે હરામ છે:.31
ચોથું: પેશાબ પાખાનાના આદાબ:....................................................................33
પાંચમું: પથ્થર વડે ઇસ્તિનજા કરવાનો હુકમ:....................................................................34
છઠ્ઠું: વુઝુના આદેશો:....................................................................35
સાતમું: દરેક પ્રકારના મોજા પર મસો કરવાનો આદેશ:.....38
આઠમું: તયમ્મુમના આદેશો:....................................................................40
નવમુ: હૈઝ અને નિફાસના આદેશો:....................................................................43
બીજો વિભાગ: નમાઝ....................................................................45
પહેલું: અઝાન અને ઇકામતના આદેશો:....................................................................45
બીજું: નમાઝનો દરજ્જો અને તેની મહત્ત્વતા:....................................................................50
ત્રીજું: નમાઝની શર્તો:....................................................................52
ચોથું: નમાઝના રુકનો:....................................................................54
પાંચમું: નમાઝની ફરજો:....................................................................60
છઠ્ઠું: નમાઝની સુન્નતો:....................................................................61
સાતમું: નમાઝ પઢવાનો તરીકો:....................................................................64
આઠમું: નમાઝ દરમિયાન ન કરવાના કાર્યો:....................................................................69
નવમું: નમાઝને બાતેલ કરવાવાળી બાબતો:....................................................................70

દસમું: સજદએ સહવ (નમાઝમાં કોઈ ભૂલચૂક થઇ હોઈ ત્યારે કરવામાં આવતો સિજદો):....................................................71
અગ્યારમુ: તે સમયો જેમાં નમાઝ પઢી શકાય નહીં:..........73
બારમું: નમાઝની જમાઅત: ..............................................73
તેરમું: સલાતુલ્ ખવ્ફ (ભયના સમયે પઢવામાં આવતી નમાઝ). ..........................................................................76
ચૌદમુ: જુમ્માની નમાઝ: ..................................................79
પાંચમું: માઝૂર (પીડિત) લોકોની નમાઝ: ..........................83
સોળમું: ઇદની નમાઝ: .......................................................86
સત્તરમુ: સલાતુલ્ કુસૂફ (સુર્ય અને ચંદ્ર ગ્રહણની નમાઝ): .89
અઢારમુ: સલાતુલ્ ઇસ્તિસકાઅ: ........................................91
ઓગણીસમુ: જનાઝાના આદેશો: ........................................92
ત્રીજો વિભાગ : ઝકાત .......................................................96
૧- ઝકાતની વ્યાખ્યા અને તેનો દરજજો:..........................96
૨- ઝકાતને વાજિબ કારવાવાળી શરતો: ...........................97
3- જે માલમાં ઝકાત વાજિબ છે:......................................98
ચોથો વિભાગ:..................................................................111
રમઝાનના રોઝા ફર્ઝ થવાની શરતો:...............................112
પાંચમો વિભાગ: હજ ......................................................121
હજની શાબ્દિક અને ઇસ્લામી વ્યાખ્યા: ...........................121
હજ અને ઉમરાહ વાજિબ થવાની શર્તો:..........................122
એહરામની મિકાતો: ........................................................124

એહરામ: ....................................................................126
ઉમરાહ: ....................................................................130
હજ: ..........................................................................133
ત્રીજો વિભાગ:..............................................................137
મુઆમલાત (બાબતો, વ્યવહાર) નું વર્ણન..............................137